*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૩૧


## * દરિયો *

દરિયો.....કેટલો વિશાળ ને કેવો ગંભીર ! કેવી ઠંડી હવા આવે છે એના કિનારે ! –એના કરતાંય એને જાણનારા આ ચૈતન્યદરિયાની વિશાળતા અને ગંભીરતા કોઈ અજબ છે! આ ચૈતન્યદરિયાના કિનારે આવતાં, એટલે કે એની સન્મુખ થઈને એનો વિચાર કરતાં પણ અંદરથી શાંતિની કોઈ અનેરી હવા આવે છે. અહા, આનંદમય રત્નોથી ભરેલો આ દરિયો, –કેવો મહાન ! –જેને દેખતાં મન તૃપ્તિ પામે, ને દીર્ઘકાળ સુધી દેખ્યા કરીએ તોપણ થાક ન લાગે.

એ આનંદના દરિયામાં ડુબકી મારીને મગ્ન થયેલા સંતો આપણને પણ બોલાવે છે કે હે જીવો ! તમે અહીં આવો અને અત્યંત ગંભીરપણે, અંતરમાં ઊંડે ઊંડે આનંદતરંગથી ઉલ્લસી રહેલા આ જ્ઞાનસમુદ્રમાં મગ્ન થાઓ.


તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર * સંપાદક : બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૭, વૈશાખ ( લવાજમ : ચાર રૂપિયા ) વર્ષ ૨૮ : અંક ૭

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# * વી ત રા ગ મા ર્ગ ના સા થી દા ર *

( સંપાદકીય )

## જ્ઞાનસમુદ્ર ઉલ્લસે છે.....એ સમ્યક્રત્નો આપે છે.....

આત્માની સાધનામય જેમનું જીવન છે, અને સદાય આપણને આત્મસાધનાની જ પ્રેરણા જેઓ આપે છે-એવા પૂજ્ય શ્રી કહાનગુરુનો મંગલ-જન્મોત્સવ એટલે આત્માની સાધનાનો ઉત્સવ.

એવા ગુરુદેવની ૮૨મી જન્મજયંતીનો ઉત્સવ હમણાં પોરબંદરમાં સમુદ્રકિનારે હજારો ભક્તોએ આનંદથી ઊજવ્યો....ગુરુદેવની મંગલ છાયામાં બેઠા હોઈએ ત્યારે જાણે કે પરમગંભીર ચૈતન્યસમુદ્રના કિનારે જ બેઠા હોઈએ-એવા શીતળ આનંદના વાયરા આવે છે. ઠેઠ કિનારા સુધી લાવીને ગુરુદેવ આપણને કહે છે કે-જો ભાઈ! આ ચૈતન્યદરિયો તારી સામે જ ઉલ્લસી રહ્યો છે, હવે તેમાં તું મગ્ન થા! એની ગંભીરતાનું માપ તું જાતે અંદર ઊતરીને કર.

સવારે-બપોરે એકેક કલાક શાંતરસથી ઉલ્લસતા પ્રવચન સમુદ્રની શીતળ લહેરીઓનો સ્વાદ ચાખ્યા પછી, આખાય ચૈતન્યસમુદ્રને દેખવાનું દિલ થાય છે; પછી એ ઊંડા સમુદ્ર સિવાય કાંઠાનાં કાદવમાં ચેન પડતું નથી. અહા! ગુરુદેવ! આપ પોતે તો દરિયા જેવા ગંભીર છો, ને આપ જે તત્ત્વ બતાવી રહ્યા છો તે પણ દરિયા જેવું પરમ ગંભીર છે. દરિયામાં મેલ સમાય નહિ, દરિયો સ્વયં ઉલ્લસીને મેલને બહાર ફેંકી દે છે, તેમ આ ચૈતન્ય દરિયામાં પરભાવરૂપી મેલ પ્રવેશી શકતા નથી. આનંદથી ઉલ્લસતો ચૈતન્યદરિયો પરભાવોના મેલને બહાર ફેંકી દે છે. આનંદના આવડા મોટા નિર્મળ દરિયાને આત્મામાં જ સમાવી દેનાર, અને એ દરિયાનું મંથન કરી કરીને સમ્યક્ત્વાદિ અનંત રત્નોને પ્રાપ્ત કરાવનાર હે ગુરુદેવ! આપે દરિયાથી પણ મહાન એવો ચૈતન્યદેવ અમને દેખાડયો. આપના અવતારથી આ ભરતક્ષેત્રના જીવોને પોતામાં જ પરમાત્માની પ્રાપ્તિ થઈ. આજે અમને અપાર આનંદ છે...અપાર ઉલ્લાસ છે....આપના મંગલ-આશીષથી વીતરાગ માર્ગમાં સદાકાળ આપની સાથે જ રહેશું, -એવા આનંદ-ઉલ્લાસપૂર્વક આપશ્રીને અભિનંદીએ છીએ-અભિવંદીએ છીએ.

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વાર્ષિક
લવાજમ
ચાર રૂપિયા

વીર સં. ૨૪૯૭
વૈશાખ
May, 1971

* વર્ષ ૨૮ : અંક ૭ *

# મહાવીરના માર્ગની પ્રસિદ્ધિ

## ભગવાન મહાવીરે આત્માના અનુભવવડે મોક્ષને સાધ્યો, તમે પણ આજે જ એવો અનુભવ કરો.

*****

ચૈત્ર સુદ તેરસના મંગલદિને, સોનગઢમાં શ્રી હીરાભાઈની બંગલી–કે જ્યાં સં. ૧૯૯૧ માં ગુરુદેવે વીતરાગમાર્ગની પ્રસિદ્ધિ કરી. –ત્યાં પ્રવચન કરતાં ગુરુદેવ કહ્યું કે–આત્માની અનુભવદશા વડે મોક્ષ સધાય છે. આ મહાવીરનો માર્ગ છે ને આજ મહાવીરનો ઉપદેશ છે. જે જીવ આવો માર્ગ સમજીને પોતામાં પ્રગટ કરે તેનો અવતાર સફળ છે...તેણે મહાવીર ભગવાનને ખરેખર ઓળખીને તેમનો મહોત્સવ ઉજવ્યો, અને તેણે પોતામાં મહાવીરના વીતરાગમાર્ગને પ્રસિદ્ધ કર્યો.

આજે ચૈત્ર સુદ તેરસ, ભગવાન મહાવીરનો જન્મદિવસ છે. આજથી ૨૫૬૯ વર્ષ પહેલાં ભગવાન આ ભરતભૂમિમાં વેશાલીનગરીમાં અવતર્યા હતા. ભગવાનનો જન્મ મંગલરૂપ હતો, તેઓ જન્મથી જ અતીન્દ્રિય આત્માના જ્ઞાનસહિત હતા. પહેલાં અનાદિથી સંસારમાં રહેલા તે જીવે સિંહના ભવમાં મુનિઓના ઉપદેશથી સમ્યક્ત્વ

પ્રગટ કર્યું, એટલે કે અતીન્દ્રિય આત્માના આનંદનો અનુભવ કર્યો, ને પછી આત્માની ઉન્નતિ કરતાં કરતાં આ છેલ્લા ભવમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને પાવાપુરીથી મોક્ષ પધાર્યા; ત્રણ વર્ષ પછી તેને અઢી હજાર વર્ષ પૂરા થશે ને તેનો મોટો ઉત્સવ ઉજવાશે.

જ્ઞાનની સ્મૃતિના બળે સાધક જીવ વચ્ચેનો કાળ દૂર કરીને કહે છે કે ભગવાન આજે જ જન્મ્યા. ભગવાનને દેહથી ભિન્ન આત્માનું જ્ઞાન તો પૂર્વે અનેક ભવોથી હતું; અતીન્દ્રિય આનંદના સ્વાદનો અનુભવ હતો; એવી અનુભવદશા ઉપરાંત અવધિજ્ઞાનસહિત ભગવાન મહાવીરનો આત્મા ત્રિશલારાણીની કૂંખે સવાનવ માસ રહ્યા, તે વખતે પોતે પોતાને દેહથી ભિન્ન જાણતા હતા. ત્રીસ વર્ષ સુધી કુમાર અવસ્થામાં રહ્યા. લગ્ન તો તેમણે કર્યું ન હતું. ત્રીસવર્ષની વયે જાતિસ્મરણ થતાં તેઓ વૈરાગ્ય પામ્યા ને આત્મધ્યાન સહિત વનજંગલમાં વિચરવા લાગ્યા. બાર વર્ષ સુધી મુનિઅવસ્થામાં જ્ઞાન–ધ્યાન સહિત વિચર્યા; ને વૈશાખ સુદ દશમના રોજ સમ્મેદશિખરની નજીક ૠજુવાલિકા નદીના તીરે ક્ષપકશ્રેણી માંડીને લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાન પ્રગટ કરીને અરિહંત પરમાત્મા થયા. અને પછી રાજગૃહીમાં વિપુલાચલ પર અષાઢ વદ એકમથી દિવ્યધ્વનિવડે જગતને મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો. તે ઉપદેશ ગણધરોએ ઝીલીને શાસ્ત્રોની રચના કરી, ને વીતરાગ માર્ગી સંતોની પરંપરાથી તે શાસ્ત્રો ચાલ્યા આવે છે. તેમાંથી એક આ નિયમસાર છે; તેમાં આ ૪૦ મી ગાથાનો શ્લોક વંચાય છે. તેમાં કહે છે કે–

હે જગતના જીવો! આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, પરભાવોનો તેમાં પ્રવેશ નથી, તેથી ઓળખાણ કરીને અનાદિના મોહને હવે છોડો.

આત્મા તો અનાદિનો છે, તે કાંઈ નવો થયો નથી; દેહ નવા નવા બદલાયા, પણ આત્મા તો એનો એ અનાદિકાળથી છે; તેણે અનાદિથી શું કર્યું ? કે પોતાના સ્વરૂપને ભૂલીને મોહ કર્યો. હવે તે મોહને છોડવા માટે આ ઉપદેશ છે.

આ ભવ પહેલાં પૂર્વ ભવમાં આત્મા હતો; અને તે ક્યાં હતો તેનું જ્ઞાન પણ થઈ શકે છે. અનેક જીવો જાતિ–સ્મરણ જ્ઞાન વડે પોતાના પૂર્વ ભવને જાણનારા મોજુદ છે. જેમ કાલે આત્મા ક્યાં હતો તેનું જ્ઞાન થાય છે તેમ આ ભવ પહેલાં પૂર્વના ભવોમાં આત્મા ક્યાં હતો તેનું પણ જ્ઞાન થઈ શકે છે. આત્માના જ્ઞાનની અચિંત્ય તાકાત છે.

આત્મા દેહથી જુદો અનાદિનો જ્ઞાન–આનંદસ્વરૂપ છે; અજ્ઞાનને લીધે આત્માને પોતાના આનંદની ખબર નથી, છતાંપણ તે પોતે આનંદથી ભરેલો જ છે; આનંદસ્વભાવ છે તેનો કાંઈ નાશ થયો નથી. જ્યારે જાગે ને જ્ઞાનચેતનારૂપ થઈને અંતરમાં દેખે ત્યારે પોતાના આનંદનો અનુભવ થાય છે. –આવો અનુભવ હે જીવ! તું આજે જ કર.

આત્મા સદાય જ્ઞાનસ્વરૂપે પ્રકાશમાન છે; રસિક જનોને આવો આત્મા રુચિકર છે–વહાલો છે. હે જીવ! તું સર્વ તરફથી પ્રકાશમાન એવા જ્ઞાનસ્વરૂપને અનુભવમાં લે. જ્ઞાન જ આત્માનો સમ્યક્ સ્વભાવ છે; રાગ કાંઈ આત્માનો સ્વભાવ નથી; તે તો પરભાવ છે, ને દેહ તો જડ છે. બાપુ! હવે તે પરભાવોના વેદનને રહેવા દે, ને તારા આનંદસ્વભાવના સ્વાદને ચાખ. આવા આત્માને દેખતાંવેંત તારો અનાદિનો મોહ છૂટી જશે, ને આત્માની અનુભવદશા વડે મોક્ષપંથ પ્રગટ થશે. આ મહાવીરનો માર્ગ છે, ને આ જ મહાવીરનો ઉપદેશ છે. ભગવાન મહાવીર આવા માર્ગે મોક્ષ પધાર્યા ને જગતને માટે પણ આવો જ મોક્ષમાર્ગ બતાવ્યો. જે જીવ આવો માર્ગ સમજીને પોતામાં પ્રગટ કરે તેનો અવતાર સફળ છે; તેણે મહાવીર ભગવાનને ખરેખર ઓળખીને તેમનો મહોત્સવ ઉજવ્યો. અને તેણે પોતામાં મહાવીરના વીતરાગ માર્ગને પ્રસિદ્ધ કર્યો.

અહા, આવું પરમ ચૈતન્યતત્વ! –તેમાં જડનો પ્રવેશ નથી, રાગાદિ પરભાવનો પ્રવેશ નથી, ભેદના વિકલ્પનો પ્રવેશ નથી, એ તો બધા તેનાથી બહાર ને બહાર રહે છે; અંતરના ચૈતન્યતત્ત્વને અનુભવમાં લેતાં પરમ આનંદરૂપ આત્મા અનુભવમાં આવે છે. આવો અનુભવ તે ભવચક્રથી છૂટવાનો ઉપાય છે. આવો મોંઘો મનુષ્યભવ મળ્યો તો ભવના અભાવનો ભાવ પ્રગટ કર. તું અનાદિથી અજ્ઞાનને લીધે ક્ષણેક્ષણે ભયંકર ભાવમરણ કરી રહ્યો છે ને દુઃખી થઈ રહ્યો છે, તો હવે અંતરમાં વિચાર તો કર કે આત્માનું ખરું સ્વરૂપ શું છે? આ દેહની તો રાખ થશે, તે રાખથી ભિન્ન ચૈતન્યતત્ત્વ પોતે કોણ છે તેને જરાક લક્ષમાં તો લે! શીઘ્ર–ત્વરાથી આત્માને ઓળખ. તેમાં પ્રમાદ ન કર. પ્રમાદ કરીશ તો આ મોંઘો અવસર ચાલ્યો જશે.

અહા, મહાવીર ભગવાને જન્મીને આત્માના પરમાત્મપદને સાધ્યું, કેવા આત્માની સાધના કરી–તેનું આ વર્ણન છે. બાપુ! તારા અંતરમાં પણ આવું જ

પરમાત્મતત્ત્વ બિરાજમાન છે, તેમાં નજર કરીને અનુભવ કરતાં આનંદ થશે....ને તારા ભવના અંત આવશે. માટે હે જીવ! આજે જ ત્વરાથી તારી ચૈતન્યસંપદાને અનુભવમાં લે.

શ્રી મુનિરાજ ચૈતન્યપદની સંપદા બતાવતાં પ્રમોદથી કહે છે કે–અહો, આ આત્મા પોતે સદાય શુદ્ધચિદાનંદરૂપી સંપદાઓની ખાણ છે, એ જ ઉત્કૃષ્ટ ખાણ છે. જગતમાં સોના–રૂપા–હીરાની ખાણ થાય છે તે કાંઈ ઉત્કૃષ્ટ નથી, તે તો જડ પુદ્ગલની રચના છે; આત્મા ચૈતન્યરત્નોની ઉત્કૃષ્ટ ખાણ છે; આત્માની ચૈતન્યસંપદામાં કોઈ ઉપાધિ નથી, તેમાં વિપદા નથી. આવા આત્માને જ અમે નિજપદ તરીકે અનુભવીએ છીએ, બીજા તો બધા અપદ છે, અપદ છે.

ભાઈ, આવી ઉત્કૃષ્ટ ચૈતન્યસંપદા તારી ખાણમાં જ પડી છે, તેને તું સાધ....તેને સાધવામાં કોઈ ક્લેશ નથી, દુઃખ નથી; તેને સાધવામાં તો આનંદની પ્રાપ્તિ છે. ભગવાન મહાવીરે આવા આત્માની સાધના પૂર્વ ભવોમાં શરૂ કરી હતી. તેમાં આગળ વધતાં વધતાં આ ભવમાં આનંદની પૂર્ણતા કરીને સાક્ષાત્ પરમાત્મા થયા. તેમનું સ્મરણ કરીને તેમના માર્ગને સાધવો તે સાચો મહોત્સવ છે.

અરે પ્રભુ! સુખની સંપદા તો તારામાં હોય, કે જડમાં હોય? જડસંપદામાં તારું સુખ નથી. સુખની સંપદાવાળો તો તું પોતે જ છો. તારી ચૈતન્યસંપદામાં કોઈ વિપદા નથી. માન–અપમાનના વિકલ્પો કે નિંદા–પ્રશંસાના શબ્દો તેમાં પ્રવેશી શકતા નથી. માન મળતાં ફૂલાઈ જાય, કે અપમાન થતાં કરમાઈ જાય–એવું આ ચૈતન્યતત્ત્વ નથી; ચૈતન્યતત્ત્વ તો સદાય આનંદમય છે,–જેમાં કદી વિપદા આવતી જ નથી.

અરે જીવ! પોતાની સંપદાનો કદી તેં વિચાર કર્યો નથી, તેને જોવાનો પ્રયત્ન કર્યો નથી, જ્ઞાની પાસેથી સાંભળીને અંદર મનન કર્યું નથી, પણ હવે આ અપૂર્વ ટાણાં મળ્યા છે, જ્ઞાની સંતો તને તારી મહાન ચૈતન્યસંપદા બતાવે છે, તો તે સાંભળીને બહુમાનપૂર્વક તેનું મનન કર, અંદર વિચાર કર, ને અંતરના પ્રયત્નવડે તારી આનંદ સંપદાને દેખ. અરે, એકવાર તો અમે કહીએ તેવો નિર્ણય કર. સુખની આ મૌસમ છે; આનંદનો પાક પાકે ને અનંતકાળનું સુખ મળે એવું તારું અતીન્દ્રિય ચૈતન્યધામ છે. સંતો આવા આનંદધામને અનુભવે છે ને તમે પણ આજે જ તેનો અનુભવ કરો.

પોતાના અનુભવની સાક્ષી સહિત શ્રી મુનિરાજ કહે છે કે–હું આવા આનંદને અનુભવું છું ને તમને પણ આવા આનંદનો અનુભવ કરવા માટે આમંત્રુ છું. આવો અનુભવ થઈ શકે છે, માટે તમે તેવો અનુભવ પ્રગટ કરીને તમારી ચૈતન્યસંપદાને પામો.

શુભ કે અશુભ તે તો બધા વિષવૃક્ષનાં ફળ છે; તેનાથી પાર એવું જે ચૈતન્યતત્ત્વનું અમૃત છે તેને અમે અનુભવીએ છીએ, અને હે જીવો! તમે પણ આ સહજ ચૈતન્યઅમૃતને હમણાં જ ભોગવો. વિલંબ ન કરો–આળસ ન કરો, હમણાં જ અંતર્મુખ થઈને તેને અનુભવો. પોતાનું તત્ત્વ પોતામાં જ છે, –પોતે પોતાના અનુભવમાં વિલંબ શો? જે જીવ હમણાં જ આવા આત્મતત્ત્વને અનુભવે છે તે અલ્પકાળમાં મુક્તિને પામે છે, –તેમાં કોઈ સંશય નથી.

અનુભવ કરનાર પોતે પોતાના મુક્તસ્વરૂપને પોતામાં દેખે છે. એટલે મોક્ષને માટે તેને કોઈ સંદેહ રહેતો નથી. શુભાશુભથી પાર ચૈતન્યના આનંદનો જ્યાં અનુભવ થયો ત્યાં મોક્ષના આનંદનો નમૂનો આવી ગયો; ને અલ્પકાળમાં સાક્ષાત્ મોક્ષદશા પ્રગટ કરીને તે પોતે સિદ્ધપરમાત્મા થઈ જશે.

**આવો મહાવીર ભગવાનનો માર્ગ છે.**

**ભગવાન મહાવીરે આત્માના અનુભવ વડે મોક્ષને સાધ્યો........**

**તમે પણ આજે જ એવો અનુભવ કરો.**

## -નિઃશંકતા-

**આ માર્ગના સેવનથી આત્માને જન્મ–મરણનો અભાવ થશે અને મોક્ષસુખની પ્રાપ્તિ થશે–એવી નિઃશંકતા પૂર્વક સત્ય માર્ગનો નિર્ણય થવો જોઈએ. સાચો માર્ગ જાણે અને આવી નિઃશંકતા ન થાય એમ બને નહીં.**

## - સાચી શ્રદ્ધા-

**શુદ્ધાત્માની સન્મુખ શ્રદ્ધા તે જ સાચી શ્રદ્ધા છે. વ્યવહારના પક્ષમાં જે રોકાય છે તેને સાચી શ્રદ્ધા નથી. શુભ કર્મને જ ધર્મ માનનારા તેઓ મિથ્યાશ્રદ્ધાની છે.**

# સોનગઢ-લાઠી-જેતપુર -ગીરનાર-માળીયા *

ચૈત્ર સુદ પૂનમના રોજ સોનગઢથી મંગલપ્રસ્થાન કરીને પૂજ્ય ગુરુદેવ લાઠી પધાર્યા, ત્યાંથી જેતપુર પધાર્યા; જેતપુરથી ચૈત્ર વદ ત્રીજના રોજ ગીરનાર સિદ્ધધામમાં દર્શન કરવા પધાર્યા; આ પ્રસંગે પૂ. બેનશ્રી–બેન, તેમજ બીજા સેંકડો મુમુક્ષુ ભાઈ–બહેનો પણ આવ્યા હતા; ગુરુદેવે નેમપ્રભુની ભક્તિ કરી હતી, ને ગીરનાર સન્મુખ ભક્તિથી સૌને હર્ષ થયો હતો. આ રીતે ગીરનારતીર્થની નાનકડી યાત્રામાં પણ મોટો આનંદ આવ્યો હતો. આ પ્રસંગે ગીરનાર તળેટીમાં બિરાજમાન સંઘના શ્રી મલ્લિસાગરજી મહારાજને કાનમાં ત્રણવાર નમસ્કારમંત્ર કાનજીસ્વામીએ સંભળાવ્યા હતા; અને તે જ રાત્રે શ્રી મલ્લિસાગરજી સ્વર્ગવાસ પામ્યા હતા. છેલ્લા ત્રણ દિવસથી તેમને આહાર–પાણીનો સંપૂર્ણ ત્યાગ હતો.

ચૈત્ર વદ ચોથે પૂ. ગુરુદેવ જેતપુરથી કેશોદ થઈને હાટીના–માળીયા ( –તે સ્વ. બ્ર. રમાબેનના ગામે ) પધાર્યા; ઉલ્લાસથી સ્વાગત કરીને ગ્રામ્યજનતાએ પણ બે દિવસ અધ્યાત્મ ઉપદેશ હોંશથી સાંભળ્યો. ત્યારબાદ ચૈત્ર વદ છઠ્ઠે પૂ. ગુરુદેવ પોરબંદર તરફ પધાર્યા.

### 卐 માળીયાના પ્રવચનમાંથી થોડીક પ્રસાદી 卐

આ સમયસાર શાસ્ત્ર છે.

‘સમયસાર’ એટલે શું ? આ દેહથી ભિન્ન અંદર જે આત્મા છે તેને ‘સમયસાર’ કહેવાય છે; તેનું સ્વરૂપ બતાવનારું આ શાસ્ત્ર સમયસાર છે.

જે અરિહંત અને સિદ્ધપરમાત્મા થયા તે ક્યાંથી થયા ? તે પરમાત્મપણું ક્યાંય બહારથી નથી આવ્યું પણ આત્મામાં જ તેવો જ્ઞાન–આનંદ સ્વભાવ છે તે સ્વભાવમાંથી જ પરમાત્મપણું પ્રગટ થયું છે.

જેમ ચણામાં મીઠાશ છે ને લીંડી પીપરમાં તીખાશ છે, તે બહારથી નથી આવતી પણ અંદર ભરી છે તે જ પ્રગટે છે, તેમ દરેક આત્મા જ્ઞાન–આનંદ સ્વભાવે પૂરો ભરેલો ભગવાન છે, તેનું ભાન કરતાં તે પ્રગટે છે.

પોતાના આત્માની ઓળખાણ કરીને પરમાત્મા કેમ થવાય?–તે વાત અહીં રાજાની સેવાના દ્રષ્ટાંતથી સમજાવે છે. (સમયસાર ગાથા ૧૭–૧૮)

જે આત્માનો અર્થી હોય, આત્મા જેને વહાલો હોય, તે ઉદ્યમપૂર્વક આત્માનું સ્વરૂપ જાણીને તેની શ્રદ્ધા કરે છે, ને પછી તેમાં જ સ્થિર થઈને તેનું સેવન કરે છે. –આમ કરવાથી પરમ સુખ થાય છે. જેમ ધનનો અભિલાષી જીવ પ્રથમ તો લક્ષણ વડે રાજાને ઓળખે છે ને શ્રદ્ધાપૂર્વક તેની સેવા કરે છે, અને રાજા પ્રસન્ન થઈને તેને ધન આપે છે. તેમ ચૈતન્ય રાજા એવો આ આત્મા અનંત ચૈતન્ય વૈભવસંપન્ન છે; તેનો ઈચ્છુક મુમુક્ષુ જીવ ઉપયોગલક્ષણવડે બરાબર ઓળખીને તેની શ્રદ્ધા કરે છે અને તેમાં એકાગ્ર થઈને તેને સેવે છે; ત્યાં ચૈતન્યરાજા પોતે પ્રસન્ન થઈને પોતાને જ્ઞાન–આનંદનો વૈભવ આપે છે.

પોતે જ દાતાર, ને પોતે જ લેનાર; કોઈ બીજા પાસે માંગવું પડે તેમ નથી. પણ તે માટે પોતે પોતાનું સ્વરૂપ ઓળખીને તેની સેવા (એટલે કે જ્ઞાન–શ્રદ્ધા–એકાગ્રતા) કરવી જોઈએ. આત્માને તો ઓળખે નહી ને શરીરને કે રાગને સેવે તો કાંઈ મળે નહીં. જ્યાં હોય ત્યાંથી મળેને? શરીરમાં ને રાગમાં કાંઈ તારું સુખ નથી કે તેની સેવાથી તને સુખ મળે! સુખનો ભંડોર તો તારો આત્મા પોતે છે; તેનું સાચું સ્વરૂપ ઓળખતાં તે સુખ અનુભવાય છે. ધર્મ અને સુખ તેને કહેવાય કે જેમાં આત્માનો સ્પર્શ થાય –અનુભવ થાય–સાક્ષાત્કાર થાય; પરમાત્મા પોતામાં જ દેખાય.

શરીર તે હું છું, મનુષ્ય હું છું–એમ અજ્ઞાનથી જીવ પોતાને શરીરરૂપ માને છે; પણ શરીરથી ભિન્ન ચૈતન્યતત્ત્વ પોતે કોણ છે તે ઓળખતો નથી. બાપુ! ઘણાં પુણ્ય કરવાથી આ મનુષ્ય અવતાર મળ્યો છે, તેમાં આત્માનું હિત કેમ થાય તેનો વિચાર કર. ૧૬ વર્ષની વયે શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે–હે જીવ! બહારમાં લક્ષ્મી–કુટુંબ વગેરેમાં તારું સુખ નથી, તેની મમતાથી તો તું મનુષ્યભવ હારી જઇશ; પરમાં સુખ માનતાં તારા આત્માનું સુખ ભુલાઈ જશે. માટે તું વિચાર તો કર કે આત્માને સાચું સુખ કેમ થાય? ને ક્ષણક્ષણનું ભયંકર ભાવમરણ કેમ મટે?

દેહથી જુદો, જાણનાર સ્વરૂપી હું કોણ છું? દેહનો નાશ થવા છતાં અવિનાશી રહેનારો હું કોણ છું? એમ અંદર શાંતિથી, પરભાવોથી જુદો પડીને તારા આત્માનો વિચાર કર, તો અંતરમાં તને તારા આત્માનો અનુભવ થશે. આત્માના

આવા અનુભવ વગર ચારે ગતિમાં અનંત અવતાર તેં કર્યાં; –પણ અજ્ઞાનથી તું ભૂલી ગયો. હવે આ મનુષ્યપણામાં એવો ઉપાય કર કે જેથી ભવભ્રમણનું દુઃખ ન રહે, ને આત્માનું સાચું સુખ પ્રગટે. સુખને માટે, ધર્મને માટે પહેલામાં પહેલું શું કરવું ? કે અંદર પોતાના આત્માને અનુભૂતિવડે ઓળખવો. અનુભૂતિ એટલે ઉપયોગસ્વરૂપ આત્મા, ઉપયોગસ્વરૂપે જે અનુભવાય છે તે જ હું છું–આમ અનુભૂતિસ્વરૂપ પોતાના આત્માને ઓળખવો.

* * *

### જિનવાણી માતા જગાડે છે-

## હે જીવ ! હવે તો તું જાગ

મોહથી મુર્છિત જીવને આચાર્યદેવ જગાડે છે કે હે જીવ ! હવે તો તું જાગ ને તારી નિજશક્તિને સંભાળ. અનંતકાળથી મોહમૂર્છામાં તું સૂતો પણ હવે તો આ જિનવચનરૂપી અમૃતવડે તું જાગ. અહા, જિનવાણીમાતાજી પ્રેમથી જગાડે છે, સન્તો કરુણાથી જગાડે છે, તો હે ભાઈ ! હવે તો તું જાગ....હવે તારી શક્તિના નિજવૈભવને દેખ. અનાદિથી મોહનિદ્રામાં સૂતો ને નિજવૈભવને ભૂલ્યો, પણ હવે આ સમયસારના મંત્રો વડે તું જાગ..... જાગીને તારા આત્મવૈભવને દેખ. હવે જાગીને મોક્ષમાં જવાનાં ટાણાં આવ્યા છે. ૧૬ વર્ષ કરતાંય નાની વયમાં શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે કે ‘રાત્રિ વ્યતિક્રમી ગઈ; પ્રભાત થયું; નિદ્રાથી મુક્ત થયા, હવે ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.

# ડાહ્યા પુરુષોનું કર્તવ્ય-

( સોનગઢ-પ્રવચનઃ નિયમસાર ગાથા ૩૯, કળશ ૫૫ )

* * * * *

સુખનો બનેલો એવો શુદ્ધ આત્મા બતાવીને આચાર્યદેવ કહે છે કે અરે જીવ! તારા આવા આત્મામાં તું રુચિ કેમ કરતો નથી? અને દુઃખરૂપ એવા સંસારસુખને તું કેમ વાંછે છે? આકાશ જેવો જે મહાન અને નિર્મળ છે, અતીન્દ્રિય સુખ સહિત જે પ્રગટ પ્રકાશમાન છે–એવા તારા આત્મામાં તું પ્રીતિ કર. આવો આત્મા વિચારવાન ડાહ્યા પુરુષોને પોતાના અંતરમાં અનુભવગોચર થાય છે.

આત્મા સર્વથા અંતર્મુખ છે, –બહારના કોઈ ભાવ વડે તે અનુભવમાં આવે તેવો નથી. બહારના કોઈ ભાવોનો પ્રવેશ તેમાં નથી. આવા અંતર્મુખ આત્મામાં પોતાના ઉપયોગને જોડવો તે જ ડાહ્યા–વિચારવંત પુરુષોનું કર્તવ્ય છે. જે બુદ્ધિ અંતરમાં આવા આત્માને પકડે તે જ તીક્ષ્ણ બુદ્ધિ છે. આવા તીક્ષ્ણ બુદ્ધિવંત જીવો અંતરમાં પોતાના સુખસાગરને દેખે છે, –જેમાં કોઈ ક્લેશ નથી, જે આનંદથી જ ભરેલો છે, અને શુદ્ધજ્ઞાનનો જ જે અવતાર છે. રાગનો અવતાર કે રાગની ઉત્પત્તિ થાય એવો આત્માનો સ્વભાવ નથી. આત્મા તો શુદ્ધજ્ઞાનનો અવતાર છે ને આનંદરૂપ અકૃત છે. તેના આનંદને બનાવવો નથી પડતો, સ્વયં આનંદસ્વરૂપ જ છે. અરે જીવ! તું ડાહ્યો હો તો આવા તારા આત્માને જાણ. બહારનાં બહુ ડહાપણ કર્યા પણ જો પોતાના આત્માને ન જાણ્યો, તો જ્ઞાની કહે છે કે તું ડાહ્યો નથી, તારી બુદ્ધિ તીક્ષ્ણ નથી; તીક્ષ્ણબુદ્ધિ અને ડહાપણ તો એ જ છે કે અંતરમાં પરભાવોથી ખાલી, અને સુખથી ભરેલ એવા ચૈતન્યનિધાનને દેખે.

જગતના સજ્જન–ધર્માત્માઓને માટે સર્વજ્ઞપિતાનો આ આનંદકારી સન્દેશ છે કે હે જીવો! તમે સ્વયં ચૈતન્ય–અમૃતના પૂરથી ભરપૂર છો.....આનંદનો મોટો ધોધ આત્મામાં ઉલ્લસે છે. અરે, આવા આત્માને મુકીને સંસારના ક્લેશને કોણ વાંછે? એવો મૂરખ કોણ હોય કે પોતાના સુખના ખજાનાને છોડીને સંસારનાં ક્લેશમય દુઃખને વાંછે? અહા, અંતરના ચૈતન્ય નિધાનને ખોલીને સંતોએ બતાવ્યા,

તો હે બુદ્ધિમાન! તારી પ્રીતિને તેમાં જ જોડ....મોક્ષના મંડપમાં આત્માને બિરાજમાન કર. તારું ચૈતન્યપદ આનંદમય છે તે રાગ–દ્વેષથી રહિત છે. અંતર્મુખ થઈને આવા નિજપદને નીહાળે તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે, ભગવાને તો જગતને આવા આનંદમય તત્ત્વની ભેટ આપી છે, ને જ્ઞાની સંતો તે બતાવે છે.

સર્વજ્ઞ ભગવાનના વીતરાગી માલની એજન્સી (ઈજારો) જ્ઞાની સન્તો પાસે છે. સર્વજ્ઞદેવે કહેલું આત્માનું સ્વરૂપ સંતો પોતાના જ્ઞાનમાં અનુભવીને જગતને દેખાડે છે; તેઓ તીર્થંકર ભગવાનના એલચી (દૂત) છે, તીર્થંકર ભગવાનની પેઢીમાંથી લાવેલો ચોકખો માલ (એટલે કે વીતરાગી મોક્ષમાર્ગ) તેઓ જગતને આપે છે કે હે જીવો! સુખનું ધામ એવો જે તમારો શુદ્ધ આત્મા છે તેમાં અંતર્મુખ ઉપયોગને જોડતાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ આનંદમાર્ગ પ્રગટે છે. મોક્ષમાર્ગ કહો કે આનંદમાર્ગ કહો, તે આત્મામાં સમાય છે.

અરે, આત્માના આવા સ્વરૂપનો વારંવાર વિચાર કરવા જેવો છે. તેથી શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે– 'કર વિચાર તો પામ!' બીજું કેટલું કહીએ? તારું સ્વરૂપ તારા અંતરમાં છે–તે તને બતાવ્યું; તેનો અંતરમાં વિચાર કર તો તેની પ્રાપ્તિ થાય.

સાચો વિચાર તેને કહેવાય કે જે આત્માને સ્વસન્મુખ લઈ જાય. સંસારના પરભાવો તે દુઃખ, ને આત્માનો સ્વભાવ તે સુખ, –તેને જાણીને વિચારવંત વિવેકી જનો તો સુખના સાગરમાં જ મગ્ન થાય છે, ને દુઃખરૂપ સંસારની પ્રીતિ અત્યંતપણે છોડે છે. પરનો પ્રેમ કરતાં તો પોતાના આનંદનિધાન લૂંટાઈ જાય છે; માટે ડાહ્યા–વિચારવંત જીવો સર્વ પરભાવોનો પ્રેમ છોડીને પોતાના સહજ પરમ ચૈતન્યતત્ત્વમાં જ પ્રીતિ કરે છે. જગતની સ્પૃહા છોડીને પોતાના નિજતત્ત્વની જ મસ્તીમાં મશગુલ રહે છે. એવા સંતો કહે છે કે–

**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને,**

**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો, ઉત્તમ થશે.**

જ્ઞાનીઓને પોતાના શુદ્ધ આત્મા સિવાય બીજા કોઈમાં રસ નથી; તેમને મન –વચન–કાયાની પ્રવૃત્તિમાં જોડાણ દેખાય, પણ ખરેખર તેમાં તન્મયતા નથી; તે પ્રવૃત્તિ એવી નથી કે ભિન્ન આત્માનું ભાન ભૂલાઈ જાય–તેથી પૂજ્યપાદ સ્વામી કહે છે કે–

**आत्मज्ञानात् परं कार्यं न बुधो धारयेत् चिरम्।**

બુધજનો–જ્ઞાનીજનો–સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માઓ પોતાના ચિત્તને વારંવાર અંતરમાં વાળીને જ્ઞાનનિધાનને ભોગવે છે; બીજા કોઈ બાહ્યભાવોને તેઓ ચિરકાળ સુધી ધારણ કરતા નથી; એ બાહ્યભાવો તો ક્ષણભંગુર છે, એની પ્રીતિ જ્ઞાનીને નથી. અને આત્માનું જે સહજ શુદ્ધસ્વરૂપ તેમાં કોઈપણ પરભાવ ન હોવાથી, તે શુદ્ધસ્વરૂપના અનુભવમાં પરભાવને ટાળવાની ચિંતા પણ નથી રહેતી; સ્વતત્ત્વના પરમ આનંદનો જ અનુભવ છે. આવા આનંદરૂપ ચેતનભગવાન આત્મા પોતે જ સદા પોતાના અંતરમાં બિરાજી રહ્યા છે.

અરે, ભગવાન અંદર તારામાં પધાર્યા......ને તેં તેની સાથે વાતું ન કરી......તારા ભગવાનને તેં ન દેખ્યા...એની સામું પણ ન જોયું? પરભાવની વાતમાં રોકાયો ને અંદરના ચૈતન્યભગવાનની સાથે વાત કરવા નવરો ન થયો? ભગવાન અંદર છે ને તું તે ભગવાનની સામે નથી જોતો? –તો તને ડાહ્યો કોણ કહે? તને વિચારવાન કોણ કહે? આત્માની રુચિ છોડીને પરભાવની રુચિ કરે તેમાં તો ક્લેશ છે.

અરે, ચૈતન્ય આનંદનું ધામ, –તેને જ વારંવાર ચિંતવવા જેવું છે, તેમાં જ તત્પર થવા જેવું છે, તેની ‘ભાવના’ એટલે તે–મય પરિણતિ કરવા જેવી છે. –એ જ એક બુદ્ધિમાન ડાહ્યા પુરુષોનું કામ છે.

**તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા, અનુભવ તેહને,**
**તેમાં જ નિત્ય વિહાર કર, નહીં વિહર પરદ્રવ્યો વિષે.**

*****

## અમારું સુંદર સ્થાન

**અહા, કેવો સ્વતંત્ર અને સુંદર આત્મસ્વભાવ છે! બસ, આવા સ્વભાવથી આત્મા શોભે છે, તેમાં વચ્ચે રાગ કે વિકલ્પ ક્યાં રહ્યો? આત્માના વૈભવમાં વિભાવ નથી. આવા સ્વભાવવાળો જ્ઞાનમાત્ર આત્મા તે ખરો આત્મા છે. આવા આત્માને શ્રદ્ધે–જાણે–અનુભવે તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, ને તે મોક્ષમાર્ગ છે. ભવથી થાકેલા આત્માર્થીને આરામનું સ્થાન છે.**

नाटक सुनत हिये फाटक खुलत है

# સમયસાર-નાટક દ્વારા શુદ્ધાત્માનું શ્રવણ કરતાં હૈયાનાં ફાટક ખુલી જાય છે.

[ સમયસાર નાટકનાં અધ્યાત્મરસઝરતાં પ્રવચનો ( લેખાંક ૪ ) ]

* * * * *

* સારમાં સાર એવો જે આત્માનો અનુભવ તેનું વર્ણન આ સમયસારમાં કરશું. મક્તિપંથમાં કારણરૂપ એવો આત્માનો અનુભવ કેમ થાય તે જ મુખ્ય વાત આ સમયસારમાં કહેશું. શુદ્ધ નિશ્ચયની કથની કહેશું અને તેની સાથે શુદ્ધ વ્યવહારરૂપ જે વીતરાગીદશા–મોક્ષમાર્ગ તે પણ કહેશું.

* આ સમયસારમાં અનુભવનું વર્ણન કરવાનું કહ્યું; તો પૂછે છે કે અનુભવ કોને કહેવો ? તે અનુભવનું લક્ષણ કહે છે–

**વસ્તુ વિચારત ધ્યાવતાં મન પામે વિશ્રામ;**

**રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ એનું નામ.**

ચિદાનંદ સ્વરૂપ આત્માનું સાચું સ્વરૂપ લક્ષમાં લઈને તેને વિચારતાં અને ધ્યાવતાં ચિત્ત તેમાં વિશ્રાંતિ પામે છે, પરભાવોની આકુળતાથી છૂટીને આત્માના શાંતરસમાં જ્ઞાન એકાગ્ર થાય છે, અને તે શાંતરસના સ્વાદથી પરમ અતીન્દ્રિય સુખ થાય છે, તેનું નામ અનુભવ છે.

* આત્માનો આવો અનુભવ પ્રગટ કરવો તે આ સમયસારનું તાત્પર્ય છે, તે જ ધર્મ છે, તે જ મોક્ષમાર્ગ છે. તે અનુભવનો મહિમા કહે છે–

**અનુભવ ચિંતામણિ-રતન, અનુભવ છે રસકૂપ;**

**અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.**

અહો, અનુભવ એ તો અતીન્દ્રિય આનંદને દેનાર ચિંતામણિ છે; જડચિંતામણિ તો બહારની વસ્તુ આપે, પણ આત્માના અનુભવરૂપ ચિંતામણિ તો મોક્ષ આપે છે. આત્માના અનુભવમાં મોક્ષનો આનંદ અનુભવાય છે. આત્માનો જે પરમ નીરાકુળ શાંતરસ, તેનો સમુદ્ર સ્વાનુભવમાં ઉલ્લસે છે, તેથી અનુભવને રસકૂપ કહ્યો છે. આત્માના અનુભવમાં જે શાંતિ છે–તેવી શાંતિ જગતમાં બીજે ક્યાંય નથી.

આ શાસ્ત્રમાં ઘણું વર્ણન કરશું પણ તેમાં મૂળ પ્રયોજન તો અનુભવનું જ છે–કે જેમાં આત્માના આનંદરસનો સ્વાદ આવે. આત્માના સ્વભાવને અનુસરીને ભવવું –પરિણમવું તેનું નામ અનુભવ, આવો અનુભવ તે જ મોક્ષનો માર્ગ છે.

અનુભવ એટલે જ આત્માનો આનંદ. આત્માનો આનંદ કહો કે મોક્ષનો આનંદ કહો; તેથી અનુભવને મોક્ષસ્વરૂપ કહ્યો છે.

અનુભવીને એટલું જ છે કે સદા નિજાનંદમાં રહેવું. અહો જગતમાં સારભૂત આત્મા જ છે કે જેના અનુભવમાં આનંદ છે. બીજે ક્યાંય આનંદ નથી, ‘આત્મામાં આનંદ છે માટે હે જીવ! તું આત્મામાં ગમાડ.’

પરથી ભિન્ન જે ચિદાનંદ સ્વભાવ, તેને જાણીને તેની સન્મુખ થતાં તે વિકલ્પાતીત આનંદનો સ્વાદ આવ્યો તે શુદ્ધાત્માનો અનુભવ છે; મોક્ષને પામવા માટે આ અનુભવ ચિંતામણિરત્ન સમાન છે; તે અનુભવ પોતે શાંતરસથી ભરેલો કુવો છે. શાંતરસનું ઝરણું આત્માના અનુભવમાં વહે છે. અનુભવદશામાં ચૈતન્યના આનંદનો દરિયો ઉલ્લસે છે. –એ આનંદની શી વાત! એ શાંતરસની શી વાત! જેમાં આવો અનુભવ છે તે જ મોક્ષમાર્ગ છે; રાગાદિ કોઈ ભાવો મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગનો આવો અનુભવ કહો કે નિર્વિકલ્પ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર કહો; આત્માના આવા અનુભવ વગર મોક્ષનાં ફાટક ખુલે નહીં. મોક્ષનાં ફાટક આત્માના અનુભવ વડે જ ખુલે છે; અને એવો અનુભવ આ સમયસાર નાટક બતાવે છે. તેથી કહ્યું કે नाटक सुनत हिये फाटक खुलत है।

‘અનુભવ’ માં નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર વગેરે બધું સમાઈ જાય છેઃ ને તે અનુભવરૂપ એક જ મોક્ષમાર્ગ છે; બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. મક્તિના કારણરૂપ આવા અનુભવનો અધિકાર આ શાસ્ત્રમાં છે.

જુઓ તો ખરા, પં. બનારસીદાસજીએ આત્માના અનુભવનો કેવો સરસ

મહિમા ગાયો છે! અરે, આ આત્માના પોતાના ઘરની ચીજ છે, પણ જીવે પોતે પોતાનો મહિમા કદી જાણ્યો નથી, તે મહિમા ઓળખાવીને આત્માનો અનુભવ કરાવે છે. આવા અનુભવમાં શું-શું સમાય છે? તે બતાવીને કહે છે કે અહો! આત્માના અનુભવ સમાન બીજો કોઈ ધર્મ નથી.

જેમ અનેકવિધ રસાયણ થાય છે; જે રસાયણ છાંટતાં પથ્થરમાંથી સોનું થઈ જાય; તેમ અહીં જગતના જ્ઞાનીઓ કહે છે કે અહા! સાચું તો આ અનુભવ રસાયણ છે કે જે છાંટતાં આત્મા પામરમાંથી પરમાત્મા બની જાય છે. અજ્ઞાનીઓ જડ-રસાયણનો મહિમા દેખે છે, જ્ઞાનીઓ તો ચૈતન્યના અનુભવરૂપી રસાયણ પાસે જડ-રસાયણને ધૂળ સમાન જ દેખે છે.

જેમ પથ્થરમાંથી સોનું બની જાય, તેમ અનેક પ્રકારનાં રોગ હોય તે પણ મટી જાય એવું રસાયણ થાય છે, પણ તે રસાયણથી કાંઈ ભવરોગ ન મટે. આ અનુભવ-રસાયણ જ એવું છે કે જેના વડે તરત જ ભવરોગ મટી જાય છે ને પરમ મોક્ષસુખ પમાય છે. અહો! આવા અનુભવરસનું હે જીવો! તમે સેવન કરો. આત્માના અનુભવનો, અને એવા સ્વાનુભવી સંતોનો જેટલો મહિમા કરીએ તેટલો ઓછો છે. પોતે આવો અનુભવ કરવો તે જ સાર છે.

આ સમયસારમાં આવો અનુભવ કરવાનું બતાવ્યું છે; તેથી કહે છે કે-

**नाटक सुनत हिये फाटक खुलत है।**

*****

## આત્માની અનુભૂતિ

વિકારથી જુદો આત્માનો અનુભવ થાય છે, શરીરથી જુદો આત્માનો અનુભવ થાય છે, પણ જ્ઞાનથી જુદો કે આનંદથી જુદો આત્માનો અનુભવ થતો નથી; કેમકે વિકાર અને શરીર તે આત્માના સ્વભાવની ચીજ નથી એટલે તે તો શુદ્ધાત્માના અનુભવમાં સાથે રહેતા નથી, પણ જ્ઞાન ને આનંદ તો આત્માના સ્વભાવની ચીજ છે એટલે તે તો શુદ્ધાત્માના અનુભવમાં સાથે જ રહે છે.

-આ રીતે સમસ્ત પરભાવોથી ભિન્ન, ને પોતાના જ્ઞાનાદિ નિજભાવોથી અભિન્ન, આવા શુદ્ધાત્માની અનુભૂતિ તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

# ભારતની બહેનો

## એક મુમુક્ષુ બહેન દ્વારા ભારતની બહેનો પ્રત્યે ઉત્સાહપ્રેરક લખાણ

એક મુમુક્ષુ બહેને ભારતની બહેનોને માટે પ્રેરણા આપતું લખાણ લખી મોકલ્યું છે. લખાણ તો લાંબું છે, અહીં તેમાંથી ટૂંકાવીને આપ્યું છે–જે બહેનોને માટે ઉત્તમ પ્રેરણા આપશે. તે બહેન લખે છે કે–ગુરુપ્રતાપે આજે આત્મધર્મ દ્વારા ભારતના બાળકોને તો જાગૃત કર્યા છે ને ભારતની બહેનોને પણ જગાડેલ છે. ગુરુદેવ જે તત્ત્વનો ઉપદેશ આપે છે તે વૃદ્ધ કે બાળક, ભાઈ કે બહેન, સૌને માટે સરખો જ ઉપયોગી છે; લાયક જીવો તેના વાંચન મનન વડે જરૂર આત્મહિત સાધશે.

ગુરુદેવનો આપણા ઉપર મહાન ઉપકાર છે કે આવા તત્ત્વના સંસ્કાર આપી રહ્યા છે, માતાઓ તથા બહેનો! તમે આ પરમ સત્યનો માર્ગ અપનાવશો તો ઉગતા છોડ જેવા નિર્દોષ બાળકોને પણ તેના સંસ્કાર મળશે. તીર્થંકરોને જન્મ આપનારી પણ માતાઓ જ હતીને!

વિશેષમાં તેઓ લખે છે–ભૂતકાળમાં અનેક પુસ્તકો–માસિકો વાંચ્યા પણ 'આત્મધર્મ' જેવું સાત્ત્વિક માસિક કદી વાંચ્યું ન હતું. અને હવે તે વાંચ્યા પછી બીજું વાંચવામાં મન લાગતું નથી. આ કોઈ અતિશયોક્તિ નથી પણ તટસ્થભાવે સત્ય હકીકત છે. અહા, નિજઘરમાં આવવાની વાત કોને ન ગમે? સુખી થવાની કોણ ના પાડે? ગમે તેટલા દેશ–પરદેશ ફરે પણ અંતે તો સ્વ–ઘરમાં આવે ત્યારે જ જીવોને શાંતિ થાય છે. ચૈતન્યમય આત્મા જ પોતાનું નિજઘર છે, તે જ ધ્યેય છે ને તે જ વિસામાનું ધામ છે.–તેનું લક્ષ 'આત્મધર્મ' કરાવે છે. અજ્ઞાનના ગંધાતા ખાડામાંથી બહાર કાઢીને જ્ઞાનીઓ સુખના ધામમાં લઈ જાય છે. જેનાથી મોતી પાકે એવા સ્વાતી નક્ષત્રનાં પાણી સોનગઢમાં ગુરુમુખેથી બારેમાસ વરસે છે; લાયક જીવો તે મેધબિંદુ ઝીલીને સમ્યક્ત્વરૂપ મોતી પકાવશે. અમે પણ આત્મધર્મ મારફત તેની પ્રસાદી ચાખીને કૃતાર્થ થઈએ છીએ. ગુરુદેવની જન્મજયંતી પ્રસંગે ભાવના ભાવીએ છીએ કે જુગજુગ જીવો ભવ્યોના તારણહાર....અમર રહો એમની શીતલ છત્રછાયા.

નારીનો અવતાર હીણો મનાય છે–પરંતુ મહા ભાગ્ય છે ભારતીય નારીના કે જેને અધ્યાત્મના ઊંચા સંસ્કાર મળે છે.....ને તીર્થંકર જેવા ઉત્તમ રત્નોની જે ખાણ છે. ભારતીય નારીનાં શીલ–સંયમ વડે ઈતિહાસનાં પાનાં શોભી રહ્યા છે.

ભરત ચક્રીની બહેન બ્રાહ્મી અને સુંદરી, ચંદના અને ચેલણા, સીતા અને અંજના –તેઓ પણ સ્ત્રીઓ જ હતી કે જેઓએ જગતના કોઈ પણ પ્રલોભનમાં ફસાયા વગર બળવાનપણે ધર્મની આરાધના કરી, –અને માત્ર પોતાના જીવનને નહિ અપિતુ ભારતને અને જૈનશાસનને શોભાવ્યું. દેહદેવળમાં બિરાજમાન ભગવાન આત્મદેવને તેઓ જાણતાં હતા, અને ગમે તેવા પ્રસંગમાંય તેની આરાધના છોડતા ન હતા. વનમાંથી સીતાજીએ મોકલેલો પુરાણ–પ્રસિદ્ધ ધર્મસન્દેશ આજેય ભારતની નારીને માટે મહાન પ્રેરક છે કે–લોકનિંદાના ભયથી મને તો છોડી, પણ મૂર્ખ લોકો કદાચ ધર્મની પણ નિંદા કરે તો તે સાંભળીને ધર્મને કદી ન છોડશો. અયોધ્યાના સામ્રાજ્ય કરતાં પણ ધર્મ મહાન છે. વનજંગલ વચ્ચે પણ ધર્મની કેટલી નીડરતા! ધર્મનું કેટલું ગૌરવ!

આ થઈ ભૂતકાળની વાત! અને આજે! આજની બહેનો કયા માર્ગે જઈ રહી છે? બે શબ્દો એનાથી સહન થતાં નથી, પ્રતિકૂળ સંયોગ આવતાં બળી મરે છે–ઝેર ખાય છે–કૂવે પડે છે–આપઘાત કરે છે. અરે! કેટલી નિર્બળતા! કેટલું અજ્ઞાન? કેટલી અસહિષ્ણુતા!! શું ભારતીય નારીને આ શોભે છે? નહીં; ઉચ્ચ સંસ્કાર વડે જીવનની શોભા છે. બહેનો, આ જીવન વેડફી નાંખવા માટે નથી, ઘણું મોંઘું જીવન, અને તેમાં સદ્ગુરુની દેશના, એ તો સોના સાથે સુગંધના મેળનો અવસર છે. ભૌતિક સુખ પાછળ દોડવાનું છોડીને આપણે આધ્યાત્મિકસુખ– કે જે આત્મામાં જ છે–તેને શોધવાનું છે. સુખ અંતરમાં છે. આપણામાં રહેલો સુખનો ખજાનો જ્ઞાનીઓ બતાવે છે....એનો વિશ્વાસ કરતાં સુખનો અનુભવ સ્વયમેવ થશે.

ભારતની બહેનો, તમે જાગૃત થાવ. શરીર કે સગાવહાલાં કાંઈ શરણરૂપ નથી, એનું મમત્વ તે દુઃખનું કારણ છે, અરે, આ જમાનામાં મંદકષાય ને સરળતા જેવા ગુણો પણ અલ્પ દેખાય છે, તો શુદ્ધભાવ અને સમ્યક્ત્વાદિની તો શી વાત? એવા ગુણો વડે જીવન શોભે છે. માટે બહેનો! મૂર્છા છોડીને તમે જાગૃત થાઓ ને ભાનમાં આવો.....સારા ભારતમાં જ્ઞાનપ્રકાશ ફેલાવનાર આવા જ્ઞાની–ગુરુ મળ્યા છે; અને આત્માની સમજણનો અપૂર્વ અવસર આવ્યો છે. વીજળીના આ ઝબકારામાં સમ્યગ્જ્ઞાન રૂપી દોરો આત્મામાં પરોવી લ્યો. ગુરુગમે બુદ્ધિને તીક્ષ્ણ બનાવીને આત્માનું સ્વરૂપ સમજો....( અંતમાં લેખિકા બહેન પ્રમોદ પૂર્વક લખે છે કે– ) ધન્ય છે આપણા ભગવતી માતાઓને......તેમજ ધન્ય છે તે બહેનોને–કે જેઓ સંસારની મમતા તજીને મક્તિના માર્ગને અપનાવી રહ્યા છે. ભારતની બહેનો! આપણે પણ એ જ સુંદર માર્ગે જઈએ.........( સૌ. ભાનુમતીબેન પારેખ, રાજકોટ )

* જય મહાવીર *

# ચૈતન્ય હીરો

મદ્રાસના ઉત્સાહી કોલેજિયન ભાઈશ્રી હસમુખ. જે. જૈન ‘આત્મધર્મ’ વગેરે વાંચીને પોતાના વિચારો આ ‘ચૈતન્ય હીરો’ નામની વાર્તારૂપે લખી મોકલ્યા છે–જેનો ઉલ્લેખ આપણે ગતાંકમાં વાંચ્યો હતો, તે વાર્તા યોગ્ય સંશોધન સહિત અહીં આપવામાં આવે છે; કોલેજની પરીક્ષાઓ જ્યારે અત્યંત નજીક હતી ત્યારે પણ કોલેજના અભ્યાસ સાથે ધાર્મિક વાંચન ચાલુ રાખીને લખાયેલી આ વાર્તા આપણા યુવાનબંધુઓને તેમજ માતાઓને ઉત્તમ પ્રેરણા આપશે, અને ચૈતન્યવિદ્યા માટે પ્રોત્સાહન પણ આપશે. (–સં.)

ભારતમાં એક નગરી હતી. –જાણે સોનાની હોય એવી તે સુંદર નગરીમાં બે મિત્રો રહેતા હતા. એકનું નામ જિનનંદન, બીજાનું નામ લક્ષ્મીનંદન.

જિનનંદનની માતા હીરાબાઈએ તેને જિનધર્મના ઉત્તમ સંસ્કાર આપ્યા હતા; જોકે તેઓ દરિદ્ર હતા, તેમની પાસે ધન–વૈભવ બહુ ન હતો, ઘર પણ નાનું હતું; પણ તે ઘરમાં ધર્મના ઉત્તમ સંસ્કારોથી તેમનું જીવન શોભતું હતું. ગરીબ હોવા છતાં ધર્મસંસ્કારને લીધે તેઓ સંતોષી અને સુખી હતા.

બીજો લક્ષ્મીનંદન, –તેના ઘરમાં ધન–વૈભવ, હીરા–ઝવેરાતની રેલમછેલ હતી. છતાં સુખ ન હતું, કેમકે ધર્મના સંસ્કાર તે ઘરમાં ન હતા. બાહ્ય વૈભવના મોહથી તેઓ દુઃખી હતા.

એકવાર તે લક્ષ્મીનંદનનો જન્મદિવસ હતો, સાથેસાથે જિનનંદનનો પણ જન્મદિવસ તે જ દિવસે હતો. બંને મિત્રોએ સાથે મળીને ખૂબ આનંદ કર્યો. જન્મદિવસની ખુશાલીમાં લક્ષ્મીનંદનના પિતા ધનજી શેઠે તેને અનેક જાતની મીઠાઈ ખવડાવી, કિંમતી વસ્ત્રો પહેરાવ્યાં અને એક સુંદર વીંટી પહેરાવી–જેની વચ્ચે એક સુંદર હીરો ઝગઝગાટ કરતો હતો.

ત્યારે તેની બાજુમાં જિનનંદનના નાનકડા ઝુંપડામાં પણ તેનો જન્મદિવસ ઉજવાતો હતો......પણ ત્યાં ન હતાં કોઈ ઉત્તમ વસ્ત્રો, કે ન હતી મીઠાઈ.....ત્યાં તો તેની વહાલસોઈ માતા પ્રેમભરેલી આશીષપૂર્વક તેને જ્ઞાનનાં મધુર રસ પીવડાવતી હતી....

ભક્તિભાવથી પગમાં નમસ્કાર કરી રહેલા પુત્રને માતા કહેતી હતી–બેટા! બાજુના મહેલમાં જેવા ઠાઠમાઠથી તારા મિત્રનો જન્મદિવસ ઉજવાય છે તેવો ઠાઠમાઠ આપણા આ ઝૂંપડામાં તારા જન્મદિવસે નથી, પરંતુ તેથી તું એમ ન માનીશ કે આપણે ગરીબ છીએ. બેટા, તું ખરેખર ગરીબ નથી, તારી પાસે તો ઘણી સંપત્તિ છે.

જિનનંદને આશ્ચર્ય પામીને કહ્યું– બા, આપણે ત્યાં ખાવાનું માંડમાંડ મળે છે – છતાં આપણે ગરીબ નથી?

માતા કહે : બેટા, તને ખબર છે તું કોણ છો?

પુત્ર કહે : હું જિનનંદન છું.

માતા કહે– એ તો તારું નામ છે; ખરેખર તું કોણ છો ને તારામાં શું છે? તેની તને ખબર છે?

આ તો જિનનંદન હતો, એની માતાએ એને ધર્મના સંસ્કારો સીંચ્યા હતા; ‘જૈન બાળપોથી’ ના પાઠ તે ભણ્યો હતો. માતાને જવાબ આપતાં તેણે હોંશથી કહ્યું– હા, માતા! આપે જ મને શીખવ્યું છે કે હું જીવ છું; મારામાં જ્ઞાન છે.

માતા કહેઃ ધન્ય બેટા! તારા ધર્મસંસ્કાર દેખીને હું ગૌરવ અનુભવું છું. બહારના ધનથી ભલે આપણે ગરીબ હોઈએ, પણ અંદરના જ્ઞાનથી આપણે ગરીબ નથી. તારામાં અનંત ચૈતન્યગુણો છે, તેને ઓળખીને તેના આનંદને તું ભોગવ...એ જ જન્મદિવસની મારી ભેટ છે. તારો ‘ચૈતન્ય–હીરો’ તું પ્રાપ્ત કર અને સુખી થા. એવા મારા આશીષ છે.

વાહ! મારી માતાએ મને ચૈતન્ય હીરો આપ્યો–એમ તે જિનનંદન ખૂબ હર્ષિત થયો.....

–એવામાં તેનો મિત્ર લક્ષ્મીનંદન પણ ત્યાં મીઠાઈ લઈને આવી પહોંચ્યો. બંને મિત્રો આનંદથી એકબીજાને ભેટયા; લક્ષ્મીનંદન હીરામાતાને પગે લાગ્યો અને માતાએ તેને પણ આશીષ આપ્યા. લક્ષ્મીનંદને કહ્યું–માતાજી! અમારે ત્યાંથી આપને

માટે મીઠાઈ મોકલી છે.

માતાએ તે મીઠાઈ લઈને બંને બાળકોના મોઢામાં ખવડાવી. અને પૂછયું–બેટા લખુ! તારા પિતાજીએ આજે તને શું ભેટ આપી?

લક્ષ્મીનંદને કહ્યું– મા, પિતાએ મને એક સુંદર વીંટી આપી હતી, અને તેમાં કિંમતી હીરો જડેલો છે. જિનુ! તને તારી બાએ શું ભેટ આપી?

જિનનંદને કહ્યું– ભાઈ, અમારે ત્યાં એવા હીરા–ઝવેરાત તો નથી, પણ મારી માતાએ તો મને આજે મારો ચૈતન્ય હીરો બતાવ્યો; ખરેખર ચૈતન્યહીરો આપીને માતાએ મહાન ઉપકાર કર્યો. અહા, ચૈતન્યહીરાની શી વાત!

એમ આનંદથી વાતચીત કરતા કરતા બંને મિત્રો રમવા ગયા; ગામના ખુલ્લા મેદાનમાં ખૂબ રમ્યા. ખૂબ વાતો કરી, ને અંત્રે રાત્રે બંને પોતપોતાના ઘરે ગયા.

જિનનંદનને ત્યાં તો રાત્રે કોઈ ખાતા ન હતા, તે તો ઘેર જઈને માતાજી પાસે આનંદથી ધર્મકથા સાંભળવા બેઠો હતો.

લક્ષ્મીનંદનને ત્યાં જમવાની તૈયારી ચાલતી હતી; ઘણા મહેમાન હતા. લક્ષ્મીનંદન જમતાં પહેલાં હાથ ધોતો હતો ત્યાં તેના પિતાની નજર તેના પર પડી. આ હાથની વીંટીમાં હીરો ન દેખ્યો. તેથી તરત પૂછયું–બેટા, તારી વીંટીમાંથી હીરો ક્યાં ગયો?

લખુનું ધ્યાન પોતાની આંગળી પર ગયું....હીરો ન જોતાં તે ભયભીત થઈ ગયો –હેં! વીંટીમાં હીરો તો નથી બાપુ! હીરો કયાં ગયો–તેની મને ખબર નથી.

એની વાત સાંભળતાં તેના પિતા ખૂબ ગુસ્સે થયા. અરે, હજી તો સવારમાં આપેલી આવી કિંમતી હીરાવાળી વીંટી, તેનો હીરો સાંજે ખોવાઈ જાય–એ તેનાથી સહન ન થયું. જોકે તેઓ બીજો હીરો લાવી શકે તેમ હતા, –પણ એટલું સમાધાન ક્યાંથી લાવે? ધર્મના સંસ્કાર તો હતા નહીં; એટલે જે પુત્રના જન્મનો આનંદ મનાવતા હતા તે પુત્ર ઉપર ક્રોધ કરીને તેને ધમકાવવા લાગ્યા; પુત્ર રડવા લાગ્યો. રે સંસાર! હર્ષ–શોકના તડકા–છાયા બદલાયા જ કરે છે. હીરાની શોધાશોધ ચાલી; પૂછપરછ ચાલી; લખુ તો આજે તેના મિત્ર જિનુના ઘર સિવાય બીજે ક્યાંય ગયો જ નથી; તેઓ બહુ ગરીબ છે, –તેથી જરૂર એની માએ લખુની વીંટીમાંથી હીરો કાઢીને

સંતાડી દીધો હશે......અને તેના પુત્ર જિનુને આપ્યો હશે. –એમ વિચારી તેના ઉપર ક્રોધ કરીને નિંદા કરવા લાગ્યા. અને લખુને કહ્યું કે જા, તારા મિત્ર જિનુને બોલાવી લાવ!

લખુએ ડરતાં ડરતાં કહ્યું–બાપુજી! મારો મિત્ર તો બહુ સંસ્કારી છે; તે મારો હીરો કદી લ્યે નહીં. (તેના મિત્રના ઊંચા સંસ્કારની તેના પર સારી છાપ પડી હતી.)

તેના પિતાએ ધમકાવીને કહ્યું; –એના સિવાય હીરો બીજે ક્યાંય જાય નહીં; માટે તું જલ્દી જઈને એને બોલાવ.

લખુ તો ઢીલો થઈને જિનુના ઘરે ચાલ્યો....તેને દેખતાં જ જિનુ તો આનંદિત થયો....આવ મિત્ર! અત્યારે એકાએક ક્યાંથી?

લખુ કહે–જિનુ! તને મારા પિતાજી બોલાવે છે! માટે મારી સાથે ચાલ.

બંને મિત્રો ચાલ્યા; રસ્તામાં જિનુ કહે–મિત્ર! તું ઢીલો કેમ દેખાય છે?

લખુ કહે–ભાઈ, શું કહું? મારો હીરો ખોવાઈ ગયો છે, તેથી તને બોલાવેલ છે.

ત્યાં જતાંવેંત ધનજી શેઠે પૂછયું–જિનુ! બોલ, તને ‘હીરો’ મળ્યો છે?

નિર્દોષ જિનુના મનમાં તો સવારે તેની માતાએ બતાવેલા ચૈતન્ય હીરાની વાત ઘોળાતી હતી, એની ધૂનમાં ને ધૂનમાં તેણે કહ્યું– હા, પિતાજી! મારી માતાએ આજે જ મને એક અદ્ભુત હીરો બતાવ્યો.

ઝવેરાતનો હીરો તો એણે ક્યાંથી જોયો હોય? એના મનમાં તો ચૈતન્ય હીરો ઘોળાતો હતો. પણ ધનજી શેઠના મનમાં તો પોતાનો હીરો ઘોળાતો હતો, એણે ચૈતન્યહીરાની તો વાત પણ ક્યાંથી સાંભળી હોય? એટલે તરત તેણે કહ્યું– ભાઈ જિનુ! એ હીરો અમારા લખુનો છે, માટે આપી દે!

જિનુ કહે–બાપુજી! એ તો મારો હીરો છે. તમારા લખુનો હીરો મારી પાસે નથી. પણ મારી માતા પાસે આવો તો તે લખુનો હીરો પણ બતાવશે.

જિનુની વાત સાંભળી લખુને થયું કે મારો હીરો એમને જડયો લાગે છે, ને જરૂર મારો હીરો મને પ્રાપ્ત થશે. તે જિનુ સાથે ગયો ને પૂછયું–જિનુ! મારો હીરો ક્યાં છે? મને બતાવીશ!

જિનુ કહે– ભાઈ, તારો હીરો મારી પાસે નથી, તારી પાસે જ છે, ને હું તને તે બતાવીશ.

લખુ આશ્ચર્યથી કહેવા લાગ્યો–હેં! શું મારો હીરો મારી પાસે છે....જલદી બતાવ, એ ક્યાં છે? આ વીંટીમાં તો તે નથી?

જિનુ કહે–ભાઈ, એ હીરો વીંટીમાં ન હોય, વીંટી તો જડ છે; તારો ચૈતન્યહીરો તારા અંતરમાં છે.

લખુ કહે–એને કઈ રીતે દેખવો?

જિનુ કહે–આંખ મીંચીને અંદર જો.

અંદર જોતાં અંધારું દેખાય છે!

અંધારું દેખાય છે, –પણ એને દેખનારો કોણ છે? દેખનારો પોતે શું અંધારારૂપ છે? કે અંધારાથી જુદો છે?

એ તો અંધારાથી જુદો છે.

બસ, અંધારા વખતે પણ જે તેને જાણે છે તે જાણનાર પોતે ચૈતન્ય હીરો છે; તે પોતાના ચૈતન્ય પ્રકાશવડે બધાને જાણે છે. આવો ચૈતન્યપ્રકાશી હીરો તું જ છો. તારો હીરો ખોવાઈ નથી ગયો, એ તો તારામાં જ છે. અનંત ગુણનાં તેજે તારો ચૈતન્યહીરો ઝળકે છે.

જિનનંદનની આવી સરસ વાત સાંભળીને લક્ષ્મીનંદન ઘણો ખુશી થયો, અને પોતાનો ચૈતન્યહીરો પોતામાં જ છે–એ જાણીને તેને અપૂર્વ આનંદ થયો. ચૈતન્યહીરાની પોતામાં જ પ્રાપ્તિ થતાં જડ હીરાનો મોહ છૂટી ગયો. બંને મિત્રો આનંદથી ગાવા લાગ્યા–

**હું ચૈતન્ય-હીરો છું,**
**અનંત ગુણે ભરિયો છું;**
**જ્ઞાનપ્રકાશે ઝળકું છું,**
**સ્વ-પરને પ્રકાશું છું.**
**જડ-હીરાથી જુદો છું,**
**જીવથી કદી ન જુદો છું;**

**અદ્‌ભુત સુખનિધાન છું,**
**સાચો ચેતન-હીરો છું.**

તેઓ બંને આનંદપૂર્વક લખુના ઘરે ગયા; ને ધનજી શેઠને કહ્યું–પિતાજી, મારો હીરો મને મળી ગયો.

જિનુને ત્યાંથી હીરો મળી ગયો, એટલે જરૂર તેની માએ જ તે ચોર્યો હશે, –એમ સમજીને ધનજી શેઠે ક્રોધપૂર્વક ઠપકો દેવા માટે જિનુની મા હીરાબાઈને બોલાવી.

પરંતુ તે આવે ત્યાર પહેલાં તો લખુની માતા હાથમાં ઝગઝગતો પથરો લઈને આવી પહોંચી ને કહેવા લાગી– આ હીરો મળી ગયો છે, માટે ક્રોધ ન કરો. વીંટીમાંથી નીકળી ગયેલો તે હીરો મેં જ બપોરે સાચવીને મુક્યો હતો

ઘરમાંથી જ હીરો મળી જતાં સૌ ખુશી થયા.

એવામાં હીરાબાઈ આવી પહોંચ્યા; તરત ધનજી શેઠે કહ્યું– મા, મને માફ કરો...અમારો હીરો અમારા ઘરમાં જ હતો, પણ ભૂલથી અમે તમારા ઉપર દોષ મૂક્યો.

હીરાબેને ગંભીરતાથી કહ્યું– ભાઈ! આજે આનંદનો દિવસ છે, માટે દુઃખ છોડો. અને આજની ઘટના ઉપરથી એવો બોધ લ્યો કે–પોતાનો ચૈતન્યહીરો પોતામાં જ છે, તેને બહાર ન શોધો. જગતના બીજા કોઈ પદાર્થ વડે જેની કિંમત આંકી ન શકાય એવો ચૈતન્યહીરો દરેક આત્મા પોતે જ છે. અંતરના ચૈતન્યકિરણવડે એને ઓળખો.

–એટલું કહી હીરાબેન ઘરે જતા હતા; ત્યારે શેઠે કહ્યું કે અમારે ત્યાં જમીને જાઓ. (રાત્રે બધા જમવાની તૈયારી કરતા હતા.)

માતાએ કહ્યું–અમે કદી રાત્રિભોજન કરતા નથી.

શેઠે કહ્યું– બેટા જિનુ! તું તો રોકાઈ જા.

જિનુએ ગૌરવપૂર્વક કહ્યું– પિતાજી! આપણે તો ‘જિનવરનાં સંતાન’ છીએ, અને જિનવરના સંતાન તરીકે નીચેની ચાર વસ્તુનું અમે પાલન કરીએ છીએ–

* હંમેશા ભગવાનનાં દર્શન કરીએ છીએ.
* હંમેશા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીએ છીએ.
* રાત્રિભોજન કદી કરતા નથી.
* સીનેમા કદી જોતા નથી.

તેનો મિત્ર લખુ બોલી ઊઠયો–વાહ! મિત્ર, ધન્ય છે તને, અને તને આવા ઊંચા સંસ્કાર આપનાર માતાને! ભાઈ, હું પણ હવેથી તારી સાથે આ ચારે વાતોનું પાલન કરીશ.

ઘરના બધા બોલી ઊઠયા– અમે સૌ પણ આ ચારે વાતનું પાલન કરીશું, ને અમારા ઘરને એક શુદ્ધ જૈનનું આદર્શ ઘર બનાવીશું.

જિનનંદન અને લક્ષ્મીનંદન આજના પ્રસંગથી ખૂબ આનંદિત થયા અને માતાને કહ્યું–મા, આજે તમારા પ્રતાપે આનંદથી જન્મદિવસ ઉજવાયો, અને અમારા જન્મદિવસે અમને ચૈતન્યહીરો મળ્યો.

બેટા! એ ચૈતન્યહીરાના પ્રકાશવડે તમે કેવળજ્ઞાન પામો

એ આજના જન્મદિવસના મંગલ આશીષ છે.

*****

## સહેલું......સુગમ....સુખકર

શુદ્ધ ચૈતન્ય સત્તાનું હોવાપણું પોતાના જ્ઞાન આનંદાદિ અનંત ગુણપણે છે, પરપણે કે રાગપણે તેનું હોવાપણું નથી. આવી શુદ્ધ જીવસત્તાને લક્ષગત કરતાં જ્ઞાન સાથે અનંત ગુણપર્યાયો નિર્મળપણે ઉલ્લસતા અનુભવાય છે. આવા આત્મદ્રવ્યને દ્રષ્ટિમાં લેવું તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, તે આત્મવૈભવ છે, તે મોક્ષમાર્ગ છે. આ પોતાના સ્વઘરની ચીજ હોવાથી સહેલી છે, સુગમ છે, સહજ છે.

પરચીજને પોતાની કરવી તે તો અશક્ય છે. રાગાદિ વિકારને સ્વભાવઘરમાં પ્રવેશ કરવાનું પણ અશક્ય છે; નિર્મળ સ્વભાવને દ્રષ્ટિમાં લઈને નિર્મળ સમ્યક્ત્વાદિ ભાવો ઉત્પન્ન કરવાનું સુગમ છે, સહજ છે. સુખકર છે. તેમાં કોઈની ઓશીયાળ પણ કરવી પડતી નથી, ને તેનાથી પોતાનું મહાન હિત થાય છે–તો આવું ઉત્તમ કાર્ય ક્યો બુદ્ધિમાન ન કરે?

–આત્મવૈભવ.

# પોરબંદરના પ્રવચન-સમુદ્રમાંથી વીણેલાં ૨૦૧ રત્નો

**પોરબંદરમાં ૮૨મી જન્મજયંતી નિમિત્તે પૂ. ગુરુદેવ પધાર્યા અને અગિયાર દિવસ રહ્યા....ત્યારે સમુદ્ર કિનારે જે પ્રવચનસમુદ્ર ઉલ્લસ્યો તે પ્રવચનસમુદ્રમાંથી ૨૦૧ રત્નો વીણીને અહીં ત્રણ રત્નમાળા આપીએ છીએ....તેમાં ઝલકતી ચૈતન્યપ્રભા જિજ્ઞાસુઓને આનંદિત કરશે. ( -બ્ર. હ. જૈન )**

*****

૧. જેનાથી સુખ થાય ને દુઃખ ટળે તે ભાવને મંગળ કહે છે.

૨. આત્મા પોતે અતીન્દ્રિય સુખસ્વરૂપ છે; તે ત્રિકાળ મંગળ છે; એવા આત્માની વાત પ્રેમથી સાંભળવી તે પણ દ્રવ્ય-મંગળ છે; અને અંતરમાં તે સમજીને સમ્યગ્દર્શનાદિ પ્રગટ કરતાં અતીન્દ્રિય સુખ પોતામાં અનુભવાય છે તે ભાવમંગળ છે.

૩. આત્મા અનંત છે, તે દરેક આત્મામાં સર્વજ્ઞસ્વભાવ ભર્યો છે.

૪. આત્માએ જગતના બીજા પદાર્થોનાં મૂલ્ય કર્યા, પણ પોતે પોતાના સ્વભાવના મૂલ્યને જાણ્યું નહીં.

૫. શરીરનાં મૂલ્ય વડે આત્માનું મૂલ્ય થાય નહીં. શરીર તો અચેતન છે, તે અજીવપણે રહ્યું છે, ને ભગવાન આત્મા ચેતનપણે સદા રહ્યો છે.

૬. રાગ-દ્વેષની વૃત્તિઓ વડે પણ જીવની કિંમત થતી નથી; જીવ પોતે પવિત્ર આનંદરૂપ છે, ને પુણ્ય-પાપની લાગણીઓ અપવિત્ર અને દુઃખરૂપ છે. એટલે

તેના વડે જીવનું મૂલ્ય ઓળખાય નહીં; જીવનું સ્વરૂપ તેનાથી પાર છે.

૭. જીવ પોતે ઉપયોગમય છે; ઉપયોગ સ્વરૂપે જ તે અનુભવાય છે; અને આવા અનુભવ વડે જ આત્માનું સાચું મૂલ્યાંકન થાય છે એટલે કે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે.

૮. જેમ શ્રીફળમાં છોતાં, કાચલી ને છાલ એ ત્રણેથી જુદું સફેદ મીઠું ટોપરું છે, તેમ શરીર–કર્મ અને રાગાદિથી જુદું શુદ્ધ ચૈતન્ય આનંદમય આત્મતત્ત્વ છે.

૯. આ રીતે ચેતનસ્વરૂપ આત્મા અને રાગાદિ પરભાવો–એ બંનેને સર્વથા ભિન્ન ઓળખીને જીવ પરભાવોથી જુદો પડે છે, અને જ્ઞાનભાવરૂપે જ રહે છે.

૧૦. જ્ઞાનમાત્ર ભાવમાં રાગાદિભાવોનો અભાવ છે, એટલે તેને કર્મબંધન પણ થતું નથી. આ રીતે જ્ઞાનભાવ વડે જીવ બંધનથી છૂટીને મોક્ષ પામે છે.

૧૧. જે જીવ પોતે જિજ્ઞાસુ થઈને, મોક્ષનો અર્થી થઈને, મોક્ષનો ઉપાય પૂછે છે, તેને આચાર્યદેવ આ મોક્ષની રીત સમજાવે છે.

૧૨. જેને મોક્ષની જિજ્ઞાસા હોય, જેને આત્માનું સ્વરૂપ સમજવાની ખરી જિજ્ઞાસા હોય–એવા ગરજવાન શિષ્યને માટે આ શાસ્ત્ર–વ્યાખ્યા છે.

૧૩. દેહથી ભિન્ન આત્મા ચૈતન્યવસ્તુ છે, તેને રાગનો–દુઃખનો અનુભવ છે; જડને તે અનુભવતો નથી; આનંદનો અનુભવ તેનો સ્વભાવ છે પણ તે આનંદની તેને ખબર નથી. –છતાં તે આનંદનું સ્વરૂપ તો તેનામાં છે જ, તે કાંઈ ચાલ્યું ગયું નથી. તે સ્વરૂપ અહીં ઓળખાવે છે.

૧૪. અજ્ઞાનીને સુખ દેખાય છે ને? –એ સુખ નથી, પણ જેમ સન્નેપાતીઓ રોગી ત્રિદોષના રોગથી, હરખ કરીને પોતાને સુખી–નિરોગી માને, તેની જેમ અજ્ઞાની મિથ્યાત્વાદિ ત્રિદોષથી દુઃખી હોવા છતાં ભ્રમણાથી જ પોતાને સુખી માને છે.

૧૫. ચેતન આત્મા પ્રજ્ઞાસ્વરૂપ છે, તેમાં કાંઈ રાગનો કે કર્મનો પ્રવેશ નથી; તે તો જ્ઞાનમહિમાવંત ભગવાન છે.

૧૬. જે રાગાદિ ભાવો છે તે પ્રજ્ઞાથી જુદા છે, તેનો અનુભવ મલિન છે, અને તેનાથી કર્મો આવતાં હોવાથી તે આસ્રવો છે. જીવની પર્યાયમાં આવા આસ્રવોનું અસ્તિત્વ છે, પણ મૂળ પ્રજ્ઞાસ્વભાવમાં તે નથી.

૧૭. એકકોર જ્ઞાન મહિમાવંત ભગવાન આત્મા, બીજીકોર રાગ–દ્વેષ–મોહરૂપ અજ્ઞાન ભાવો, –એ બંનેની ભિન્નતા ઓળખે ત્યારે જીવને મોક્ષમાર્ગ પ્રગટે, અને ત્યારે તેને આસ્રવોનું કર્તાપણું છૂટે.

૧૮. ઓછી મૂડીવાળા ગરીબને પણ કોઈ લક્ષ્મીવાન કહે તો તે ના નથી પાડતો, પણ ખુશી થાય છે, કેમકે લક્ષ્મીનો પ્રેમ છે. તો અહીં તો આત્મા પોતે ખરેખર અનંતી ચૈતન્યલક્ષ્મી વાળો છે, તેને ભગવાન કહે છે કે હે જીવ! તું ગરીબ નથી, તું મેલો કે રાગી નથી, તું તો પૂર્વ આનંદ અને સર્વજ્ઞતારૂપ વૈભવથી ભરેલો છો. તેનો પ્રેમ લાવીને હા પાડ.....ને અંતરમાં તેને અનુભવગમ્ય કર. અરે, પોતાના આત્માના વૈભવની કોણ ના પાડે?

૧૯. અહા, ચૈતન્યની સંપદાના મહિમાની શી વાત! લોકોને અણુબોંબ હાઈડ્રોજનબોંબ વગેરે જડશક્તિનો વિશ્વાસ અને મહિમા આવે છે. પણ પોતે ચૈતન્યની કોઈ અચિંત્ય શક્તિવાળો છે, તેનો વિશ્વાસ અને મહિમા કરતાં અતીન્દ્રિયસુખ અનુભવાય છે.

૨૦. અરે, આવો મનુષ્યઅવતાર, તેમાં આત્માના સત્યસ્વરૂપને સાંભળવાનો યોગ, અને આત્માનો અનુભવ કરવાનો અવસર, –આવો અવસર જો ચૂકી જઈશ તો ચાર ગતિના ચકરાવામાં ફરી ક્યારે આવો અવસર મળશે?

૨૧. આત્મા પોતે અંતરમાં શું ચીજ છે તેને જાણવાની અને અનુભવવાની તું દરકાર કર.

૨૨. ક્રોધાદિ વિકાર ભાવોમાં જેને દુઃખ લાગે તે તેનાથી ભિન્ન આત્માને ઓળખવાનો ઉદ્યમ કરે; અને ભિન્ન આત્માને ઓળખીને તે સુખી થાય.

૨૩. ભાઈ, તું આત્મા છો, આત્મા કર્તા થઈને શું કરે? કે જ્ઞાનકાર્યને કરે–એ તેનું સાચું કામ છે; રાગ પણ તેનું કાર્ય ખરેખર નથી, ને જડ શરીરમાં કામ તો આત્મામાં કદી નથી; તેનો કર્તા આત્મા નથી.

૨૪. જ્ઞાનને ભૂલીને અજ્ઞાનથી જીવ પોતાને જડનો તથા રાગનો કર્તા માને છે, તે કર્તાબુદ્ધિને લીધે સંસાર અને દુઃખ છે. જ્ઞાનમાં તેનો અભાવ છે. જ્ઞાન થતાં રાગાદિનું કર્તૃત્વ છોડીને આત્મા મોક્ષને સાધે છે. તે જ્ઞાન કેમ થાય? તેની આ વાત છે.

૨૫. ધર્મી જાણે છે કે હું તો આનંદનું ધામ છું. આનંદના ધામમાં દુઃખ કેવું? અજ્ઞાન ભાવો કેવા?

૨૬. આત્મા ચેતનધામ છે. તે સ્વયં સ્વ–પરને ચેતનારો છે; અને ક્રોધાદિ આસ્રવભાવો તો ચેતના વગરનાં છે, તેઓ પોતાને કે પરને પણ જાણતાં નથી. તે ક્રોધાદિને કોણ જાણે છે? –કે તેનાથી જુદો પડેલો એવો ચેતનભાવ જ તેને જાણે છે. આ રીતે ચેતનાને અને ક્રોધને વિરુધ્ધપણું છે.

૨૭. ચેતના તે આત્માનો અવિરુધ્ધસ્વભાવ છે; એ પુણ્ય–પાપ વગેરે ભાવો આત્માથી વિરુધ્ધ સ્વભાવવાળા છે. ભગવાન! તારાથી વિરુધ્ધ જે ભાવ હોય તે તને હિતનું કારણ કેમ થાય? ન થાય. પુણ્યરાગ તે કાંઈ મોક્ષનું કારણ નથી, તે તો સંસારનું જ કારણ છે.

૨૮. ૪૫ લાખ જોજનના અઢી દ્વીપમાંથી દરેક છ માસ ને આઠસમયે ૬૦૮ મનુષ્યો મોક્ષને પામે છે. તેઓ કઈ રીતે મોક્ષ પામે છે? –આત્મામાં અનંત સ્વાધીન શક્તિઓ છે, તેને સાધી–સાધીને મોક્ષ પામે છે.

૨૯. આત્માની શક્તિઓનું અદ્દ્ભુત વર્ણન આ સમયસારમાં કર્યું છે; આત્માનો અદ્દ્ભુત વૈભવ સંતોએ બતાવ્યો છે. આત્મા પોતાના ચૈતન્યજીવન વડે જીવનારો છે. પોતાની ચૈતન્યશક્તિથી આત્મા સદા જીવતો છે. આવ ચૈતન્યજીવનને જાણે તે અમરપદ પામે.

૩૦. ચૈતન્યશક્તિથી જીવનારો આત્મા છે, તે કદી મરતો નથી. શરીર વગર આત્મા જીવે છે, રાગ વગર જીવે છે, પણ ચેતના વિના તે એક ક્ષણ પણ જીવે નહીં.

૩૧. શરીર અને ઇન્દ્રિયો વગેરે તે કાંઈ આત્માને જીવવાના ખરા પ્રાણ નથી; એના વગર જીવનારો આત્મા છે, તે પોતાના ચૈતન્યરૂપ ભાવપ્રાણથી જ જીવનારો છે.

૩૨. અરે જીવ! તારા જીવનને તો તું જાણ. જીવત્વાદિ નિજ શક્તિને જાણતાં તને પરમ સુખ થશે.

૩૩. આત્માના સ્વભાવની પોતાની આ વાત છે. પરભાવનો જ પરિચય હોવાથી, અને સ્વભાવનો અભ્યાસ ન હોવાથી આ વાત સૂક્ષ્મ લાગે છે. ઇન્દ્રિયથી કે રાગથી સમજાય તેવું સ્વરૂપ નથી તેથી તે સૂક્ષ્મ તો છે, પણ અંદરના અભ્યાસ વડે પોતે પોતાને સ્વાનુભવગોચર થાય એવો આત્માનો સ્વભાવ છે.

૩૫. રાગમાં એવો સ્વભાવ નથી કે પોતે પોતાને જાણે. રાગ પોતે રાગને નથી જાણતો, ને આત્માને પણ નથી જાણતો–કેમકે તેનામાં ચેતનસ્વભાવ નથી.

૩૬. ચેતનસ્વભાવી આત્મા જ એવો છે કે સ્વયં પોતે પોતાને જાણે છે, ને રાગને પણ જાણે છે, પોતે પોતાને જાણવા માટે બીજા કોઈની જરૂર પડતી નથી. –આવો ચૈતનસ્વભાવ તે આત્મા છે.

૩૭. ક્રોધાદિ પરભાવોને જાણવા માટે તો તેનાથી જુદા એવા બીજાની (એટલે કે જ્ઞાનની) જરૂર પડે છે, કેમકે ક્રોધાદિભાવોમાં સ્વ–પરને જાણવાનો સ્વભાવ નથી.

૩૮. આ રીતે આત્મા અને ક્રોધાદિનું અત્યંત ભિન્નપણું છે. તે ક્રોધાદિ ભાવો આત્માના ચેતનસ્વભાવમાં પ્રવેશ કરતાં નથી, બહાર જ રહે છે.

૩૯. રાગાદિ ભાવો (અશુભ કે શુભ બધાય) ચેતનસ્વભાવથી બહાર છે તેથી તેમને જડસ્વભાવ કહ્યા છે. તે જડસ્વભાવરૂપ રાગાદિ ભાવોનું કર્તૃત્વ તારા ચેતનસ્વભાવમાં કેમ હોય?

૪૦. અરે, અનાદિ અજ્ઞાનથી, જ્ઞાનને અને રાગાદિને એકમેક માનીને જીવ પોતાને રાગાદિરૂપે જ અનુભવતો થકો તેનો કર્તા થાય છે. આ અજ્ઞાનજનિત કર્તાપણાથી જ કર્મો બંધાય છે.

૪૧. ચેતનસ્વભાવમાં વળેલું જ્ઞાન, કે જે જ્ઞાનમાં રાગાદિનો સર્વથા અભાવ છે, તે જ્ઞાન વડે ધર્મ થાય છે ને કર્મ અટકે છે.

૪૨. ધર્મ કહો કે ભેદજ્ઞાન કહો, કે આત્માનું વીતરાગી સુખ કહો, તે અપૂર્વ ચીજ છે. અંદરમાં લક્ષગત કરીને તેનો પ્રયોગ કરવા જેવો છે.

૪૩. આ ચૈતન્યતત્ત્વ તો અચરજની ચીજ છે. એનો અનુભવ પણ પરમ આનંદકારી છે. રાગવડે કે ઇન્દ્રિયજ્ઞાન વડે એનો અનુભવ થતો નથી.

૪૪. શરીરની ક્રિયામાં કે રાગમાં મળી જાય એવો સોંઘો આત્મા નથી. આત્મા તો આત્મા તરફ ઝુકેલા અતીન્દ્રિયજ્ઞાન વડે જ પ્રાપ્ત થાય છે. આ સિવાય બીજી રીતે આત્માનો ધર્મ લેવા જાય તો તેને ધર્મ નહીં મળે. એની મહેનત નકામી જાશે ને સંસારભ્રમણ થાશે.

૪૫. અરે, બાપુ! આત્માના સ્વભાવની આવી વાત મળવી દોહ્યલી છે.....તું ચેતી જા! બાપુ, તારા સુખના મારગડા અંદરમાં છે. અંદર નજર કરીને શોધ. જ્યાં છે ત્યાંથી મળશે; જ્યાં નથી ત્યાં શોધ્યે મળશે નહીં.

૪૬. રેતીમાં જે ગરમ હવાનાં મોજાં છે તેને પાણી માનીને મૃગલાં દોડે છે, પણ કાંઈ એ ઝાંવવાથી તે તરત છીપે? ના; તેમ ભગવાન આત્મા પોતાના અંતરમાં જ સુખનું સરોવર ભરેલું છે તેને છોડીને દૂરદૂર રાગમાં ને ઇન્દ્રિયવિષયોમાં સુખ લેવા દોડે છે.....પણ અરેરે! એ ઝાંઝવામાંથી એને સાચું સુખ ક્યાંથી મળે? આનંદનું સરોવર તો પોતે જ છે.

૪૭. હે જીવ! બાહ્યવિષયો તરફ દોડવાનું છોડીને તારા ચૈતન્યસરોવરમાં તું આવ, ત્યાં તને આત્માનું સાચું સુખ મળશે.

૪૮. અંદર આનંદના સરોવરમાં જવાના રસ્તા જગતથી કાંઈક જુદા છે; સંતોના એ મારગ મોંઘા લાગે કે સોંઘા–પણ સત્યમાર્ગ એ એક જ છે. સુખી થવું હોય તો સંતોએ બતાવેલો આ રાગ વગરનો અંદરના જ્ઞાનનો માર્ગ લે. આનાથી સોંઘો કે મોંઘો કોઈ બીજો માર્ગ જ નથી.

૪૯. ધર્મ કરે ત્યાં અંદરથી આત્માને આનંદનો સ્વાદ આવે, ને પોતાને તેની ખબર પડે.

૫૦. વીતરાગી સંતોના નાદે આત્મા ડોલી ઊઠે છે.....ને સ્વભાવના પંથે ચડી જાય છે. જેમ અફીણના બંધાણીને 'ચડયો.....ચડયો.....' કહેતાં નશો ચડે છે, તેમ આત્માને સાધવાને માટે જે બંધાણી થયો છે, આત્માને સાધવાની જેને ધગશ છે–તાલાવેલી છે, તેને સંતો આત્માનો ઉલ્લાસ ચડાવે છે કે અરે જીવ! તું જાગ રે જાગ.... તારા ચૈતન્યમાં અપૂર્વ તાકાત છે તેને તું સંભાળ! કેવળજ્ઞાનના ભંડાર તારામાં છે. –એમ સંતોના નાદ સાંભળતાં મુમુક્ષુનો આત્મા ઉલ્લાસથી જાગી ઊઠે છે ને ઉપયોગને અંતરમાં વાળીને આત્માનો અનુભવ કરે છે. (પણ વચ્ચે રાગથી ધર્મ થવાનું માને તો મોક્ષને સાધવાનો પાવર ઊતરી જાય છે; રાગની રુચિ કરે તેને કદી મોક્ષને સાધવાનો ઉલ્લાસ ઊછળે નહીં. ચૈતન્યની રુચિનો પાવર ચડે ત્યાં રાગની રુચિ રહે નહીં.)

૫૧. રાગથી ધર્મ મનાવે તેમાં તો રાગની પુષ્ટિ છે. જીવને રાગની રુચિ તો અનાદિની છે, તે રાગના પોષણનો ઉપદેશ જ્ઞાની કેમ આપે? જ્ઞાની તો રાગથી તદ્દન

જુદો ચેતનસ્વભાવ બતાવે છે. એવા ચેતનસ્વભાવનો અનુભવ તે સમ્યગ્દર્શન છે, તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે. આ સિવાય બીજા ઉપાયે મોક્ષમાર્ગ થતો નથી.

૫૨. સમ્યક્પ્રકારે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવરૂપે પરિણમે તેને ‘સમયસાર’ કહેવાય છે, ને તેનું વાચક આ સમયસાર–શાસ્ત્ર છે. શબ્દ જુદો છે ને તેના વાચ્યરૂપ પદાર્થ જુદો છે; જ્ઞાનમાં તે બંનેને જાણવાની તાકાત છે.

૫૩. नमो अरिहंताणं તે પણ આત્માના ગુણોનું સૂચક છે. જ્ઞાનસ્વભાવી આત્માનું ભાન કરીને જેણે કેવળજ્ઞાનાદિ શુદ્ધતા પ્રગટી છે અને રાગ–દ્વેષ–મોહરૂપ અરિને હણ્યા છે–એવા શુદ્ધઆત્મા તે અરિહંત છે. પાંચે પરમેષ્ઠી પદ તે આત્માની શુદ્ધતામાં જ સમાય છે, આત્માની શુદ્ધદશાનાં તે નામ છે. દરેક આત્મા શુદ્ધ દશા પ્રગટ કરીને સાધુ–અરિહંત ને સિદ્ધ થઈ શકે છે.

૫૪. ધર્મી જીવને પંચપરમેષ્ઠી પ્રત્યે પ્રેમ–ભક્તિ–બહુમાન હોય છે; તેની વંદના–પૂજાનો ભાવ તે શુભભાવ છે. પણ ધર્મી તે શુભથીયે પાર પોતાના આનંદસ્વરૂપને જાણે છે.

૫૫. શાસ્ત્રમાં રાગ ઘટાડવા ને ધર્મપ્રેમ વધારવા માટે દાનનો એવો ઉપદેશ આપે કે –અરે જીવ ! પૂર્વ તારા ગુણમાં વિકૃતિ થતાં રાગ થયો ને પુણ્ય બંધાયા તે પુણ્ય ફળમાં તને આ સંપદા મળી, તો ધર્મની પ્રભાવનાના કાર્યમાં તું તેનો સદુપયોગ કર. જો સત્નું બહુમાન અને રાગની મંદતા પણ નહિ કર ને લોભની તીવ્રતા પૂર્વક મરીશ તો દુર્ગતિમાં જઈશ.

૫૬. ધર્મ અને આત્માનો અનુભવ તો તે મંદરાગથી પણ પાર છે, જ્ઞાનસ્વભાવ રાગથી એવો નિરપેક્ષ છે કે જેના અનુભવમાં રાગનો સ્પર્શ નથી. શુભરાગ વડે આત્મા અનુભવમાં આવી જાય–એવો નથી.

૫૭. આત્માનો એવો નિરાકુળસ્વભાવ છે કે તે કદી દુઃખનું કારણ થતો નથી; ને રાગાદિ તો દુઃખનાં જ કારણ છે. –એ રીતે બંનેનું સ્વરૂપ જુદું છે. આવી ભિન્નતાના ભાન વડે જ રાગથી જુદો આત્મા ચૈતન્યસ્વરૂપે અનુભવમાં આવે છે.

૫૮. અનુભવમાં આત્મા સ્વયં પોતે પોતાને સ્પષ્ટ પ્રકાશે છે; આત્માને પોતાને પ્રકાશવામાં–જાણવામાં કોઈ બીજાની, રાગની ઇન્દ્રિયની કે બહારનાં જાણપણાની

ઓશીયાળ નથી. સ્વયં પોતે પોતાની શક્તિથી જ પોતાને પ્રકાશે–એવો સ્વભાવ છે.

૫૯. ભગવાન તારા સ્વભાવની વાત હોંશથી તેં કદી સાંભળી નથી. દેવો પણ સ્વર્ગમાંથી જેની વાત સાંભળવા અહીં મનુષ્યલોકમાં આવે છે તેના મહિમાનું શું કહેવું? આવા ચૈતન્યની વાર્તા સાંભળતા તેની પ્રીતિ જેને જાગી તે જીવ અલ્પકાળમાં જરૂર મોક્ષ પામે છે.

૬૦. અરે, અંદર આનંદઘન આત્મા છે તેને સ્પર્શવા માટે ઊમળકો તો લાવ! સિંહ ને હાથી જેવા પ્રાણીઓ પણ જે સાંભળતાં અંદર ચૈતન્યના તેજની વીજળી પ્રગટાવીને પોતાને પરમાત્માપણે અનુભવી લ્યે છે.....એવી આ વાત મહાભાગ્યે તને સાંભળવા મળી છે. બાપુ! આત્માનું હિત કરવું હોય તો અંદર ઊતરીને આત્માનું સ્વરૂપ સમજ.

૬૧. પતિવ્રતા સતી જે પતિને પરણી તે સિવાય બીજાને ચાહે નહીં; તેમ અંતરમાં જેણે પોતાના ચૈતન્યપતિ સાથે પ્રીતલડી બાંધી છે તે ધર્મી જીવ બીજા કોઈ પરભાવનો પ્રેમ કરતા નથી. આત્માનો પ્રેમ હોય ને રાગનો–પુણ્યનો પણ પ્રેમ રાખે –એમ બની શકે નહીં.

૬૨. આત્મા તો અતીન્દ્રિય–સુખનું ધામ છે ને રાગાદિ તો દુઃખનું ધામ છે, તેમને એકબીજા સાથે કારણ–કાર્યપણું નથી; બંનેને અત્યંત જુદાઈ છે.

૬૩. જીવના ભાવ ત્રણ પ્રકારના છે–અશુભ–પાપ; શુભ–પુણ્ય; અને તે બંનેથી પાર એવો શુદ્ધ–વીતરાગભાવ તે ધર્મ, આમાં પુણ્ય અને પાપના ભાવ જીવે અનંતકાળથી કર્યા છે, પણ આત્માનો ચૈતન્યસ્વભાવ તેનાથી જુદો છે, તે સ્વભાવની ઓળખાણ જીવે કદી કરી નથી. એટલે કે જ્ઞાનમય શુદ્ધભાવ જીવે કદી કર્યો નથી. એવો શુદ્ધભાવ, રાગ વગરનો ભાવ પ્રગટ કરવો તે ધર્મ છે.

૬૪. અનાદિકાળથી શુભ–અશુભ રાગ કરીને સંસારમાં રખડયો છે, પણ ભેદજ્ઞાનવડે તેનાથી છૂટીને જીવ વીતરાગભાવ કરી શકે છે. જ્યારથી સમ્યગ્જ્ઞાન થયું ત્યારથી જીવ પોતાને રાગથી જુદો શુદ્ધચૈતન્યરૂપ અનુભવે છે.

૬૫. પુણ્યના ફળમાં સ્વર્ગાદિ મળે, પાપના ફળમાં નરકાદિ મળે, પણ એ બંનેથી

પાર શુદ્ધ જ્ઞાનભાવ વડે જ મોક્ષ સધાય છે. અજ્ઞાની લોકો પુણ્યવડે મોક્ષ સાધવા માંગે છે, પણ એ તો સંસારનું કારણ છે.

૬૬. જેને અંતરમાં ધર્મ પ્રગટે એટલે કે શુદ્ધ–જ્ઞાન–આનંદનો અનુભવ થાય તેને પોતાના મોક્ષની ખબર પડે કે અમે હવે મોક્ષના પંથમાં ભળ્યા છીએ.

૬૭ પ્રશ્નઃ– અત્યારે પંચમકાળમાં આવો મોક્ષમાર્ગ થઈ શકે ?

ઉત્તરઃ– હા; અત્યારે પણ આત્માનો અનુભવ અને મોક્ષમાર્ગ થઈ શકે છે; એવો અનુભવ કરનારા જીવો અત્યારે પણ અહીં છે.

૬૮. આત્માના સ્વાનુભવનો જે આનંદ છે તેને જ્ઞાની જ જાણે છે; બહારના પદાર્થોની ઉપમાવડે, વાણીવડે કે કલ્પનાવડે તે અનુભવના આનંદનો ખ્યાલ આવી શકે નહીં.

૬૯. ચૈતન્યના અનુભવનો જે માર્ગ, –તેને જગતની સાથે કે રાગની સાથે મેળવી શકાતો નથી; એ માર્ગ તો અંદર ચૈતન્યતત્ત્વના સત્ત્વમાં સમાય છે.

૭૦. અહા, સિદ્ધસમાન પોતાનું સ્વરૂપ જે અનુભવમાં દેખાય, તે અનુભવની શી વાત ! આવા અનુભવ વગર મોક્ષના માર્ગની એટલે કે ધર્મની શરૂઆત ન થાય. ગૃહસ્થપણામાં રહેલા ધર્મીનેય આવો અનુભવ થઈ શકે છે.

૭૧. અરે, આ હાડ–માંસના માળામાં રહેવું–એ કેમ મટે ? અને અશરીરી સિદ્ધપદ કેમ પમાય ? –એવી ચૈતન્યકળા આ સમયસારમાં બતાવી છે.

૭૨. ધર્મને માટે–સુખને માટે પહેલાં તો આત્મા અને આસ્રવો વચ્ચેનો તફાવત ઓળખીને તેમને અત્યંત જુદા જાણવા જોઈએ. જુદાપણું જાણીને જ્ઞાનસ્વરૂપ આત્મા સાથે એકતારૂપ, અને રાગાદિ આસ્રવોથી ભિન્નતારૂપ જ્ઞાનનું પરિણમન થાય, તે ધર્મ છે–તે સુખ છે–તે મોક્ષનો પંથ છે.

૭૩. રાગાદિ ભાવો તે કાંઈ ચૈતન્યનાં કિરણ નથી. ચૈતન્યના કિરણમાં રાગ ન હોય; રાગ તો અંધકાર છે, તેમાં ચૈતન્યપ્રકાશ નથી. આ રીતે પ્રકાશ અને અંધકારની જેમ, જ્ઞાન અને રાગને જુદાઈ છે.

૭૪. ભાઈ, આ સંસારની રઝળપટીના દુઃખથી આત્માને છોડાવવા માટે હવે તો તું

તારી દયા કર. તારા આત્માનું દુઃખ કેમ મટે ને સુખ કેમ થાય, તેનો તો વિચાર કર.

૭૫. ચૈતન્યભગવાનનો જેને પોતામાં વિશ્વાસ આવે તેને પુણ્ય–પાપ–રાગ–દ્વેષમાં હિતબુદ્ધિ રહે નહીં. ચૈતન્યની જે વિરુધ્ધ છે તેને તે હિતરૂપ કેમ માને ?

૭૬. રાગને હિતરૂપ માનવો તેમાં તો રાગવગરના ચૈતન્યભગવાનનો આદર થાય છે, તે જ અનંત ક્રોધરૂપ મિથ્યાત્વ છે.

૭૭. જે ભાવને પોતાના ચૈતન્યતત્ત્વથી વિરુધ્ધ જાણ્યા તેના કર્તૃત્વની બુદ્ધિ રહેતી નથી, એટલે ધર્મીને આસ્રવોનું કર્તૃત્વ છૂટીને જ્ઞાનભાવનું જ કર્તૃત્વ રહે છે. –આવો જ્ઞાનભાવ તે મોક્ષનું સાધન છે. તેના વડે જ્ઞાની ઓળખાય છે.

૭૮. આત્માના જ્ઞાન વગર, જરાક રાગથી કે દયા–દાનથી, કે દેહની ક્રિયાથી મોક્ષ થવાનું અજ્ઞાની–કુગુરુઓ બતાવે છે, ને અજ્ઞાની જીવો તેનાથી છેતરાય છે, –પણ એ તો સંસારમાં ડુબે છે.

૭૯. ભાઈ, રાગ તો દુઃખદાયક છે; તારા ચૈતન્યમાં રાગ કેવો ને દુઃખ કેવું ? ચૈતન્યતત્ત્વ તે તો આનંદનો સાગર છે; તેનો અનુભવ, તેના તરંગો તો આનંદરૂપ છે.

૮૦. જે જીવ ખરેખર આ રીતે આત્મસ્વભાવને અને રાગને જુદા ઓળખે છે તે રાગાદિ પરભાવોથી પાછો ફરે છે અને આત્મસ્વભાવને જ સ્વપણે અનુભવતો થકો જ્ઞાનઘનરૂપ થાય છે. આનું નામ ભેદજ્ઞાન છે, ને તે મોક્ષમાર્ગ છે.

૮૧. આત્માને કેમ દેખવો ? –કે અંદર અંધારા વખતે પણ ‘આ અંધારું છે ’એમ જે જાણે છે તે જાણનાર તત્ત્વ પોતે અંધારારૂપ નથી, તે તો ચૈતન્યપ્રકાશરૂપ છે. આવો ચૈતન્યપ્રકાશ જેનામાં છે તે પોતે આત્મા છે. આ રીતે ચૈતન્યપ્રકાશ દ્વારા આત્માને રાગથી જુદો દેખવો.

૮૨. ચૈતન્યપ્રકાશવડે આત્માને રાગથી તદ્દન જુદો અનુભવમાં લીધો, ત્યાં ભેદજ્ઞાન વડે ધર્મીના અંતરમાં આનંદનો અવતાર થયો છે.

આવા આનંદ–અવતારી કહાનગુરુને નમસ્કાર હો.

*( પ્રવચન સમુદ્રના ૨૦૧ રત્નોમાંથી ૮૨ રત્નોની પહેલી રત્નમાળા અહીં પૂરી થઈ. )*

卐 ( બીજી રત્નમાળા ૫૭ રત્નોની શરૂ ) 卐

પોરબંદરમાં સમુદ્રકિનારે કહાનગુરુના શ્રીમુખથી જિનવાણીનો વીતરાગી પ્રવચનસમુદ્ર ઉલ્લસી રહ્યો છે ને હજારો શ્રોતાજનો એના મધુર તરંગો ઝીલી રહ્યા છે; તે પ્રવચનસમુદ્રનાં રત્નો વડે ગૂંથેલી ૨૦૧ રત્નોની માળા આપ વાંચી રહ્યા છો.

૮૩. ભેદજ્ઞાન તે મંગળરૂપ છે.

૮૪. ભેદજ્ઞાન તેને કહેવાય કે જે રાગાદિ સમસ્ત પર ભાવોથી જુદું પડે અને જ્ઞાનભાવરૂપ થઈને પરિણમે.

૮૫. રાગમાં જે તન્મય રહે, રાગના અંશથી જે લાભ માને, રાગને ધર્મનું સાધન માને, તે તો અજ્ઞાન છે, તેને ભેદજ્ઞાન કહેતા નથી. સાચું જ્ઞાન તો આત્મા તરફ ઝુકેલું છે, અને રાગાદિથી જુદું પડેલું છે.

૮૬. આવું સમ્યગ્જ્ઞાન કેમ થાય? આત્માના અનુભવની બહુ જિજ્ઞાસાથી શિષ્ય પૂછે છે કે પ્રભો! આત્માનું આવું જ્ઞાન કઈ રીતે પ્રગટ કરવું? તે જ્ઞાનમાં આત્મા કેવો અનુભવાય છે? –આવી ધગશવાળા શિષ્યને શ્રીગુરુ આત્માના અનુભવની રીત સમજાવે છે. ( સ. ગાથા ૭૩ )

૮૭. આત્માની અલૌકિક ચૈતન્યવિદ્યાની આ વાત છે. આ ચૈતન્યવિદ્યાનાં ભણતર જીવ કદી ભણ્યો નથી. અંતરના અપૂર્વ અભ્યાસ વડે પોતે પોતાના આત્માને પ્રત્યક્ષ અનુભવમાં લેવાની આ વાત છે.

૮૮. આત્મા પોતે પોતાને જાણી શકે છે. ઇન્દ્રિયજ્ઞાનવડે આત્મા અગોચર છે, પણ સ્વાનુભૂતિરૂપ અતીન્દ્રિયજ્ઞાનમાં તો પોતે પોતાને ગમ્ય થાય છે એટલે અનુભવગોચર છે.

૮૯. આવા આત્માને અંદરના નિર્વિકલ્પ અનુભવવડે અનુભવગમ્ય કરીને, તે અનુભવના આનંદમાં કલમ બોળીબોળીને કુંદકુંદાચાર્યદેવે આ શાસ્ત્ર રચ્યું છે. જેવા રંગની શાહી હોય તેવા અક્ષર લખાય, તેમ ચૈતન્યના રંગવાળી, સ્વાનુભવરૂપી શાહીથી લખાયેલ આ શાસ્ત્રમાં આત્માના અનુભવનું વર્ણન છે.

૯૦. અનુભવ કરનાર જીવ પહેલાં તો જ્ઞાનના બળથી આત્માના શુદ્ધ સ્વરૂપનો નિર્ણય કરે છે; તે નિર્ણય કરીને અંતર્સન્મુખ થાય છે.

૯૧. કેવો નિર્ણય કરે છે? –હું એક આત્મા જ્ઞાનદર્શનસ્વરૂપ છું અને મારા સ્વાનુભવમાં હું સદાય પ્રત્યક્ષ છું. અન્ય કોઈ ભાવો જરા પણ મારાં નથી.

૯૨. ઇન્દ્રિયજ્ઞાન એટલે કે પરોક્ષપણું તે આત્માનો સ્વભાવ નથી. ઇન્દ્રિયજ્ઞાનવડે તેને જાણી ન શકાય. ઇન્દ્રિયથી જુદો પડી, અંતર્મુખ અતીન્દ્રિય ઉપયોગવડે આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ થાય છે.

૯૩. અંતરમાં મારો ઉદય સદાય વિજ્ઞાનઘન સ્વભાવરૂપે જ છે. મારો આત્મા અનાદિઅનંત સદાય ચૈતન્યપણે જ રહેલો છે; એનાથી વિપરીત કોઈપણ બીજા ભાવો તે હું નથી. –આમ આત્માનો નિર્ણય કરવો.

૯૪. કર્તા–કર્મ–આધાર વગેરે છ કારકો છે; ને જડનાં કારકો જડમાં છે. આત્માનાં કારકો આત્મામાં છે. શરીરનું કર્તાપણું–કર્મપણું કે આધારપણું આત્મામાં નથી; આત્મા શરીરનો કર્તા નથી.

૯૫. જે રાગાદિ વિકારભાવે છે તેનાં કારકો પણ જ્ઞાનસ્વરૂપ આત્મામાં નથી. આત્માને સ્વભાવથી તે રાગાદિ ભાવનું કર્તાપણું નથી, આત્મા તેનો આધાર નથી. તેનાથી રહિત હોવાથી મારો આત્મા શુદ્ધ છે–એમ ધર્મી પોતાને જાણે છે.

૯૬. હવે, મારી નિર્મળ પર્યાયનો હું કર્તા, તે મારું કાર્ય, હું તેનો આધાર–એવા જે ભેદ, તેનાથી પાર શુદ્ધ અનુભૂતિસ્વરૂપ આત્મા છે; શુદ્ધ આત્માની અનુભૂતિમાં કોઈ ભેદ–વિકલ્પ નથી. આવી અનુભૂતિસ્વરૂપ હું છું તેથી હું શુદ્ધ છું. કોઈ અશુદ્ધ ભાવ મારામાં નથી. –આવી વિધિવડે આત્મા આસ્રવોથી છૂટો પડે છે એવો છૂટો પડે છે કે રાગનો એક અંશ પણ કદી પોતાપણે ભાસતો નથી, પોતે સદા જ્ઞાનરૂપ જ રહે છે.

૯૭. જુઓ, આવા ચૈતન્યસમુદ્ર ભગવાન આત્માના અનુભવ વિના કોઈ આસ્રવોથી છૂટવા માંગે તો તે છૂટી શકે નહીં. આસ્રવોથી ભિન્ન ચૈતન્યમાત્ર આત્માને અનુભવમાં લેવો તે જ આસ્રવથી છૂટવાની રીત છે.

૯૮. મોક્ષમાર્ગી સંતો કહે કે અમે આવો શુદ્ધ અનુભવ કર્યો છે ને તમે પણ આવો અનુભવ કરો. તે અનુભવ કરવાની વિધિ અહીં બતાવીએ છીએ.

૯૯. અંદર પોતામાં ભેદ પાડીને હું કર્તા, જ્ઞાન મારું કાર્ય–ઇત્યાદિ વિકલ્પ ઊઠે, તે

વિકલ્પમાં અટકે ત્યાં સુધી આત્મા શુદ્ધપણે અનુભવમાં આવતો નથી. અને જ્યાં આત્માની શુદ્ધઅનુભૂતિ થઈ ત્યાં કોઈ વિકલ્પ તેમાં રહેતો નથી, કર્તા–કર્મના કોઈ ભેદ રહેતા નથી. આવી અનુભૂતિસ્વરૂપ ધર્મી પોતાને જાણે છે.

૧૦૦. આત્માની અનુભૂતિ પરમ આનંદરૂપ છે. જ્યાં અનુભૂતિ થઈ ત્યાં ભાન થયું કે અહા, હું તો ત્રણેકાળ આવી અનુભૂતિસ્વરૂપ જ છું. ચેતનની અનુભૂતિથી છૂટીને જડરૂપ કે રાગરૂપ મારો સ્વભાવ કદી થયો નથી.

૧૦૧. જેણે પોતાના આત્માને આવો શુદ્ધ અનુભૂતિસ્વરૂપ અનુભવ્યો તે જીવ હવે રાગાદિને પોતાપણે કેમ અનુભવે? એટલે આસ્રવોમાં તે કેમ વર્તે? ન જ વર્તે. આ રીતે આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને જાણતો થકો આસ્રવોથી છૂટે છે.

૧૦૨. મારી અનુભૂતિ ચૈતન્ય ભાવમય છે; ચૈતન્યથી ભિન્ન ક્રોધાદિ કોઈ પણ ભાવોનું મમત્વ મને નથી, તેનું કર્તૃત્વ મને નથી, તેનું સ્વામીત્વ મને નથી, તેથી હું મમતારહિત છું. –આ રીતે જ્ઞાનથી અન્ય કોઈ પણ ભાવમાં ધર્મીને મમત્વ નથી, તેમાં પોતાપણું નથી.

૧૦૩. જેણે અંતર્મુખ ધ્યાનદ્વારા પોતાના સર્વજ્ઞસ્વભાવને અનુભવમાં લીધો તેણે રાગને પોતાથી જુદો પાડયો......તેને ભેદજ્ઞાન થયું......તે નિર્મોહી ધર્મી થયો.

૧૦૪. જેમ સ્વચ્છ જળને જાણતાં તેમાં પ્રતિબિંબરૂપ એવા ચંદ્ર વગેરે પણ દેખાય છે; તેમ આત્માનો સર્વજ્ઞસ્વભાવ જ્યાં રાગ વગરનો સ્વચ્છ થઈને પરિણમ્યો ત્યાં તે સ્વચ્છ જ્ઞાનસરોવરમાં જગતના બધા પદાર્થોનું જ્ઞાન પણ થઈ જાય છે. પરજ્ઞેયને જાણવા પર તરફ જ્ઞાનને લંબાવું પડતું નથી. પોતે પોતાને જાણતાં જગત પણ જણાઈ જાય છે.

૧૦૫. અહો, આવા સર્વજ્ઞસ્વભાવને અમે પ્રતીતમાં લીધો.....હવે મોક્ષ માટે આવા પોતાના સ્વભાવમાં જ વળવાનું રહ્યું, બહાર જોવાનું ન રહ્યું.

૧૦૬. આત્માને જાણવા માટે, કે આત્માનું ધ્યાન કરવા માટે ક્યાંય બહાર નજર લંબાવવી નથી પડતી પણ અંતરમાં પોતે પોતામાં નજર કરીને એકાગ્ર થવાનું છે, એટલે આત્મા ક્યાંય બહારમાં નથી, પોતે પોતાના સ્વભાવમાં વ્યાપક છે. આવો આત્મા પોતે પોતાને સ્વસંવેદન–પ્રત્યક્ષ છે.

૧૦૭. આત્મામાં રમે તે રામ.....રાગમાં રમે તે હરામ.

૧૦૮. અપમાન થતાં ઓગળી જાય, કે માન મળતાં વેંચાઈ જાય–એવો આત્મા નથી; આત્મા તો માન–અપમાનથી પાર ચૈતન્યમાત્ર વસ્તુ છે.

૧૦૯. આત્મા દેખાય? હા; જ્ઞાનની સ્વસંવેદનક્રિયાવડે આત્મા પોતે પોતાને સાક્ષાત્ થાય છે. પણ જડની ક્રિયા વડે કે રાગની ક્રિયા વડે દેખવા માંગે તો આત્મા દેખાય નહીં.

૧૧૦. જગતમાં સૌથી મોટો એવો સ્વયંભૂ નામનો સમુદ્ર અસંખ્ય રત્નોથી ભરેલો છે; તેમ અસંખ્યપ્રદેશી એવો આ સ્વયંભૂ–ચૈતન્યસમુદ્ર છે તે પોતાના અનંત ગુણ–રત્નોથી ત્રણેકાળ ભરેલો છે.

૧૧૧. આત્માના આવા સ્વભાવનું શ્રવણ–બહુમાન અને વિચાર કરતાં પણ મોહ મંદ પડી જાય છે, ને પછી યથાર્થ નિર્ણયના બળે મોહનો નાશ થઈને સમ્યગ્દર્શન થાય છે.

૧૧૨. અહો, અંતરમાં આત્માના રહસ્યના ઉકેલ કરવાની આ વાત છે. વાણીમાં જે આવે નહી, વિકલ્પથી જેનો પાર પમાય નહિ. જ્ઞાનચેતના વડે જ જેનો પાર પમાય એવો આત્મા છે.

૧૧૩. ચેતનાથી જુદા એવા રાગનું જેને સ્વામીત્વ છે તે નિર્મમ નથી, તે તો રાગની મમતા વાળો છે, રાગથી ભિન્ન આત્માને તે અનુભવતો નથી.

૧૧૪. આત્માને જ્ઞાનસ્વરૂપે અનુભવે તેને રાગનું મમત્વ રહે નહીં, રાગના અંશને પણ તે પોતામાં માને નહિ.

૧૧૫. ૐ ધ્વનિના નાદવડે સર્વજ્ઞપરમાત્માનો આદેશ છે કે હે જીવો! તમે તમારા જ્ઞાનાનંદમય સ્વભાવના જ સ્વામી છો, રાગાદિ પરભાવના સ્વામી તમે નથી; માટે તે પરભાવનું મમત્વ છોડી પોતાને સહજ જ્ઞાનસ્વભાવપણે જ અનુભવો. –એ જ મોક્ષની રીત છે.

૧૧૬. સહજ સ્વભાવની અનુભૂતિ રાગનાં સાધન વડે થતી નથી. અનુભૂતિમાં સ્વભાવ પોતે જ પોતાનું સાધન થાય છે.

૧૧૭. મારી જ્ઞાનવસ્તુ પોતાનું જ્ઞાનપણું છોડીને રાગપણે કદી થતી નથી; હું તો જ્ઞાન જ છું.–એમ જ્ઞાનપણે જ પોતાને અનુભવનાર જ્ઞાનીને જ્ઞાન સિવાય બીજે ક્યાંય પોતાપણું ભાસતું નથી, તેથી તે સર્વત્ર મમતારહિત છે.

૧૧૮. હું પોતે જ મારો પારસમણિ ચિંતામણિ છું, મારા જ્ઞાન–આનંદનો ખજાનો મારામાં જ છે, બીજા કોઈ પાસેથી કાંઈ લેવાનું મારે નથી.

૧૧૯. પોતાની વસ્તુ પોતાના સ્વભાવથી પરિપૂર્ણ છે–એવો જે નિર્ણય કરે તે અંતરમાં જઈને તેનો અનુભવ કરે. વિકલ્પમાં તે અટકે નહિ.

૧૨૦. આખો ચૈતન્ય–રત્નાકર જેને મળ્યો તે વિકલ્પરૂપી કાંકરા કેમ વીણે? રાજહંસ સાચા મોતીના ચારા છોડીને કાંકરાને કેમ ચરે?

૧૨૧. આત્માના અનુભવની, એટલે કે મોક્ષસુખની જેને અભિલાષા હોય તેણે પરીક્ષા કરીને જ્ઞાનવડે આત્માના સ્વભાવનો નિર્ણય કરવો જોઈએ, કે હું એક જ્ઞાનસ્વભાવી, પરભાવોની ભેળસેળ વગરનો શુદ્ધ છું, આવો નિર્ણય થાય ત્યાં રાગાદિ આસ્રવોની પક્કડ છૂટી જાય ને ચૈતન્યસમુદ્ર પોતે પોતામાં નિમગ્ન થાય.

૧૨૨. જે રાગાદિ દોષ છે તે તો ક્ષણિક અવસ્થામાં છે, આખોય આત્મા કાંઈ દોષરૂપ નથી; આત્મા તો પરિપૂર્ણ જ્ઞાન–દર્શન સ્વભાવરૂપ છે. તે સ્વભાવમાં રાગાદિનું સ્વામીત્વ નથી. એ સ્વભાવનું ભાન થતાં અવસ્થામાં પણ રાગાદિ દોષથી રહિત જ્ઞાનદશા પ્રગટે છે. આવા જ્ઞાનના સંસ્કાર આત્મામાં રેડવા જેવા છે.

૧૨૩. અધ્યાત્મજ્ઞાનના સંસ્કાર એ તો ભારતની મૂળ વિદ્યા છે.

૧૨૪. અગાઉના જમાનામાં માતાઓ નાના બાળકોને હાલરડામાં પણ શુદ્ધ–બુદ્ધતત્ત્વના સંસ્કાર નાંખતી હતી. અંદરમાં તત્ત્વના સાચા સંસ્કાર જ ન હોય એને નિર્વિકલ્પ અનુભવ ક્યાંથી થાય?

૧૨૫. અહીં તો ગુરુ પાસેથી તત્ત્વના સંસ્કાર ઝીલીને જેણે આત્માનો નિર્ણય કર્યો છે, અને એ નિર્ણયના બળે નિર્વિકલ્પ અનુભવ કરે છે તેની વાત છે.

૧૨૬. અનુભવ એટલે ભગવાન આત્માની પ્રસિદ્ધિ કેમ થાય? તેની આ રીત બતાવાય છે. જ્ઞાનદર્શનસ્વરૂપ આત્માને પોતાથી એકપણું, પરભાવોથી રહિત શુદ્ધપણું, ને સ્વસંવેદન–પ્રત્યક્ષપણું છે. –એવા સ્વભાવને પકડતાં જ સર્વે પરભાવથી

છૂટીને નિર્વિકલ્પ અનુભવમાં ભગવાન આત્મા પોતાના સાચા સ્વરૂપે પ્રસિદ્ધ થાય છે.

૧૨૭. આત્માનો આવો અનુભવ થતાં ધર્મીને પોતાના આત્મામાંથી સાક્ષી આવી જાય છે કે અમારો આત્મા હવે મોક્ષની નજીક આવ્યો, સંસારસમુદ્રનો કિનારો હવે અત્યંત નજીક આવી ગયો–આમ પોતાને પોતાની ખબર પડી જાય છે.

૧૨૮. આત્માનું સાચું સ્વરૂપ જ્યાં પોતાના અનુભવમાં આવી ગયું ત્યાં તેનાથી વિરુધ્ધ કહેનારાને તે કદી માને નહિ; સ્વભાવથી વિપરીત કોઈ પરભાવને જ્ઞાનમાં પકડે નહીં. એટલે જ્ઞાન સમસ્ત પરભાવથી છૂટું ને છૂટું જ્ઞાનમાત્રરૂપે જ રહે છે. ને આવું જ્ઞાન થતાં જીવને આસ્રવ થતો નથી, તે અલ્પકાળમાં મુક્ત થાય છે.

૧૨૯. જ્ઞાનને અને રાગદ્વેષમોહને એકપણું તો છે નહીં, વિપરીતપણું છે; એટલે જે આત્મા જ્ઞાનરૂપે પરિણમ્યો તે રાગદ્વેષમોહરૂપે થતો નથી. –આવા જ્ઞાનને જ ભેદજ્ઞાન કહે છે; તે ભેદજ્ઞાન ધર્મ છે ને તે જ મોક્ષનું કારણ છે.

૧૩૦. જીવે અત્યારસુધી ભેદજ્ઞાન ન કર્યું ને પોતાને રાગરૂપે જ માન્યો, તે જીવની પોતાની ભૂલ છે; કોઈ બીજાએ તે ભૂલ કરાવી નથી; અને બીજો તે ભૂલ મટાડનાર નથી. જીવ પોતે ભેદજ્ઞાનવડે શુદ્ધઆત્માનો અનુભવ કરીને તે ભૂલ મટાડે છે.

૧૩૧. ભૂલ તે જીવનો અસલી સ્વભાવ નથી એટલે તે મટી શકે છે. અને અનાદિની ભૂલ ચાલી આવી છતાં જીવનો અસલી જ્ઞાનાનંદ સ્વભાવ મટી ગયો નથી. જ્યારે જાગીને જુએ ત્યારે આત્માનો એવો ને એવો પરિપૂર્ણસ્વભાવ છે.

૧૩૨. બાપુ! તારું તત્ત્વ તારામાં જ છે, ક્યાંય ખોવાયું નથી. તેં રાગમાં સર્વસ્વ માન્યું એટલે તારા સાચા તત્ત્વને તું ભૂલ્યો. હવે રાગ અને જ્ઞાનના લક્ષણની ભિન્નતા વડે બંનેને ભિન્ન જાણ; તો તારું તત્ત્વ તને સ્વસંવેદન–પ્રત્યક્ષ થશે, રાગથી જુદી જ્ઞાનઅનુભૂતિ થશે.

૧૩૩. તારું સાચું અસ્તિત્વ કેવું છે? કેવડું છે? અંદર કેટલી તાકાત ને કેટલા ગુણો ભર્યા છે? તેને લક્ષમાં લે. જ્ઞાનાદિ અનંત સ્વભાવથી પૂરું જે મહાન અસ્તિત્વ છે તેમાં નિશ્ચલ થતાં જ સમસ્ત પરભાવની પક્કડ છૂટી જશે.....એટલે કે આસ્રવરૂપ સંસાર છૂટી જશે.....

૧૩૪. ચૈતન્ય–હીરો જેના હાથમાં આવ્યો તે રાગાદિ પરભાવરૂપી કોલસાને કેમ પકડે? ચૈતન્યના આનંદની મીઠાશ પાસે રાગનો સ્વાદ તો અત્યંત કડવો છે. પોતાના આનંદસમુદ્રમાં મગ્ન થયેલો આત્મા સમસ્ત વિકલ્પોને તત્ક્ષણ જ વમી નાંખે છે. આનંદના અનુભવમાં વિકલ્પની આકુળતા રહેતી નથી.

૧૩૫. અહા! મારી આત્મવસ્તુનો આવો સ્વભાવ! આવો ગંભીર મહિમાથી ભરેલો ચૈતન્યસમુદ્ર હું જ પોતે છું.–આવા નિર્ણયમાં અપૂર્વ તાકાત છે.

૧૩૬. નિજસ્વરૂપને ભૂલીને અનાદિકાળથી જીવ દુઃખ વેદી રહ્યો છે. તે ભૂલ કોની? જીવની પોતાની; તે કેટલા કાળની? –એક ક્ષણની; તે ભૂલ કોણ મટાડે? જીવ પોતે. તે ભૂલ કેમ મટે? –કે નિજસ્વરૂપની સંભાળ કરતાં ભૂલ મટે. નિજસ્વરૂપ કેવું છે? –કે રાગાદિક આગંતુક બાહ્યભાવોથી જુદું જે શુદ્ધ ચિદાનંદ તત્ત્વ છે તે જ નિજસ્વરૂપ છે.

૧૩૭. આ જ્ઞાનીની અનુભૂતિની વાત છે. ચૈતન્યની એવી નિશ્ચલ અનુભૂતિ થઈ કે વિકલ્પોની પક્કડ છૂટી ગઈ....ને નિઃશંક થઈ ગયા કે હવે આ ચૈતન્યની જ અનુભૂતિ વડે સમસ્ત પરભાવનો હું ક્ષય કરીશ.

૧૩૮. સ્વસંવેદન–પ્રત્યક્ષપણે ચૈતન્યદીવડો જાગ્યો છે, હવે કોઈપણ પર દ્રવ્ય મને જરાપણ મારાપણે ભાસતું નથી; સમસ્ત પરદ્રવ્યોથી અત્યંત ભિન્ન એવી મારી ચૈતન્યવસ્તુમાં જ હું અચલ છું......

૧૩૯. આ પ્રકારે પોતાના આત્માનું વેદન તે જ આસ્રવોનાં દુઃખથી છૂટવાની રીત છે, અને તે જ મોક્ષને સાધવાનો ઉપાય છે.

–આત્માની આવી અનુભૂતિવડે જ્ઞાનચેતનારૂપ થયેલા ધર્માત્મા આનંદના અનુભવસહિત મોક્ષને સાધે છે....તેમને નમસ્કાર હો.

* ( પ્રવચન–સમુદ્રના ૨૦૧ રત્નોમાંથી ૫૭ રત્નોની બીજી રત્નમાળા અહીં પૂરી થઈ. )*

卐 ત્રીજી રત્નમાળા ૬૨ રત્નોની શરૂ 卐

૧૪૦. હે જીવ! તારે તારું હિત કરવું છે ને! –તો જ્ઞાનીઓ તને તારા હિતની રીત સમજાવે છે. અંદરના અપૂર્વ ભાવથી તું આ વાત લક્ષમાં લે.

૧૪૧. પહેલી વાત એ છે કે તું તારા આત્માનો પ્રેમ કર, જગતના બાહ્ય પદાર્થોનું કુતૂહલ અને પ્રેમ કરે છે તેને બદલે અંતરમાં બિરાજમાન તારો આતમરામ કેવો અદ્‌ભુત છે તેને જાણવાનું કુતૂહલ અને પ્રેમ કર. આત્માનું સ્વરૂપ કેવું છે તે વિચારમાં લઈને નિર્ણય કર.

૧૪૨. જેમ મીઠાપાણીનો દરિયો છલોછલ ભર્યો હોય તેમ આત્મા આનંદનાં મીઠા જળથી ભરપૂર ચૈતન્યદરિયો છે. જેમ દરિયામાં માછલું તરસ્યું, તેમ આનંદનો દરિયો આત્મા પોતે હોવા છતાં અજ્ઞાનને લીધે તે દુઃખી છે. દરિયામાં રહેલું માછલું બહાર પાણી શોધે તેમ અજ્ઞાની જીવ આત્માથી બહાર સુખ શોધે છે. –પણ સુખસ્વરૂપી તો પોતે જ છે......સુખના દરિયામાં જ પોતે વસે છે. એને સુખ શોધવાપણું છે જ ક્યાં ?

૧૪૩. અરે, હાથી જેવા પ્રાણી પણ તે મોટા દેહથી ભિન્ન પોતાના આત્માનું ભાન કરીને અંદર ઊતરી જાય છે; ‘હું પશું છું’ એ ભૂલીને, ‘હું તો ચૈતન્યપરમેશ્વર છું’ એમ તે અનુભવે છે. તે અનુભવ થતાં સમસ્ત પરભાવોની પક્કડ છૂટી જાય છે.....આત્મા પોતે પોતાના સ્વરૂપે રહે છે.

૧૪૪. પોતાના આત્માનું સ્વરૂપ ઓળખીને અનંતા જીવો પરમાત્મા થઈ ગયા છે. આ આત્મા પણ એ પરમાત્માની જાતનો જ છે.

૧૪૫. જુઓ, આવા આત્માને ઓળખવો તે સર્વજ્ઞનો ધર્મ છે.–

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ ! પ્રભાવ આણી;

અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.

૧૪૬. આત્માનો સ્વાદ આનંદસ્વરૂપ છે, પણ રાગાદિ વૃત્તિઓનો સ્વાદ તેનાથી વિપરીત જાતનો છે. જ્ઞાન જ્ઞાનમાં ઠરતાં તેમાં આનંદ આવે છે. પણ તેમાં રાગ આવતો નથી. માટે જ્ઞાન તે આત્મા છે, ને રાગાદિ તે ખરેખર આત્મા નથી.

૧૪૭. આત્મા કેવડો છે ? કે અંદર પોતાના સ્વસંવેદનમાં આવે તેવડો. આત્માના સ્વસંવેદન માટે અંદર જોવું પડે છે, બહારમાં જોવું નથી પડતું. કેમકે આત્મા બહારમાં વ્યાપક નથી.

૧૪૮. આત્માના અનુભવ માટે રાગ સામે જોવું નથી પડતું, કેમકે આત્મા રાગમાં વ્યાપક નથી.

૧૪૯. અનંત ગુણે પરિપૂર્ણ પોતાનો જે ચૈતન્યસ્વભાવ, તેમાં જ આત્મા વ્યાપક છે, તે જ આત્મા છે, તેની સન્મુખતાથી જ આત્માનો સાચો અનુભવ થાય છે.

૧૫૦. ભાઈ, જેટલામાં આ શરીર છે તેટલામાં જ તારો ચિદાનંદસ્વરૂપ આત્મા છે, દેહથી તદ્દન જુદો એનો સ્વભાવ છે. દરિયા જેવા ગંભીર સ્વભાવમાં અનંતા ગુણરત્નો ભરેલા છે. 'કાંઠે ઊભો રહીને તે શોધ મા; અંદર ડુબકી માર. '

૧૫૧. જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા મુક્ત જ છે, તે કોઈ બીજાથી બંધાયો નથી. ક્ષણિક વિકારને જ આત્મા માનીને પોતાને બંધાયેલો માન્યો છે, પણ જો સ્વભાવની શુદ્ધતાને જુએ તો મુક્ત તત્ત્વ દેખાય છે.

૧૫૨. જેમ બોરના માટલામાં વાંદરાનો હાથ કોઈએ પકડયો નથી, પણ વાંદરે બોરની મૂઠી પોતાના હાથમાં બાંધી છે-તે મમતાને લીધે પોતે પકડાયો છે; ને બીજાએ મને પકડયો એમ માને છે. તેમ જીવ પોતાના સ્વભાવને ભૂલીને પરભાવની મમતાથી પકડાયો છે, ને બીજાએ મને બાંધ્યો-એમ અજ્ઞાનથી માને છે.

૧૫૩. તું પરભાવની મમતા છોડી દે, ને જ્ઞાનસ્વભાવરૂપ જેવો છો તેવો નિશ્ચલ રહે, તો જ્ઞાન-આનંદનો ચૈતન્યદરિયો તારામાં જ તને દેખાશે. અહા, ચૈતન્યદરિયો પોતાના આનંદતરંગમાં ડોલી રહ્યો છે.

૧૫૪. પરમાત્મા કહે છે કે હે આત્મા! તારો આત્મા જ કેવળજ્ઞાનનાં પાક પાકે એવું ચૈતન્યવૃક્ષ છે; આ ચૈતન્ય ઝાડની ડાળીએ રાગનાં ઝાડ ન પાકે; અને રાગનાં ઝાડમાં કેવળજ્ઞાનનાં ફળ ન પાકે.

૧૫૫. ચૈતન્યનો અનાદર કરીને જે રાગનો આદર કરે છે તે અમૃતનાં મીઠા ઝાડને છોડીને ઝેરનાં ઝાડને સેવે છે.

૧૫૬. રાગ-દ્વેષ, ક્રોધાદિ વિકારી ભાવો છે તે અસ્થિર છે, રાગ પલટીને બીજી ક્ષણે

દ્વેષ, ક્રોધ પલટીને માનાદિ–એમ તે અનિત્ય છે, ને ચૈતન્યભાવ તો સદા ચૈતન્યપણે સ્થિર રહેનાર છે. આ રીતે આત્મા રાગાદિથી જુદો ચૈતન્યભાવરૂપ છે.

૧૫૭. જે ક્ષણે આત્મા આવા સ્વભાવપણે પોતાને અનુભવે છે તે જ ક્ષણે તેને રાગાદિથી ભિન્નતા થાય છે. સ્વભાવના ચેતનસ્વાદમાં રાગના સ્વાદની નાસ્તિ છે. –સમ્યગ્દર્શન થતાં આવો સ્વાદ આવે છે.

૧૫૮. હે જીવ! તું આવો અનુભવ કર! તને આનંદ આવશે, અને તારાં જન્મમરણ છૂટી જશે.

૧૫૯. રાગાદિ ભાવો કે જે અશુચી છે, ચૈતન્યથી વિરુધ્ધ છે અને અધ્રુવ છે, તે રાગાદિભાવોનો આશ્રય ચૈતન્યસ્વભાવી આત્મા નથી, તેનો આશ્રય તો જડ કર્મોનો ઉદય છે. કર્મોનો આશ્રય છોડીને ચૈતન્યસ્વભાવનો આશ્રય કરતાં તે રાગાદિભાવો રહેતા નથી, માટે તે આત્માનો સ્વભાવ નથી.

૧૬૦. આ રીતે જ્ઞાન અને રાગની ભિન્નતાનો જે નિર્ણય કરે તે જ જ્ઞાનરૂપ થઈને પરભાવથી છૂટે.

૧૬૧. મોટો દરિયો જણાય છે–તે કોની સત્તામાં જણાય છે? ચૈતન્યની સત્તામાં તે જ્ઞાન થાય છે. તો તે જ્ઞાનસત્તા કેવી મહાન છે–એને અંતરમાં દેખ.

૧૬૨. ચૈતન્યસત્તા ન હોય તો કાંઈ જ દેખાય નહીં. બધાયને જાણનારી ચૈતન્યસત્તા બધાયથી જુદી, મહાન સામર્થ્યવાન છે. પોતે પોતાની ચૈતન્યસત્તાને ઓળખે તો જ સાચું જ્ઞાન થાય.

૧૬૩. લોકોમાં કહેવાય છે કે ‘સરખે સરખાની જોડી શોભે’ તો અહીં આત્મામાં સરખેસરખાની જોડી શોભે–એટલે શું? કે જ્ઞાનને અને રાગને સરખાપણું નથી, એમને તો કજોડું છે, એટલે કે જ્ઞાન રાગનું સ્વામી થઈને તેને કરે–એ શોભતું નથી. ચૈતન્યસ્વરૂપ આત્મા પોતે જ્ઞાનનો જ સ્વામી થઈને જ્ઞાનભાવને જ કરે, –એ શોભે છે, એ આત્માનું સાચું સ્વરૂપ છે.

૧૬૪. ભાઈ, તારો સરખો પરિવાર તો સમ્યગ્દર્શનાદિ છે, કે જે સ્વજાત છે–તે સમકિત સાથે આત્માની સગાઈ બાંધ, ત્યાં અનંત ગુણના પરિવાર સાથે તારે સાચું સગપણ બંધાશે.

૧૬૫. જગતમાં પૈસા કમાવા માટે અનેક પ્રકારની કુયક્તિ લડાવે છે, તેમાં તો પાપ છે; તો હે ભાઈ! આ તારા ચૈતન્યની કમાણીનો અવસર છે, તેમાં ચૈતન્યની કમાણી કેમ થાય? તેનો તો વિચાર કર. એના વિચાર સાથેના રાગથી પણ ઊંચા પુણ્ય બંધાય છે; અને એની સમજણનું ફળ તો કોઈ અલૌકિક છે.

૧૬૬. અરે, તારું જ્ઞાન જેમ પરની તરફ ઝુકે છે ને પરને જાણે છે, તેમ અંતરમાં આત્માનો પ્રેમ કરીને જ્ઞાનને સ્વ તરફ ઝુકાવ ને સ્વને જાણ, તેમાં અપૂર્વ કલ્યાણ છે.

૧૬૭. આ જીવનનો શો ભરોસો? એક દિવસ દેહથી છૂટવાનો પ્રસંગ આવશે. માટે દેહથી અત્યારે છૂટો જ છું–એમ દેહથી ભિન્ન ચેતનસ્વરૂપ આત્માનો નિર્ણય કરી લે, અને તેના સંસ્કાર આત્મામાં પાડી દે. –એ જ એક શરણ છે.

૧૬૮. જેમ બરફની શીલા સર્વત્ર ઠંડકથી ભરેલી છે, તેમ ચૈતન્યભગવાન આ આત્મા તદ્દન શાંત–શીતલ–ઠંડો છે, તેમાં કષાયની આકુળતા જરા પણ નથી. આવા આત્માને અનુભવતાં આત્માને નિરાકુળસુખ થાય છે ને દુઃખરૂપ આસ્રવો છૂટી જાય છે.

૧૬૯. અજ્ઞાન ભાવમાં વિકલ્પથી ડામાડોળ થઈને જીવે આસ્રવોને પકડયા હતા; જ્ઞાનભાવે નિર્વિકલ્પ થઈને તે આસ્રવોને પોતાથી ભિન્ન જાણીને છોડી દીધા, એટલે આત્મા નિરાસ્રવ થયો, વિજ્ઞાનઘન થયો.

૧૭૦. જગતના પદાર્થો હું નથી, પણ જગતના પદાર્થોને જે લક્ષમાં લ્યે છે તે હું છું.

૧૭૧. જેનો અનુભવ કરતાં આનંદનું–સુખનું વેદન થાય તે હું છું; જેના વેદનમાં દુઃખ થાય તે હું નથી.

૧૭૨. રાગના વેદનમાં અગ્નિના દાહ જેવી આકુળતા ને દુઃખ છે; વર્તમાનમાં તે દુઃખરૂપ છે, ને ભવિષ્યમાં પણ તેના ફળમાં દુઃખ જ છે. –એ કાંઈ આત્માનો સ્વભાવ નથી.

૧૭૩. દુઃખ આત્માનો સ્વભાવ કેમ હોય? આત્માનો સ્વભાવ તો સુખ છે તેનું ફળ પણ સુખ છે. –આવો આત્મા હું છું –એમ નક્કી કરીને તેને અનુભવમાં લેવો, તે જ દુઃખથી છૂટીને સુખી થવાનો ઉપાય છે.

૧૭૪. ધર્મ થાય ને દુઃખ ન મટે–એમ બને નહિ. જ્ઞાન થાય ને સુખ ન થાય–એમ બને નહિ. જ્ઞાનની ઉત્પત્તિ ને દુઃખનો નાશ–એક જ ક્ષણે થાય છે.

૧૭૫. આત્માને શોધવા જતાં વચ્ચે વિકલ્પ ઊઠે તેનાથી પણ આત્મા જુદો છે, માટે જ્ઞાનને એનાથી જુદું પાડીને, તે જ્ઞાનવડે આત્માને શોધ.

૧૭૬. સમ્યગ્દર્શનાદિ રત્નો ક્યાં શોધવા? તારા અંતરમાં જ ચૈતન્ય–રત્નાકર છે તેમાં શોધ.

૧૭૭. સંસાર ક્યાં છે? સંસાર નથી તારા સ્વભાવમાં, સંસાર નથી પરમાં; સ્વ–પરની ભિન્નતાને ભૂલીને વચ્ચે તેં ઊભું કરેલું જે અજ્ઞાન, તેમાં જ સંસાર છે.

૧૭૮. તે સંસાર કેમ મટે? આત્માનો જ્ઞાનસ્વભાવ, અને તેનાથી વિરુધ્ધ એવા પુણ્ય–પાપના ભાવો, તે બંનેની ભિન્નતા જાણીને આત્મા પોતાને જ્ઞાનસ્વભાવરૂપે અનુભવે ત્યાં તે અનુભવમાં સંસાર છૂટી જાય છે.

૧૭૯. જ્ઞાનમાં આસ્રવ નથી, એટલે કે જ્ઞાનમાં સંસાર નથી. માટે જ્ઞાનનો અનુભવ તે જ સંસારથી છૂટવાની રીત છે.

૧૮૦. જ્ઞાનનો જ સ્વાદ શાંત–અનાકુળ છે; પાપનો કે પુણ્યનો એ બંનેનો સ્વાદ તો અશાંતિરૂપ–આકુળતાવાળો છે. બંનેના સ્વભાવ અત્યંત જુદા છે. શુભવિકલ્પનોય સ્વાદ જેને સારો લાગે છે તેને જ્ઞાનરસની ખબર નથી.

૧૮૧. જ્ઞાનરસનો સ્વાદ જેણે ચાખ્યો તે સર્વપ્રકારના રાગને પોતાથી જુદા સ્વાદવાળો જાણીને છોડે છે. આ ભાવ મારો નહિ, આ રાગ મારું સ્વરૂપ નહીં.–એમ એક ક્ષણમાં તેને ભિન્ન જાણીને છોડે છે.

૧૮૨. અહો, સમયસારમાં આચાર્યદેવે મોક્ષનો માર્ગ ખોલી દીધો છે. શુદ્ધ આત્માના આશ્રયે જ મોક્ષની સિદ્ધિ થાય છે–એ વાત વારંવાર સ્પષ્ટ કરીને સમજાવી છે.

૧૮૩. ભાઈ, આ તારી વાત છે ને તને સમજાય તેવી છે. આ શરીર તો અચેતન છે ને તેનો નાશ થવા છતાં આત્માનું અસ્તિત્વ તો સદાય રહે છે; આ શરીર પહેલાં આત્મા ક્યાં હતો તેનું જ્ઞાન પણ થાય છે. આ રીતે આત્મા દેહથી જુદો છે. તે જરાક વિચાર કરે તો સમજાય તેવું છે.

૧૮૪. આત્મા જેમ શરીરથી જુદો છે તેમ રાગાદિથી પણ જુદો છે. રાગની વૃત્તિઓ નાશ થવા છતાં તેને જાણનારો ચેતનસ્વભાવ એવો ને એવો રહે છે, તે ચેતનસ્વભાવ હું છું.–આમ અંદર ભેદજ્ઞાનથી ઓળખાય છે.

૧૮૫. ચૈતન્યસત્તા આત્મા છે; તે જ્ઞાન–આનંદસ્વભાવથી ભરપૂર છે. જ્ઞાનસ્વભાવથી પૂરો માન્યો એટલે તેમાં રાગ રહી શકે નહીં.

૧૮૬. ભાઈ, આવો તારો સ્વભાવ......તે સમજવાનો ઉત્સાહ લાવ! પોતાનો અનંત વૈભવ જાણતાં કોને ઉલ્લાસ ન આવે! અરે, ઉલ્લાસ લાવીને સંભાળ તો ખરો.

૧૮૭. જેટલા આસ્રવો છે, જેટલા રાગભાવો છે–અશુભ કે શુભ, તે બધાય દુઃખથી બનેલા છે, ને તેનું ફળ પણ દુઃખ જ છે. રાગ વર્તમાનમાં કે ભાવિમાં ક્યારેક સુખનું કારણ નથી.

૧૮૮. સુખથી ભરેલો તો ભગવાન આત્મા છે. તેના સેવનમાં વર્તમાન સુખ, અને ભવિષ્યમાં તેના ફળમાં પણ સુખ; તેમાં દુઃખનો કયાંય પ્રવેશ નથી.

૧૮૯. અરે, ચૈતન્ય! તારા ગુણની પ્રશંસા સંતો તને સંભળાવે છે, તે સાંભળીને પ્રસન્ન થા.....પ્રમોદિત થા. નાનું બાળક પણ પ્રશંસા સાંભળીને રાજી થાય છે.....તો સંતો કહે છે કે તું શુદ્ધ છો.......તું પ્રભુ છો......તું અનંત ગુણવાળો પરમાત્મા છો.....રાગનાં દુઃખવાળો તું નથી, તું સુખનો ભંડાર છો......તે સાંભળીને તું રાજી થા.

૧૯૦. સ્વાનુભવરૂપ જે આત્મવૈભવ, તે આત્મવૈભવ વડે હું આ સમયસારમાં શુદ્ધઆત્મા દેખાડીશ–એમ કહીને આચાર્યદેવે આ સમયસારની રચના કરી છે....તેમાં આત્માનો અદ્ભુત વૈભવ બતાવ્યો છે. આત્માના આનંદમાં કલમ બોળીબોળીને આ સમયસાર લખાયેલું છે.

૧૯૧. આત્માનો વૈભવ કોઈ ઇન્દ્રિયો વડે, વિકલ્પોવડે કે બહારનાં ચિહ્નો વડે જણાય તેવો નથી; અંતરના અતીન્દ્રિય સ્વસંવેદન વડે જ તે જણાય છે....તેને જાણતાં મહાન આનંદ થાય છે.

૧૯૨. બાપુ! આત્માનો આવો આનંદ, તેને સાધવાનો આ અવસર છે. દુઃખ કાંઈ તારું સ્વરૂપ નથી; અદુઃખ એટલે કે સુખનો અનુભવ આપે એવો જ આત્માનો સ્વભાવ છે, દુઃખરૂપ એવા અન્ય ભાવોથી તારા આત્માને તું ભિન્ન જાણ.

૧૯૩. ચૈતન્યની આનંદરૂપ અનુભૂતિ સિવાય બહારના જે કોઈ રાગભાવ થાય તેમાં સુખ નથી, તેના ફળમાં પણ સુખ નથી, તે દુઃખ છે, તેનું ફળ પણ દુઃખ છે.

૧૯૪. પુણ્યના ફળમાં પણ દુઃખ? –હા; તે પુણ્યના ફળમાં સંયોગ મળે, તે સંયોગ તરફના લક્ષે જીવને આકુળતારૂપ દુઃખ જ છે; સુખ તો સંયોગથી પાર ચિદાનંદ સ્વભાવમાં છે. તે સ્વભાવને અનુભવે ત્યારે જ દુઃખદાયક આસ્રવોથી જીવ છૂટે છે.

૧૯૫. દુઃખથી કેમ છૂટાય? તેની આ રીત વીતરાગી સંતોએ બતાવી છે. સુખનો દરિયો અંદર છલકાઈ રહ્યો છે તેમાં એકાગ્ર થતાં દુઃખ રહેતું નથી. સુખ તો સ્વભાવથી જ છે, તે કાંઈ લેવા જવું પડતું નથી.

૧૯૬. ભગવાન્! શુભવૃત્તિઓ કે જે તને દુઃખદાતાર છે તેને તેં પોતાની માનીને પકડી રાખી છે; તે દુઃખદાયક છે અને આત્માનો સ્વભાવ જ સુખમય છે–એમ તું જાણ તો તરત જ તે શુભવૃત્તિની પક્કડ તને છૂટી જશે.....અને આત્મા રાગ વગરનો વિજ્ઞાનઘન થશે–આનું નામ ધર્મ!

૧૯૭. રોજના પાંચલાખ રૂપિયાનું તેલ આપે એવો કુવો નીકળવાની વાત સાંભળતાં લોકોને આનંદ અને આશ્ચર્ય થાય છે......પણ ભાઈ! ત્રણલોકના વૈભવ કરતાંય મહાન આનંદ આપે એવા કેવળજ્ઞાનના અનંત વૈભવ તારા ચૈતન્ય પાતાળમાં ભર્યા છે, ભેદજ્ઞાનવડે ખોદીને તે નિધાનને બહાર કાઢ. ક્ષણે ક્ષણે અનંતસુખ સદાકાળ આપ્યા કરે એવા અખૂટ તારા નિધાન છે.

૧૯૮. સાચો જીવ એને કહેવાય કે જે સુખ આપે.......સુખનું વેદન આપે તેને જીવ કહેવાય; દુઃખના વેદનને જીવ કેમ કહેવાય? માટે જેમાં વેદન હોય તે બધા રાગાદિ ભાવોને તારા આત્માથી જુદા જાણ. જેમાં સુખનું વેદન છે, એવો વિજ્ઞાનઘન આત્મા જ તું છો. એના સિવાયનું બીજું બધું અનાત્મા છે.

૧૯૯. આત્માનો જે સ્વભાવ હોય તેનાથી કર્મ ન બંધાય; ને જે ભાવથી કર્મ બંધાય તે આત્માનો સ્વભાવ ન હોય. આત્મા ચેતનભાવ છે, તે કર્મબંધનું કારણ થતો નથી, તે તો મોક્ષસુખનું જ કારણ છે.–એવા સ્વભાવમાં પહોંચ્યે જ કલ્યાણ થાય છે.

૨૦૦. હે જીવ! આ રીતે ભેદજ્ઞાનવડે તારા શુદ્ધ આત્માને તું રાગાદિથી અત્યંત જુદો

જાણ.....ને ચેતનસ્વભાવપણે જ પોતાનો અનુભવ કર....તે ક્ષણે જ રાગાદિ પરભાવો જુદા પડી જશે ને તારો આત્મા પરમ આનંદપણે તને અનુભવાશે.

૨૦૧ **-આવા શુદ્ધાત્માના અનુભવ વડે જેમને ભેદજ્ઞાનરૂપી બીજ ઊગી તેમને તે વૃદ્ધિગત થઈને અલ્પકાળમાં કેવળજ્ઞાનરૂપી પૂર્ણ આનંદમય પૂર્ણિમા ઊગશે. તે મહાન અપૂર્વ મંગળ છે.**

પોરબંદરમાં ચૈત્ર વદ છઠ્ઠથી વૈશાખ સુદ બીજ સુધીના મંગલ ઉત્સવ પ્રસંગે જે કહાન-પ્રવચનસમુદ્ર ઉલ્લસ્યો તેમાંથી વીણીને ૮૨+૫૭+૬૨ એમ કુલ ૨૦૧ રત્નો વડે ગૂંથેલી આ ત્રણ-રત્નમાળા ભવ્ય જીવોને આનંદમંગળ સહિત રત્નત્રયની દાતા હો.

( -બ્ર. હ. જૈન )

*****

## અમારી પ્રિય ચીજ

જેઓ વન-જંગલમાં વસતા હતા ને આત્માના આનંદનું શોધન કરીને તેના વેદનમાં જીવન ગાળતા હતા એવા સંત-મુનિરાજ કહે છે કે અહો! અમને અમારું ચૈતન્યપદ જ પરમ પ્રિય છે.....ચૈતન્યનો આનંદ અચિંત્ય છે દેવો પણ ચૈતન્યના આનંદની વાર્તા સાંભળવા માટે સ્વર્ગમાંથી ઊતરીને આ મનુષ્યલોકમાં આવે છે. અમને જે પરમ પ્રિય છે એવા જ્ઞાયકભાવના જ ગાણાં આ સમયસારમાં અમે ગાયા છે.

ભાઈ, બાહ્ય પદાર્થનો પ્રેમ કરીને અનંતકાળથી તું દુઃખી થયો; હવે એ પ્રેમ છોડ, ને તારા આત્માનો પ્રેમ કર. જગતના પદાર્થો કરતાં તારા આત્માને જ સૌથી વહાલો કર.... ‘જગત ઇષ્ટ નહિ આત્મથી’ એવું જીવન કર, તો તારું અપૂર્વ કલ્યાણ થશે. અમારી એક જ પ્રિય ચીજ-જે શુદ્ધઆત્મા, તે અમે તને બતાવીએ છીએ, તું પણ એને જ પ્રિય કરીને અનુભવમાં લે.....તો તારું જીવન આનંદમય થશે.

# 卐 આપના પ્રશ્નોના જવાબ 卐

ગતાંકમાં રજુ કરેલ યોજના-અનુસાર બાળકો ઉપરાંત અનેક જિજ્ઞાસુઓએ પણ પોતાના પ્રશ્નો લખી મોકલ્યા છે....તેમાંથી સંકલન કરીને અહીં ૮૨ પ્રશ્નો તથા તેના જવાબ આપવામાં આવે છે. આ પ્રશ્નોત્તર સૌને ગમશે અને અવનવું જાણવાનું મળશે. આમાં ઉત્સાહથી ભાગ લેવા બદલ સૌને ધન્યવાદ. ( સં. )

૧. પ્રશ્નઃ– પરમાત્માની ઓળખાણ કેમ થાય ? ( એક મુમુક્ષુ–સોનગઢ )

ઉત્તરઃ– પોતાના જ્ઞાનસ્વરૂપ શુદ્ધઆત્માની ઓળખાણ કરતાં પરમાત્માની ઓળખાણ થાય છે; કેમકે આ આત્મા અને પરમાત્માના સ્વરૂપમાં કાંઈ ફેર નથી.

૨. પ્રશ્નઃ– સમ્યગ્દર્શન કયા ઉપાયે થાય ? ( જ્યોત્સ્ના તથા સરોજબેન–અમદાવાદ )

ઉત્તરઃ– અત્યંત પ્રીતિપૂર્વક જ્ઞાની પાસેથી આત્માનું સ્વરૂપ સમજવાથી. ( જે સ્વરૂપ સમજ્યા વિના દુઃખ પામ્યો, તે સ્વરૂપ સમજતાં સુખ થાય. )

૩. પ્રશ્નઃ– શાસ્ત્ર બહુ વાંચું છું પણ તેમાં મારી બુદ્ધિ નથી ચાલતી, તો શું કરવું ?

ઉત્તરઃ– ધીરજ રાખીને તેમાં ચિત્ત પરોવશો તો જરૂર બુદ્ધિ ખીલશે. અંદર જ્ઞાનનું ને જ્ઞાનીનું ખૂબ જ બહુમાન ઘૂંટવું. આવા ભાવે શાસ્ત્ર–અભ્યાસથી જરૂર તેનું ફળ આવશે. હારો નહિ, થાકો નહિ, ઉલ્લાસથી આગળ વધો.

૪. પ્રશ્નઃ– ઈશ્વરનાં દર્શન કેમ થાય ? ( એક મુમુક્ષુ–મોરબી. )

ઉત્તરઃ– ઈશ્વરનું સાચું સ્વરૂપ ઓળખતાં પોતાના અંતરમાં જ ઈશ્વરનાં દર્શન થાય છે.

પ્રશ્નઃ– ઈશ્વરનું સાચું સ્વરૂપ શું છે ?

ઉત્તરઃ– દરેક આત્મા જ્ઞાનસ્વરૂપ છે, જે પોતાનું સ્વરૂપ ઓળખીને, રાગ–દ્વેષ –અજ્ઞાનને દૂર કરી વીતરાગ–સર્વજ્ઞ–પૂર્ણઆનંદસ્વરૂપ થાય તે આત્માને પરમેશ્વર કહેવાય છે.

પરમેશ્વર એટલે શુદ્ધઆત્મા; તેનું સ્વરૂપ ઓળખતાં પોતાનો આત્મા જ પરમેશ્વર સ્વરૂપે દેખાય છે. તેને ઈશ્વરદર્શન કે સમ્યગ્દર્શન કહેવાય. (અરિહંત પરમેશ્વરના આત્માને ઓળખતાં તેમના જેવો પોતાનો શુદ્ધઆત્મા ઓળખાય છે–એ વાત પ્રવચનસારની ૮૦ મી ગાથામાં બહુ સરસ સમજાવી છે.

૬. પ્રશ્નઃ– લોક કઈ રીતે બનેલો છે? (ચતુરભાઈ–ઉખરેલી)

ઉત્તરઃ– લોક બનેલો નથી કે લોક નામની કોઈ એક વસ્તુ નથી; પણ જગતમાં અનાદિથી સત્ એવા અનંત જીવ અને અજીવનો જે સમૂહ છે તેને 'લોક' કહેવાય છે. જેમ જીવાદિ પદાર્થો કોઈના બનાવેલા નથી તેમ લોક પણ કોઈનો બનેલો નથી.

૭. પ્રશ્નઃ– સૂર્ય–ચંદ્ર તે દેવનાં વિમાનો છે ને તે મેરુપર્વતની આસપાસ નિત્ય પ્રદક્ષિણા કરે છે–એ ખરું; પણ મેરુપર્વત તો મનુષ્યલોકમાં આવેલ છે, ને સ્વર્ગ લોક તો મેરુથી ઊંચે છે; તો તે સૂર્ય–ચંદ્ર દેવો મનુષ્યલોકમાં મેરુને કઈ રીતે પ્રદક્ષિણા કરે? (ઉખરેલી)

ઉત્તરઃ– મેરુથી ઊંચે જે સ્વર્ગલોક આવેલ છે, તેમાં વૈમાનિક દેવો રહે છે. એ સિવાય જ્યોતિષી–વ્યંતર અને ભવનવાસી દેવો છે–તેઓ મધ્યલોકમાં રહે છે. સૂર્ય–ચંદ્ર એ જ્યોતિષી દેવો છે, અને મધ્યલોકમાં લગભગ ૭૦૦ થી ૯૦૦ યોજનની ઊંચાઈમાં તેમનું ગમન છે. મેરુપર્વત તો એક લાખ યોજન ઊંચો છે. એટલે સૂર્ય–ચંદ્ર તો મેરુના ૧૦૦ મા ભાગ જેટલી ઊંચાઈએ પણ નથી. સૂર્ય–ચંદ્ર કરતાં મેરુની ઊંચાઈ સોગણી વધુ ઊંચી છે. આ ઉપરથી ખ્યાલ આવી શકશે કે સૂર્ય–ચંદ્ર મનુષ્યલોકમાં મેરુને કઈ રીતે પ્રદક્ષિણા કરે છે. (આ આપણા મનુષ્ય– લોકના સૂર્ય–ચંદ્રની વાત કરી. બાકી તો મધ્યલોકમાં અસંખ્યાત (કરોડો અબજો નહિ પણ અસંખ્યાત) સૂર્ય–ચંદ્ર છે.

૮. પ્રશ્નઃ– ભરતક્ષેત્રમાં આદિનાથ ઋષભદેવ તીર્થંકર કયા આરામાં થયા?

ઉત્તરઃ– ત્રીજા આરાના અંતભાગમાં થયા.

૯. પ્રશ્નઃ– ઋષભદેવ તીર્થંકર પહેલાં આરામાં કેમ ન થાય?

ઉત્તરઃ પહેલા આરાની રચના ભોગભૂમિ (સ્વર્ગ જેવી) હોય છે; જેમ સ્વર્ગમાં મોક્ષ નથી તેમ પહેલા આરામાં પણ મોક્ષસાધના હોતી નથી. ભગવાનનો અવતાર

મોક્ષને સાધવા માટે હતો, તેથી મોક્ષને યોગ્ય કાળમાં જ તેમનો અવતાર થયો. ચોથા કાળના અંતસુધીમાં જન્મેલા જીવોમાં મોક્ષની લાયકાત હોય છે; ત્યાર પછી પંચમ કાળમાં અવતરેલા જીવો તે ભવે મોક્ષ પામતા નથી; આત્મજ્ઞાન કરીને એકાવતારી થઈ શકે.

૧૦. પ્રશ્નઃ– ચોવીસી એટલે શું? એક ચોવીસીમાં કેટલા વર્ષ થાય?

ઉત્તરઃ– ચોવીસ તીર્થંકરોના સમૂહને ‘ચોવીસી’ કહેવાય છે; એક ચોવીસી થવામાં અસંખ્યાત વર્ષ થાય છે.

૧૧. પ્રશ્નઃ– ભગવાન મહાવીર તીર્થંકર કયા આરામાં થયા?

ઉત્તરઃ– ચોથા આરાના અંતભાગમાં થયા. તેમના મોક્ષ પધાર્યા પછી ત્રણ વર્ષ આઠ માસ ને પંદર દિવસે (અષાઢ વદ એકમે) પાંચમો આરો બેઠો.

૧૨. ૩૪૩ ઘનરાજુ પ્રમાણે લોક છે; તો તેના કેટલા માઈલ થાય?

ઉત્તરઃ– એક ઘનરાજુમાં અસંખ્યાત માઈલ થયા; એક ઘનરાજુના અસંખ્યમા ભાગમાં પણ અસંખ્યાત માઈલો થાય; ને તેટલા વિસ્તારમાં અનંતજીવો તેમજ પુદ્ગલો રહેલાં છે. અને છતાં, અનંત અલોક પાસે તો આવડો મોટો લોક પણ દરિયાના ટીપાં કરતાંય ક્યાંય નાનો છે. તથા આવડો મોટો જે અનંત અલોક–તેના કરતાંય જ્ઞાનના અનંત સામર્થ્યનું તો કોઈ અદ્ભુત–અચિંત્યપણું છે. આવો પ્રભાવશાળી આત્મા પોતે લોકમાં રહ્યો હોવા છતાં અલોકથીયે મહાન છે.

૧૩. પ્રશ્નઃ– શાસ્ત્રોમાં મંત્રોની વાત આવે છે તે સત્ય છે?

ઉત્તરઃ – હા. (બાકી મંત્રવિદ્યાના નામે કોઈ દંભ ચલાવે–તે જુદી વાત છે.)

૧૪. પ્રશ્નઃ– મોક્ષ માટેનો મંત્ર ક્યો?

ઉત્તરઃ– સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષને સાધવા માટેનો અફર મંત્ર છે.

૧૫. પ્રશ્નઃ– નરક અને નિગોદ–તેમાંથી વધુ દુઃખ શેમાં?

ઉત્તરઃ– નિગોદમાં; નરક તે પંચેન્દ્રિય છે, નિગોદ તે એકેન્દ્રિય છે; નરકનો જીવ તો કદાચિત સમ્યગ્દર્શન પણ પામી શકે છે, નિગોદના જીવને કદી સમ્યગ્દર્શન થતું નથી.

૧૬. પ્રશ્નઃ– સ્વર્ગ અને મોક્ષમાં શું ફેર?

ઉત્તરઃ– ઘણો ઘણો ફેર; અજ્ઞાનીની કલ્પનામાંય ન આવે એવડો મોટો ફેર! જેમ પુણ્ય

અને જ્ઞાન જુદા છે, તેમ સ્વર્ગ અને મોક્ષ જુદા છે. સ્વર્ગ તો રાગનું ફળ છે, મોક્ષ તો જ્ઞાનનું ફળ છે, જેમ રાગમાં સુખ નથી તેમ તેના ફળરૂપ સ્વર્ગમાં પણ સુખ નથી; મોક્ષ વીતરાગસ્વરૂપ છે, તેમાં સુખ છે.

૧૭. પ્રશ્નઃ– ચાર ગતિના સમ્યગ્દ્રષ્ટિ જીવ મરીને ક્યાં–ક્યાં ઉપજે છે?

ઉત્તરઃ– મનુષ્ય સમ્યગ્દ્રષ્ટિ મરીને દેવમાં ઊપજે છે, અથવા મોક્ષ પામે છે; પણ જો પૂર્વે મિથ્યાત્વદશામાં આયુ બધાઈ ગયું હોય તો તે જીવ ભોગભૂમિ–મનુષ્યમાં તિર્યંચમાં કે પ્રથમ નરકમાં પણ ઊપજે છે.

* દેવ–સમ્યગ્દ્રષ્ટિ મરીને મનુષ્યમાં જ ઊપજે છે.

* નારકી–સમ્યગ્દ્રષ્ટિ મરીને મનુષ્યમાં જ ઊપજે છે.

* તિર્યંચ–સમ્યગ્દ્રષ્ટિ મરીને દેવમાં જ ઊપજે છે.

૧૮. પ્રશ્નઃ– સતી ચંદનબાળા ધર્માત્મા હોવા છતાં તેને કેમ આવાં કષ્ટ પડયા?

(સરોજબેન, અમદાવાદ)

ઉત્તરઃ– પૂર્વે અજ્ઞાનદશામાં તેણે કોઈ નિર્દોષ ધર્માત્મા–શીલવંત જીવોની નિંદાના ભાવ કર્યા હશે, કોઈ પ્રકારે દેવ–ગુરુ–ધર્મની આસાતના કરી હશે. તેથી એવા કષ્ટ આવી પડયા. પણ અંતે ધર્મની આરાધના વડે તેણે પોતાના જીવનને સફળ બનાવ્યું. આ ઉપરથી એવો બોધ મળે છે કે ધર્મની આરાધનામાં દ્રઢ થવું, અને કોઈ ધર્માત્માની નિંદા ન કરવી.

૧૯. પ્રશ્નઃ– અમારી પાસે ઓછી મૂડી હોય તો દાન ક્યાંથી કરીએ?

ઉત્તરઃ– પ્રથમ તો, માત્ર પૈસા વડે જ દાન થઈ શકે એ વાત ખોટી છે. મુનિવરો પાસે તો કદી પૈસા હોતા નથી છતાં તેઓ મોટા દાનેશ્વરી છે, કઈ રીતે? કે તેઓ જ્ઞાનદાન આપીને અનેક જીવોને મોક્ષપંથે ચડાવે છે. જ્ઞાનદાન સૌથી મહાન છે; એક હાથી ધર્માત્મા–પંચમગુણસ્થાની શ્રાવક હતો; જંગલના બીજા હાથીઓ સૂંઢમાં સૂકાં ઘાસપાન વગેરે લાવીને અત્યંત ભક્તિથી તે ધર્માત્મા–હાથીને આહારદાન કરતા હતા. એમાં પૈસાની જરૂર ક્યાં પડી? અને જેને દાન કરવું જ હોય તે મૂડી ગણવા ન બેસે કે આટલી મૂડી થાય પછી દાન કરું. બે પૈસામાંથી

એક પૈસો આપીને પણ દાન થઈ શકે છે. રકમની મોટાઈ ઉપરથી દાનના ભાવનું માપ થતું નથી. મનની મોટાઈ વડે પરિગ્રહનો મમત્વભાવ ઘટે તે અનુસાર દાન થાય છે. એક માણસ કરોડો રૂા. વાપરે, બીજો માણસ એક જ રૂા. વાપરે, –છતાં બીજા માણસની દાનભાવના જોરદાર હોય–એમ પણ બની શકે છે. કોઈ પ્રકારે ધર્મની સેવામાં, સાધર્મીની સેવામાં પોતાનો સમય આપવો તે પણ દાન છે. ( શક્તિના પ્રમાણમાં દાન અપાય છે. મૂડીનો ચોથો, છઠ્ઠો કે છેવટ દશમો ભાગ દાનમાં વાપરવાનો ઉપદેશ છે. )

૨૦. પ્રશ્નઃ– મરવું ન હોય તો શું કરવું ?

ઉત્તરઃ– દેહથી ભિન્ન આત્માને જાણવો. –એટલે તમે જીવપણે સદાય જીવંત રહેશો. મરશે અને બળશે તે કાંઈ તમે નથી, તમે તો ઉપયોગસ્વરૂપ અવિનાશી આત્મરામ છો; તમારું મરણ નથી.

૨૧.પ્રશ્નઃ– દ્રવ્ય–ગુણ–પર્યાય તેમાં પાંચભાવ કઈ રીતે ઊતરે ?

( નેમચંદ જૈન, સાવરકુંડલા )

ઉત્તરઃ– દ્રવ્ય અને ગુણ પારિણામિકભાવે છે, પર્યાયમાં પાંચે ભાવ લાગુ પડે છે.

૨૨. પ્રશ્નઃ– નવ તત્ત્વમાં પાંચ ભાવ સમજાવો.

ઉત્તરઃ– જીવ તત્ત્વ પારિણામિકભાવરૂપ છે.

અજીવ તત્ત્વમાં કર્મઅપેક્ષાએ ઉદય–ઉપશમ–ક્ષયોપશમ–ક્ષય ને પારિણામિક એ પાંચે બોલ લાગુ પડે છે.

પુણ્ય–પાપ–આસ્રવ ને બંધ તે ચારેય ઔદયિકભાવરૂપ છે.

સંવર–નિર્જરા તે ઔપશમિક–ક્ષાયોપશમિક તથા ક્ષાયિકભાવરૂપ છે.

મોક્ષ તે ક્ષાયિકભાવરૂપ છે.

૨૩. પ્રશ્નઃ– પૂજા કરવાથી શું લાભ ? ( જયેશ જૈન, વઢવાણ )

ઉત્તરઃ– જેમની પૂજા કરીએ છીએ તેમના જેવા થવાની ભાવના જાગે. વીતરાગ દેવની પૂજા કરનાર પોતે પણ વીતરાગ થવાની ભાવના ભાવે છે.

૨૪. પ્રશ્નઃ– તીર્થંકર અને ચક્રવર્તીમાં શો ફેર ?

ઉત્તરઃ– તીર્થંકર એ ધર્મના ચક્રવર્તી છે; ને ચક્રવર્તી રાજા તે તો રાજ્યના ચક્રવર્તી

છે. ચક્રવર્તી પણ તીર્થંકર પાસે તો દાસ છે. તીર્થંકર ભગવાન કેવળજ્ઞાનને લીધે ત્રણ લોકના રાજા છે. તીર્થંકર તો તે જ ભવે મોક્ષ પામે; અને ચક્રવર્તી જોકે મોક્ષગામી તો છે જ પણ તે જ ભવે મોક્ષ પામે કે પછી પણ પામે. ભરતક્ષેત્રમાં એક ચોવીસીમાં તીર્થંકરો ૨૪ થાય ને ચક્રવર્તી ૧૨ થાય. શાંતિનાથ–કુંથુનાથ–અરનાથ ભગવંતો પહેલાં ચક્રવર્તી હતા, પછી તેઓ છ ખંડના રાજવૈભવને છોડીને ધર્મના ચક્રવર્તી તીર્થંકર થયા. એક વાત યાદ રાખજો કે તીર્થંકરપણું અને ચક્રવર્તીપણું એ બંને પદ તો પુણ્યપ્રકૃતિનું ફળ છે, તે બંને વગર પણ મોક્ષ પામી શકાય છે, કેમકે આત્મગુણ તેનાથી જુદા છે. સર્વજ્ઞતા તે આત્મગુણ છે.

૨૫. પ્રશ્નઃ– દર્શનમોહ અને ચારિત્રમોહની સરળ ભાષામાં વ્યાખ્યા શું? અને તેનો ક્ષય કેમ થાય? ( જયેન્દ્ર જૈન, જામનગર )

ઉત્તરઃ– પોતાના આત્માનું સાચું સ્વરૂપ જેવું છે તેવું ન સમજતાં, તેમાં ભૂલ કરવી તેનું નામ દર્શનમોહ; અને પોતાના આત્મસ્વરૂપમાં વીતરાગ ભાવે સ્થિર ન રહી શકવું તેનું નામ ચારિત્રમોહ.

આત્મસ્વરૂપ જેવું છે તેવું સમજતાં દર્શનમોહ ટળે; અને પછી વીતરાગભાવે સ્વરૂપમાં સ્થિર રહેતા ચારિત્રમોહ ટળે.

૨૬ પ્રશ્નઃ– ( નીચેની કડીનો અર્થ સમજાવશો )

**અનંત સૌખ્ય નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા!**
**અનંત દુઃખ નામ સૌખ્ય, પ્રેમ ત્યાં વિચિત્રતા!!**
**ઉઘાડ ન્યાયનેત્રને નીહાળ રે નીહાળ તું,**
**નિવૃત્તિ શીઘ્રમેવ ધારી. તે પ્રવૃત્તિ બાળ તું.**

ઉત્તરઃ– શ્રીમદ્ રાજચંદ્રજીએ આ ચાર લીટીમાં આત્માનો ઘણો સરસ ભાવવાહી ઉપદેશ આપ્યો છે. તેઓ કહે છે કે અરે જીવ! તારા આત્માનું સ્વરૂપ કે જે અનંતસુખથી ભરેલું છે અને દુઃખ તો જેમાં નામમાત્ર છે–એટલે કે કહેવામાત્ર છે, ખરેખર તેમાં દુઃખ નથી, –એવા આત્માની મિત્રતા તને કેમ ન રહી? એનો પ્રેમ તને કેમ ન આવ્યો? અને બાહ્ય વિષયો–કે જેમાં અનંત દુઃખ છે ને સુખ તો કહેવામાત્ર જ છે, ખરેખર તેમાં સુખ નથી, –તે વિષયોમાં તને પ્રેમ આવે છે! –આ કેવી વિચિત્રતા છે? આ તને શોભતું નથી. –માટે તારા ન્યાયનેત્રને ( જ્ઞાન–

ચક્ષુને ) ઊઘાડીને નીહાળ રે નીહાળ ! વિચાર તો કર કે તારું હિત શેમાં છે ? આત્મામાં સુખ છે કે વિષયોમાં ? એમ વિવેકપૂર્વક વિચારીને હે જીવ ! હવે તું આવી મિથ્યા પ્રવૃત્તિથી શીઘ્રમેવ નિવૃત્તિ ધારણ કર. બાહ્ય વિષયપ્રવૃત્તિને છોડ...ને આત્માનો પ્રેમ કર....શીઘ્ર જ કર.

–આ પ્રમાણે આત્મહિતની સુન્દર પ્રેરણા આપી છે.

૨૭. પ્રશ્નઃ– સાચું સુખ કેમ દેખાતું નથી ?

ઉત્તરઃ– જીવ પોતે જ્ઞાનની આંખ ઊઘાડતો નથી માટે ! જો પોતાની જ્ઞાનઆંખ ઉઘાડે તો પોતામાં જ સુખનો મોટો દરિયો દેખાય.

૨૮. પ્રશ્નઃ– મોક્ષનો માર્ગ શું છે ? ( જસ્મીન જૈન, વઢવાણ )

ઉત્તરઃ– સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષમાર્ગ છે, તે વીતરાગ છે, તેમાં રાગ નથી.

૨૯. પ્રશ્નઃ– આતમદેવ કેવો હશે ?

ઉત્તરઃ– અસ્સલ મજાનો....ખાસ જોવા જેવો ! જ્ઞાન ને આનંદથી ભરેલો.

૩૦. પ્રશ્નઃ– માનસ્તંભ શું છે ?

ઉત્તરઃ– જૈનધર્મની દીવાદાંડી ! દૂરથી એને જોતાં ધર્મના માર્ગે જવાની પ્રેરણા જાગે છે.

૩૧. પ્રશ્નઃ– સાચું જ્ઞાન કોને કહેવાય ? ( કમલેશ જૈન, વઢવાણ )

ઉત્તરઃ– આત્માને જાણે તે જ સાચું જ્ઞાન. ( ભેદજ્ઞાન તે જ્ઞાન છે. બાકી બુરો અજ્ઞાન )

૩૨. પ્રશ્નઃ– સુખ શેમાં છે ?

ઉત્તરઃ– ભગવાનમાં ને આપણામાં બધાયમાં સુખ છે; માત્ર જડમાં સુખ નથી. બધાય આત્મા સુખના જ ભંડાર છે; જે ઓળખે તે સુખી થાય.

૩૩. પ્રશ્નઃ– અનેકાન્તવાદી એટલે શું ?

ઉત્તરઃ– આત્મામાં અનેક ધર્મો એક સાથે છે, નિત્યપણું–અનિત્યપણું વગેરે એકસાથે જ છે; આવા અનેક ધર્મસ્વરૂપ આત્માને જે ઓળખે તે અનેકાંતવાદી છે.

૩૪ પ્રશ્નઃ– આપણે ભગવાનને વંદન શા માટે કરીએ છીએ? (મુકેશ જૈન, વઢવાણ)

ઉત્તરઃ– આપણને તેમના જેવા થવાનું ગમે છે તેથી.

૩૫. પ્રશ્નઃ– મુક્ત જીવ સંસારમાં કેમ નહિ આવતા હોય?

ઉત્તરઃ– શું કામ આવે? સુખને છોડીને દુઃખમાં કોણ આવે?

૩૬. પ્રશ્નઃ– સમવસરણ શું છે?

ઉત્તરઃ– તીર્થંકર ભગવાન જ્યારે ઉપદેશ આપે ત્યારે ધર્મસભા તરીકે સભામંડપ વગેરેની અદ્ભુત રચના ઇન્દ્રો કરે છે......તે સમવસરણમાં અનેક અતિશય હોય છે. ત્યાંની વાવડીના પાણીમાં સાત ભવ દેખાય છે, ત્યાં ભૂખ–તરસ લાગતી નથી, મૃત્યુ થતું નથી, ગમે તેવા શત્રુઓ પણ વેરભાવ ભૂલી જાય છે, ક્રૂર જીવો ક્રૂરતા છોડીને અહિંસક બની જાય છે, આંધળા દેખતા થઈ જાય છે, લુલા ચાલતા થઈ જાય છે, આત્મસાધક ધર્મી જીવોનાં ટોળેટોળાં ત્યાં નજરે પડે છે...અને સૌથી મહાન વસ્તુ સાક્ષાત્ સર્વજ્ઞપરમાત્મા અરિહંતદેવ ત્યાં નજરે દેખાય છે ને તેમની વાણીદ્વારા ભવ્ય જીવો પોતાના શુદ્ધાત્માને જાણીને પરમપદને સાધે છે. અહા, પ્રભુના એ સમવસરણનું વર્ણન કેમ થાય? એને જોવાને હૈડું તલસી રહ્યું છે.

૩૭. પ્રશ્નઃ– આત્માનો સાચો વ્યવહાર કયો છે? (મહેન્દ્ર જૈન, દાહોદ)

ઉત્તરઃ– ચેતનાનો વિલાસ તે આત્માનો સાચો વ્યવહાર છે, અજ્ઞાનીઓ તે વ્યવહારને ઓળખતા નથી, ને શરીરાશ્રિત વ્યવહારને પોતાનો માનીને સંસારમાં રખડે છે.

૩૮. પ્રશ્નઃ– રૂપી અને અરૂપી એટલે શું? (ભારતીબેન જૈન, વઢવાણ)

ઉત્તરઃ– જેનામાં સ્પર્શ–રંગ વગેરે હોય તેને રૂપી કહેવાય છે; સ્પર્શાદિ જેમાં ન હોય તેને અરૂપી કહેવાય છે. રૂપી પદાર્થ પુદ્ગલ જ છે, અને તે ઇન્દ્રિયગમ્ય થઈ શકે છે. અરૂપી પદાર્થ આંખ વગેરે ઇન્દ્રિયોથી દેખાતા નથી. ઇન્દ્રિયદ્વારા જે કાંઈ જણાય તે બધુંય રૂપી સમજવું.

૩૯. પ્રશ્નઃ– અરૂપી હોય તે આત્મા છે–એ વાત સાચી છે?

ઉત્તરઃ– તે અર્ધ સત્ય છે. કેમકે 'આત્મા અરૂપી છે' એ ખરું, પણ 'જે કોઈ

પદાર્થ અરૂપી છે તે બધા આત્મા’ નથી; અરૂપી પદાર્થમાં કોઈ આત્મા છે, કોઈક જડ પણ છે. આકાશ વગેરે ચાર દ્રવ્યો અરૂપી હોવા છતાં તે આત્મા નથી, તે જડ છે; આત્માનું અબાધિત લક્ષણ ચેતનપણું છે–જે બીજા કોઈમાં નથી, ને આત્મામાં સદાય છે.

૪૦. પ્રશ્નઃ– મંદિરમાં શાસ્ત્રની સ્થાપના શું કામ કરીએ છીએ? (નીતાબેન જૈન)

ઉત્તરઃ– તે વીતરાગદેવની વાણી છે અને શુદ્ધાત્માને ઓળખવામાં નિમિત્ત છે તેથી. દેવ–ગુરુ–શાસ્ત્ર ત્રણેને પૂજનીય કહ્યા છે.

૪૧. પ્રશ્નઃ– જડમાં સુખ કેમ ન હોય?

ઉત્તરઃ– કેમકે તે જડ છે; સુખ તે આત્માનો ગુણ છે, તે જડમાં ન હોય.

૪૨. પ્રશ્નઃ– સમ્યગ્દર્શન માટે શું કરવું જોઈએ?

ઉત્તરઃ– સાચી આત્મલગનીથી તત્ત્વનો અભ્યાસ અને ધર્માત્માનો સત્સંગ.

૪૩. પ્રશ્નઃ– ભગવાન ઉપર ત્રણ છત્ર હોય છે તે શું સૂચવે છે?

ઉત્તરઃ– ભગવાનના અષ્ટપ્રાતિહાર્યરૂપ તે વૈભવ છે. ભગવાને ત્રણ રત્ન વડે ત્રણ લોકમાં સર્વશ્રેષ્ઠ પદ પ્રગટ કર્યું તેના પ્રતીકરૂપે ત્રણ છત્ર છે–એમ જ્ઞાનીજનો અલંકારપૂર્વક સ્તુતિ કરે છે. વળી, ભગવાનના મુખની દિવ્યશોભા પાસે ચંદ્રની શોભા પણ ઝંખવાઈ ગઈ, તેથી ચંદ્ર પોતે જાણે ત્રણ છત્રનું રૂપ લઈને ભગવાનની સેવા કરવા આવ્યો હોય! ઇત્યાદિ અનેક અલંકારથી ભગવાનની સ્તુતિ કરવામાં આવે છે.

૪૪. સુરતથી સુરેશકુમાર ભુરાલાલ કામદાર લખે છે કે હું કોલેજિયન બાલસભ્ય છું; આત્મધર્મ વગેરે વાંચું છું. સવારમાં ભગવાનનાં દર્શન કરીને કોલેજ જતાં રસ્તામાં વિચાર આવ્યા કરે છે કે આ દેહ તો ક્ષણભંગુર છે; સંસારમાં કાંઈ સાર નથી. –વારંવાર મૃત્યુની બીક લાગ્યા કરે છે....ક્યાંય ગમતું નથી....અમૂલ્ય માનવદેહ વેડફાઈ ન જાય, તે માટે માર્ગદર્શન આપશો.

ભાઈશ્રી, પ્રથમ તો કોલેજના અભ્યાસની વચ્ચે પણ ભગવાનનાં દર્શન અને તત્ત્વવિચારમાં રસ લેવા માટે ધન્યવાદ! બીજું, જ્યારે ગુરુદેવ આપણને દેહથી ભિન્ન અવિનાશી આત્મા સમજાવે છે ત્યારે મૃત્યુથી ભયભીત રહેવાની જરૂર નથી. હા, દેહની ક્ષણભંગુરતા જાણીને આત્મહિત માટે ક્ષણે–પળે જાગૃત રહેવું જરૂરી છે. તમે લખો છો કે ક્યાંય ગમતું નથી, –તો અંદર આત્મતત્ત્વના

અભ્યાસમાં, અને તેને લગતા સાહિત્યમાં રસ લેશો તો જરૂર ગમશે. પુરાણ–પુરુષોનું જીવનચરિત્ર તમને ઘણો ઉલ્લાસ આપશે. (ને એવા પુસ્તકો તો તમારા સુરતમાં જ મળે છે– 'જૈનમિત્ર' માંથી તો આજથી જ મૂરત કરી દો.)

૪૫. પ્રશ્નઃ– સમ્યગ્દર્શન થયા પછી દેવ કે મનુષ્યનું જ આયુ બંધાય–તે બરાબર, પણ સમ્યગ્દર્શન વગરનો કોઈ મનુષ્ય મરીને પાછો મનુષ્યભવમાં જ અવતરે –એમ બને? (સ. નં. ૪૩૬)

ઉત્તરઃ– હા, એમ બની શકે છે. સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય મરીને વિદેહક્ષેત્ર વગેરે કર્મ ભૂમિમાં કદી ન અવતરે, પણ મિથ્યાદ્રષ્ટિ મનુષ્ય મરીને વિદેહક્ષેત્ર વગેરે કર્મભૂમિમાં પણ અવતરે છે.

૪૬. પ્રશ્નઃ– અનંતા જીવો છે તેમાંથી છ મહિના આઠ સમયે ૬૦૮ જીવો મોક્ષ જાય છે; એવો મોક્ષનો પ્રવાહ સદાય ચાલ્યા જ કરે છે; તો અમુક કાળે બધાય જીવો મોક્ષ પામી જાય ને સંસારમાં જીવો ખલાસ થઈ જાય–એમ નહીં બને?

ઉત્તરઃ– ના; જીવોની સંખ્યા એટલી અનંત છે કે તે કદી નહીં ખૂટે. મોક્ષ કરતાં સંસારી જીવો સદાય અનંતાગુણ જ રહેશે. જેમ બધોય ભવિષ્યકાળ કદી ભૂતકાળરૂપ નહીં થઈ જાય. તેમ બધાય જીવો કદી મુક્ત નહિ થઈ જાય. ભૂત અને ભવિષ્યકાળ સદાય રહેવાના છે તેમ મુક્ત અને સંસારી જીવ પણ સદાય રહેવાના છે. જીવની અને કાળની અનંતતા એ એવા અતીન્દ્રિય જ્ઞાનનો વિષય છે કે તેમાં ઇન્દ્રિયજન્ય ગણિત કામ ન આવે.

૪૭. પ્રશ્નઃ– આપણે નમસ્કારમંત્રમાં જે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીએ છીએ તેઓ હાલ ક્યાં છે? (હરીશ જૈન. જામનગર)

ઉત્તરઃ– સીમંધરાદિ આઠલાખ જેટલા અરિહંત ભગવંતો આ મનુષ્યલોકમાં વિદેહક્ષેત્રમાં અત્યારે વિચરે છે. સિદ્ધભગવંતો લોકના છેડે અનંતા બિરાજે છે. (આપણા માથાની બરાબર ઉપર પણ લોકાગ્રે અનંત સિદ્ધભગવંતો બિરાજે છે.) આચાર્ય–ઉપાધ્યાય અને સાધુ અઢી દ્વીપમાં (ભરત–ઐરાવત અને વિદેહક્ષેત્રમાં) વિચરે છે; ભરતક્ષેત્રમાં અત્યારે તેમની અત્યંત વિરલતા છે. પરંતુ અઢીદ્વીપમાં તો આઠ કરોડ નવ્વાણું લાખ નવ્વાણું હજાર નવસો ને સત્તાણું (૮,૯૯૯૯૯૯૭) સાધુ ભગવંતો વિચરે છે. –તે સૌને આપણા નમસ્કાર હો.

૪૮. પ્રશ્નઃ– ચંચળ મનને મનાવવું કેવી રીતે? (જોરાવરનગર સ. નં. ૧૬૯૪ થી ૧૬૯૮)

ઉત્તરઃ– મન તો એવું છે કે મનાવ્યું કોઈ રીતે માને તેમ નથી; એક જ ઉપાય છે કે આત્માથી એને જુદું પાડી દો... મનથી પણ હું જુદો છું–એમ આત્માને લક્ષમાં લ્યો, એટલે મનની ચંચળતા મટી જશે.

૪૯. પ્રશ્નઃ– અઢીદ્વીપ પછી માનુષોત્તર પર્વત છે ત્યાંથી આગળ કોઈ મનુષ્ય કેમ નહીં જઈ શકતા હોય? (રંજનબેન, વઢવાણ)

ઉત્તરઃ– સંસારની ચારે ગતિમાં કોઈ ને કોઈ પ્રકારે પરાધીનતા છે, માટે હે જીવ! તું ચારે ગતિના બંધનને છેદીને સિદ્ધપદને સાધ. મનુષ્ય ભલે માનુષોત્તરની બહાર ન જઈ શકે પણ મોક્ષને સાધી શકે છે. (અઢી દ્વીપ બહાર વિગ્રહ ગતિનાં મનુષ્યો કે સમુદ્ઘાતવાળા મનુષ્ય હોય છે તે હકીકત શાસ્ત્રોથી જાણી લેવી.)

૫૦. પ્રશ્નઃ– સિદ્ધ ભગવાન અલોકમાં કેમ નથી જતા?

ઉત્તરઃ– એમને અલોકમાં જવાનું કાંઈ પ્રયોજન નથી. પ્રયોજન વગરની પ્રવૃત્તિ સિદ્ધભગવાનને કેમ હોય? લોકાગ્રે તેઓ સંપૂર્ણ સુખી છે અને સદાકાળ ત્યાં જ સ્થિર રહેવાનો તેમનો સ્વભાવ છે.

વળી સિદ્ધભગવાન જો અલોકમાં જાય તો અલોકનો જ નાશ થઈ જાય; તેનું અલોકપણું ન રહે.

૫૧. પ્રશ્નકાર રાજનભાઈ મુંબઈથી લખે છે કે જૈનેતર સંપ્રદાયમાં જન્મ હોવા છતાં જૈનધર્મ પ્રત્યે મને ખૂબ જ આદરભાવ–પ્રેમ છે; કેમકે આત્મધર્મમાં આવતી ગુરુદેવશ્રીની વાણીદ્વારા સમ્યક્ સમજ મળતી રહે છે.

પ્રશ્નઃ– જગત અને જીવની ઉત્પત્તિ કેવી રીતે થઈ?

ઉત્તરઃ– જીવ અને અજીવ અનંત દ્રવ્યોના સમૂહરૂપ આ જગતનું સત્પણું સદાય છે; તેઓ તદ્દન નવા કદી ઉત્પન્ન થયા નથી, તેમજ સર્વથા નાશ પણ કદી નહિ થાય, સત્પણું કાયમ રાખીને તેઓ નવાનવા ભાવરૂપે ઉત્પાદ–વ્યય કર્યા કરે છે.

૫૨. સર્વજ્ઞસ્વભાવી આત્મા ઉપર કર્મની અસર કેવી રીતે થઈ?

ઉત્તરઃ– પોતે પોતાના સર્વજ્ઞસ્વભાવનું અવલંબન ન લીધું, ને તેને ભૂલીને પરના અવલંબનથી રાગ–દ્વેષ–મોહરૂપ થયો......તેથી તેને કર્મ સાથે સંબંધ થયો. પણ કર્મોએ તેના ઉપર કાંઈ અસર કરી નથી. જો પોતે સર્વજ્ઞસ્વભાવની સન્મુખ થઈને પરિણમે તો રાગાદિ ભાવકર્મ પણ ન રહે ને જડકર્મનો સંબંધ પણ ન રહે.

૫૩ પ્રશ્નઃ– આત્મા બળવાન કે કર્મ ?

ઉત્તરઃ– આત્માનું અનંત બળ આત્મામાં, કર્મનું બળ કર્મમાં; પણ કોઈ તત્ત્વનું બળ બીજા ઉપર ચાલતું નથી.

૫૪ પ્રશ્નઃ– જૈન મુનિઓ સફેદ વસ્ત્રો જ કેમ રાખે છે ?

ઉત્તરઃ– मूलं नास्ति कुतो शाखा ? જૈન સાધુઓને વસ્ત્ર જ હોતાં નથી, પછી તેના રંગની શી વાત ? વસ્ત્રસહિત દશામાં શ્રાવકપણું હોઈ શકે, સાધુપણું ન હોય.

૫૫ પ્રશ્નઃ– આત્મા નિરંજન–નિરાકાર છે તો તેને કયા સાધનવડે પ્રાપ્ત કરી શકાય છે ? ( કાંતિલાલ જૈન....દામનગર )

ઉત્તરઃ– જે સાધનવડે આત્માનું નિરંજન–નિરાકારપણું નક્કી થાય છે તે જ સાધન વડે તેની પ્રાપ્તિ ( એટલે કે સ્વાનુભૂતિ ) થાય છે; આત્મા કાંઈ બીજે ક્યાંય નથી કે તેને પ્રાપ્ત કરવાનો હોય; પોતે જ આત્મા છે.....અંતર્મુખ ચેતનાવડે પોતે પોતાનો અનુભવ કર્યો એને જ આત્મપ્રાપ્તિ ( પ્રાપ્તની પ્રાપ્તિ ) કહેવાય છે.

૫૬. પ્રશ્નઃ– આત્મા અને દેહ જુદા હોવા છતાં દુઃખ વખતે આંખમાં આંસુ કેમ આવે છે ?

ઉત્તરઃ– તે પ્રકારનો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે.

૫૭. પ્રશ્નઃ– આત્માની સાધના માટે વ્રત–તપની આવશ્યકતા ખરી ?

ઉત્તરઃ– તે સમજવા માટે પહેલાં વ્રત–તપનું અને આત્મસાધનાનું સ્વરૂપ ઓળખવું જોઈએ. પ્રથમ તો આત્માની સાધના એટલે કે પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષની સાધના, તે શુદ્ધ વીતરાગભાવવડે જ થાય છે, રાગવડે થતી નથી.

હવે વ્રત–તપ બે જાતનાં છે–એક વીતરાગભાવરૂપ નિશ્ચય–તપ; અને બીજા શુભરાગરૂપ વ્યવહાર વ્રત–તપ. બસ, આટલું સમજતાં તમારા પ્રશ્નનો ઉત્તર તમને મળી જશે.

૫૮ઃ– રાગાદિ ભાવો જીવની પર્યાયમાં થાય છે છતાં સમયસારમાં તેને પુદ્‌ગલનાં કેમ કહ્યા ? ( વિમળાબેન, હિંમતનગર )

ઉત્તરઃ– કેમકે શુદ્ધ જીવની અનુભૂતિથી તે બહાર રહી જાય છે, માટે તેને જીવ ન કહ્યો. પુદ્‌ગલમય છે એટલે ચેતનમય નથી–એમ સમજવું.

૫૯ પ્રશ્નઃ– ગુરુ એટલે કોણ?

ઉત્તરઃ– ગુણમાં જે મોટા હોય તેને ગુરુ કહેવાય છે. રત્નત્રયગુણ તે ધર્મ છે, ને તેમાં જે મોટા હોય તે ધર્મગુરુ છે. સમ્યગ્જ્ઞાનનો બોધ આપનારા જ્ઞાની–ધર્માત્મા તે પણ જ્ઞાનગુરુ છે.

૬૦. પ્રશ્નઃ– જૈનધર્મને આબાદ કરવા શું કરવું?

ઉત્તરઃ– કહે હરિ જૈનધર્મને કરવા આબાદાન,
સરસ રીત તો એજ છે દ્યો બચ્ચાંને જ્ઞાન.

(–બાકીનાં પ્રશ્નોત્તર આવતા અંકે)

*****

## હે જીવ! આત્મહિતના અવસરમાં તું સાવધાન થા

*

જિજ્ઞાસુ જીવોના કલ્યાણ માટે ભગવાને વીતરાગ વિજ્ઞાનનો ઉપદેશ આપ્યો છે; તેમાં દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિનું સ્વરૂપ ઓળખાવીને તેનો નિષેધ કર્યો છે; એટલે મિથ્યાત્વના પ્રકારોને ઓળખીને પોતામાં કોઈ એવો દોષ હોય તો તે દૂર કરી, સમ્યક્ શ્રદ્ધા પ્રગટ કરવી; પણ કોઈ અન્યના એવા દોષો જોઈ કષાય ન કરવો; કારણ કે પોતાનું ભલુ–બૂરું તો પોતાના પરિણામોથી જ થાય છે. પોતાના હિત માટે, સર્વ પ્રકારના મિથ્યાભાવ છોડીને સમ્યગ્દ્રષ્ટિ થવું યોગ્ય છે. મિથ્યાત્વ તે સંસારનું મૂળ કારણ છે; રાગ–દ્વેષ શુભાશુભ પરિણામ તે પણ દુઃખ છે, તે પણ સંસારનું કારણ છે, આવા મિથ્યાત્વ અને રાગ–દ્વેષને દુઃખરૂપ જાણીને, હે જીવો! હવે તો તેનું સેવન છોડો; ને આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને તેમાં લીનતાનો ઉદ્યમ કરો.

હે ચૈતન્ય–દોલતવાળા દૌલતરામ! હે આતમરામ! તું તારા અનંતગુણનિધાનની દોલતને સંભાળ. આ સોના–ચાંદીની દોલત જડ, એ તો તારાથી જુદી છે; તારો આત્મા કેવળજ્ઞાનાદિ અનંતગુણ દોલતથી ભરપૂર છે; તેને ઓળખીને તારા નિજનિધાનને સંભાળ. ભાઈ, તારામાં તો કેવળજ્ઞાન ને સિદ્ધપદ પ્રગટવાની તાકાત છે, પણ પોતાને ભૂલીને તું ભવમાં ભટક્યો. માટે હવે તો બીજી બધી પંચાત છોડીને, જગતની જંજાળ છોડીને તું આત્મહિતના ઉદ્યમમાં લાગ......રત્નત્રયરૂપ મોક્ષમાર્ગને પ્રગટ કર.

અહા, વીતરાગી સન્તો કરુણાપૂર્વક કહે છે કે હે ભાઈ! अब आतमके हितपंथ लाग' બાપુ, તારો ઘણો કાળ દુઃખમાં ચાલ્યો ગયો, હવે તો સાવધાન થઈને આત્માનું હિત કર. હિત કરવાનો આ અવસર છે. આ ઉત્તમ અવસરને ચુકીશ ના. રાગ દુઃખદાયક હોવા છતાં તેને સુખદાયક માનીને સેવ્યો, ને સમ્યગ્દર્શનપૂર્વકનો વીતરાગી ચારિત્રધર્મ આનંદદાયક હોવા છતાં તેને દુઃખદાયક માન્યો–એ પ્રમાણે બંધ–મોક્ષના કારણોમાં ભૂલ કરી એટલે તત્ત્વશ્રદ્ધામાં વિપરીતતા થઈ. એ તત્ત્વની ભૂલરૂપ મિથ્યાત્વ છોડીને, યથાર્થ તત્ત્વ ઓળખીને સમ્યગ્દર્શન પ્રગટ કરીને અંતરમાં મોક્ષમાર્ગ પ્રગટ કરવો; તે માટે હે આત્મા! તું સાવધાન થા.

સાચા જૈન વીતરાગમાર્ગ સિવાય બીજા માર્ગને માનવો તે તો ગૃહીતમિથ્યાત્વ છે. –તેમાં ઊંધાઈ છે; ને જૈનમાર્ગમાં આવીને પણ જો પોતે અંતરમાં સર્વજ્ઞદેવે કહેલા નવતત્ત્વોનો નિર્ણય કરીને આત્માનો અનુભવ ન કરે તો અનાદિનું મિથ્યાત્વ ટળતું નથી. તેથી જ્ઞાનીઓએ સાત તત્ત્વોની શ્રદ્ધામાં જીવની ભૂલ શું છે તે બતાવીને તે છોડવાનો ઉપદેશ દીધો છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર આનંદદાયક છે ને મિથ્યાદર્શન –જ્ઞાન–ચારિત્ર મહાદુઃખદાયક છે; માટે એ બંનેને બરાબર ઓળખીને સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્રને ગ્રહણ કરો, ને મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્રને છોડો.

જ્ઞાનીઓ કરુણાથી ઉપદેશ કરે છે કે હે ભાઈ! હે ભવ્ય! અહીં સંસારમાં જે દુઃખો બતાવ્યાં, તથા તેના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવો બતાવ્યાં, તેનો અનુભવ તને થાય છે કે નહીં? ધર્મના નામે તું જે ઉપાયો અત્યાર સુધી કરતો હતો તેનું જૂઠાપણું દર્શાવ્યું તે તેમજ છે કે નહિ? તથા સમ્યગ્દર્શનાદિ વડે સિદ્ધઅવસ્થામાં પ્રાપ્ત થતાં પરમ સુખ થાય –એ વાત બરાબર છે કે નહીં? –આ બધું તું વિચારી જો. અને જો ઉપર કહ્યા પ્રમાણે જ તને પ્રતીતિ આવતી હોય તો સંસારથી છૂટીને સિદ્ધપદ પામવાના અમે જે ઉપાય કહીએ છીએ તે કર! વિલંબ ન કર. એ ઉપાય કરવાથી તારું કલ્યાણ જ થશે.

મિથ્યાત્વાદિ સેવતાં થયું જીવને દુઃખ; તે છોડી સમ્યક્ ભજો થાયે સાચું સુખ.

એવું સમ્યક્ સેવીએ જગતમાં જે સાર, વીતરાગવિજ્ઞાનથી થઈએ ભવથી પાર.

# પોરબંદરમાં મંગલ જન્મોત્સવ

## ( વૈશાખ સુદ બીજનો આંખે દેખ્યો અહેવાલ )

આજે છે વૈશાખ સુદ બીજ.....આકાશમાંથી જાણે આનંદ વરસી રહ્યો છે, દરિયો ઉલ્લસી-ઉલ્લસીને જાણે અભિષેક કરવા ઉમટી રહ્યો છે, હજારો ભક્તજનો-કોઈ આકાશમાર્ગે તો કોઈ જમીન માર્ગે ઉત્સવ ઉજવવા આવી રહ્યા છે....એ ઉત્સવ છે જગમંગલકારી કહાન ગુરુરાજની મંગલ જન્મજયંતીનો. પોરબંદર ભાગ્યવાન બન્યું છે. આ ૮૨ મી જન્મજયંતીનો ઉત્સવ ઉજવવા.

જાણે આખી અયોધ્યા નગરી શણગારાતી હોય એમ સર્વત્ર શણગારથી શ્રીમંડપ શોભી રહ્યો છે; મંડપમાં પારસપ્રભુ બિરાજી રહ્યા છે, ચારે કોર આનંદ-મંગલનાં ગીત ગૂંજી રહ્યા છે. ૮૨ કમાનોથી સુસજ્જિત રસ્તો રાહ જોઈ રહ્યો છે મક્તિપુરીના પથિકની......

મંગલ વાજિંત્રના નાદે ગુરુદેવના આગમનની વધાઈ આપી, જયજયકારથી મંડપ ગૂંજી ઊઠયો.... ગુરુદેવે શ્રીમંડપમાં પધારીને પ્રથમ ભગવાન શ્રી પારસનાથ જિનેન્દ્રદેવના ભક્તિથી દર્શન કરીને અર્ઘવડે પૂજન કર્યું.

૮૨ દરવાજામાંથી પસાર થઈને ગુરુદેવ મંડપમાં બિરાજ્યા, ને જન્મવધાઈ શરૂ થઈ....એક-બે પાંચ-પચાસ નહિ પરંતુ એક સાથે હજાર-હજાર હાથ ઊંચા થઈને ગુરુદેવને વધાવવા ઉત્સુક હતા....સૌએ ઉત્તમ ભાવપૂર્વક, ઉત્તમ ભાવનાપૂર્વક, ધર્મપ્રાપ્તિ માટે ગુરુદેવના મંગલ આશીષ લેતાલેતા, ને 'ચિરંજીવો' ના મંગલ આશીષ દેતાદેતા, શ્રીફળ ધરીને ગુરુદેવને અભિનંદન કર્યા.....હૈયાના ઉમળકાથી નૃત્ય-ગાન -જયજયકારવડે સૌએ આનંદ વ્યક્ત કર્યો. ઉપરથી જાણે અમૃત ઝરતું હતું...ધીરગંભીર ગુરુદેવની પ્રસન્ન-પ્રશાંત મુદ્રાનું દર્શન કરીને હૃદય તૃપ્ત-તૃપ્ત થતું હતું; અહા, મક્તિનો માર્ગ બતાવનારા આવા ગુરુ અમને મળ્યા....એમના મંગલ અવતારની સાથે અમારા મોક્ષનો પણ અવતાર થયો. આવી આત્મિક ઉર્મિપૂર્વક જન્મોત્સવ ઉજવાયો.

જન્મોત્સવ-પ્રસંગે બહારથી હજાર ઉપરાંત ભક્તજનો ઉત્સવમાં ભાગ લેવા આવ્યા હતા....પોરબંદરની જનતાએ પણ હજારોની સંખ્યામાં લાભ લીધો હતો. પોરબંદરમાં જન્મોત્સવ ઉજવવાનું મહાભાગ્ય મળતાં પોરબંદરના મુમુક્ષુઓને, તેમજ શેઠશ્રી ભુરાલાલ-

ભાઈના સુપુત્રો અને પરિવારને ઘણો ઉલ્લાસ થયો હતો. જન્મોત્સવના આગલે દિવસે શ્રી જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા શહેરમાં ફરી હતી; રાત્રે ઘાટકોપરની ભજનમંડળીએ નાટકદ્વારા કુંદકુંદાચાર્યદેવનો મહિમા તથા જીવનપરિચય રજુ કર્યો હતો. જન્મજયંતી પ્રસંગે દેશભરમાંથી દોઢસો ઉપરાંત ભક્તિભર્યા શુભેચ્છા સન્દેશ આવ્યા હતા.

આજે રૂપાળીબા–બાગના શાંત મધુર વાતાવરણની વચ્ચે મંડપની શોભા અનેરી હતી, અને એ મંડપ વચ્ચે બિરાજમાન ગુરુદેવનો મહિમા અદ્ભુત હતો. ચારે બાજુ ઝુલી રહેતા ઉત્તમ ફળો, ને શ્રીફળનો ઢગલો–મોક્ષફળ પાકવાની આગાહી કરતા હતા. મોક્ષનો સંદેશ આપતા વૈશાખ સુદ બીજના મંગલ–પ્રવચનમાં સૌથી પહેલાં આત્માના અતીન્દ્રિય આનંદને યાદ કરીને ગુરુદેવે કહ્યું કે ભગવાન આત્માનો સ્વભાવ અતીન્દ્રિય આનંદથી ભરપૂર છે. તેનું ભાન કરતાં પર્યાયમાં તે આનંદનો અનુભવ થાય તે મંગળ છે. તે મક્તિનું કારણ છે.

–હજારો શ્રોતાજનોએ શાંતચિત્તે મક્તિમાર્ગ સન્દેશ સાંભળ્યો...પ્રવચન બાદ સમસ્ત સમાજ તરફથી ગુરુદેવના મહાન ઉપકારને પ્રસિદ્ધ કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, અને સમ્યગ્દર્શન (પુસ્તક ચોથું) પૂ. ગુરુદેવને સમર્પણ કરવામાં આવ્યું હતું, તથા સેંકડો ભક્તજનોએ આજની ૮૨મી જન્મજયંતીની ખુશાલીમાં ૮૨ રૂા. ની રકમો નોંધાવી હતી–જેમાં રૂા. સત્તાવીશ હજાર ઉપરાંત રકમો થઈ હતી. (આ રકમ સોનગઢ–જ્ઞાનખાતામાં વપરાય છે.)

બપોરે પ્રવચન પછી સુંદર ભજન–ભક્તિ થયા હતા; રાત્રે પણ ભક્તિ–ભજનનો આનંદમય કાર્યક્રમ હતો. આ રીતે આખોય દિવસ આનંદમય વાતાવરણ વચ્ચે પોરબંદરમાં પૂ. ગુરુદેવનો ૮૨ મો મંગલ–જન્મોત્સવ ઉજવાયો હતો. ધન્ય બની પોરબંદરની ધરતી....ને ધન્ય બન્યા સૌ ભક્તો. જયવંત વર્તો જગમંગલકારી ગુરુદેવ.

---

**વૈરાગ્ય સમાચારઃ**- મોટા આંકડિયાવાળા શ્રી હેમકુંવરબેન પરમાણંદ ઠોસાણી વૈશાખ સુદ ૩ તા. ૨૭–૪–૭૧ રોજ ભિલાઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેમને દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે અત્યંત બહુમાન હતું. તેઓ અવારનવાર સોનગઢ આવી લાભ લેતા હતા. કેન્સર હોવા છતાં થોડા દિવસ પહેલાં જ તેઓ પૂ. ગુરુદેવના દર્શન માટે સોનગઢ આવેલા અને પૂ. ગુરુદેવે તેમને માંગલિક સંભળાવી આત્માનું લક્ષ રાખવા સંબંધી બે શબ્દ કહેલા....જેથી તેઓ રોગને ભૂલી એકદમ ઉલ્લાસમાં આવી ગયા અને કહ્યું–કે–શરીર છૂટી જાય એની જરાય ચિંતા નથી. પણ અહીં સોનગઢમાં આપના ચરણોમાં આ દેહ છૂટે એવી ભાવના છે.

દેવ–ગુરુ–ધર્મનાં શરણે તેઓ આત્મહિત સાધે એ જ ભાવના.

---

# રાજકોટમાં મંગલાચરણ

પોરબંદરમાં મંગલ જન્મોત્સવ ઉજવાયા બાદ વૈશાખ સુદ ત્રીજે પૂ. ગુરુદેવ ગોંડલ પધાર્યા અને ત્યાં બે દિવસ રહીને વૈશાખ સુદ પાંચમના રોજ રાજકોટ શહેર પધાર્યા; ઉત્સાહપૂર્વક મંગળ સ્વાગત થયું; સીમંધરનાથના દર્શન બાદ ભાવભીના મંગલપ્રવચનમાં કહ્યું કે–

આત્મા જ્ઞાયકતત્ત્વ છે; ઉપયોગ તેનું લક્ષણ છે, તે ઉપયોગલક્ષણવડે આત્માને જ્યાં લક્ષમાં લીધો ત્યાં તે ઉપયોગને કોઈ હરણ કરી શકતું નથી. ભગવાન કહે છે કે જીવનું લક્ષણ ઉપયોગ છે–

सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।

ભગવાન સર્વજ્ઞદેવે જીવ સદા ઉપયોગલક્ષણ જોયો છે. જે ઉપયોગ અંતરમાં પોતાના કારણ પરમાત્માને લક્ષ્ય કરે તેને સાચું લક્ષણ કહેવાય છે. જેનું લક્ષણ ઉપયોગ છે તેના ઉપર લક્ષ કરીને જે ઉપયોગ શુદ્ધ થયો તે કોઈથી હરાતો નથી, દબાતો નથી. તે ઉપયોગ વચ્ચે ભંગ પાડયા વગર પરમાત્મપદને પ્રાપ્ત કરશે.

‘ઉપયોગ’ તેને કહેવાય કે જે પોતાના આત્માને અવલંબે. બહારમાં રાગ દ્વેષાદિને અવલંબીને જે રોકાય તેને તો અનુપયોગ કહે છે, તેને આત્માનું લક્ષણ નથી કહેતા. આત્માને જે પકડે તેને જ આત્માનું લક્ષણ કહેવાય, કેમકે લક્ષ્યથી જુદું લક્ષણ રહેતું નથી. જે ઉપયોગ અંતરમાં વળીને દ્રવ્ય સાથે એક થયો તે ઉપયોગ કદી ફરે નહિ. દ્રવ્યનો નાશ થાય તો તેનો નાશ થાય. –તે ઉપયોગ કદી હણાય નહિ. આવો અખંડ ઉપયોગ પ્રગટયો તે મંગળ છે, તેમાં હવે ભંગ પડે નહીં. સ્વભાવનો રંગ લાગ્યો ત્યાં હવે વચ્ચે બીજાનો રંગ આવે નહિ. અનંત ધર્મનો ધણી એવો આત્માનો સ્વભાવ, તેને જ્યાં ઉપયોગમાં લીધો ત્યાં તે ઉપયોગમાં હવે બીજો ભાવ આવવા ન દઉં. આવો ઉપયોગ પ્રગટ કરીને હે નાથ! અમે આપના પગલે મોક્ષના માર્ગે ચાલ્યા આવીએ છીએ, આવી અમારા કૂળની રીત છે. તેમાં વચ્ચે ભંગ પડવાનો નથી. તે ઉપયોગ અપ્રતિહતપણે પરમાત્મપદ પ્રગટ કરશે. –તે મંગલ છે.

રાજકોટમાં પૂ. ગુરુદેવ ૧૫ દિવસ સુધી (તા. ૨૯ એપ્રિલથી ૧૩મે સુધી) બિરાજવાના છે. સવારે શ્રી નિયમસાર તથા બપોરે સમયસારની ૪૭ શક્તિ ઉપર પ્રવચન ચાલે છે. રાત્રે તત્ત્વચર્ચા થાય છે.

રાજકોટ પછી સુરેન્દ્રનગર તથા અમદાવાદ થઈને જયપુર પધારશે. રવિવાર તા. ૧૬ ના રોજ ત્યાં સ્વાગત થશે.

# દીર્ઘસૂત્રી મનુષ્ય આત્મહિતને ચૂકી જાય છે

દીર્ઘસૂત્રી મનુષ્યો બાહ્ય વિષયોના અનેક પ્રકારે સંકલ્પ–વિકલ્પો કર્યા કરે છે, ને પ્રમાદથી આત્મહિતને ચૂકી જાય છે. પદ્મપુરાણમાં ભામંડલની મનોવૃત્તિ તેનું ઉદાહરણ છે. તે ભામંડળ રાજા એમ વિચારે છે કે–મેં આ શરીરને સુખેથી પાળ્યું છે તેથી હજી થોડા દિવસ રાજ્યસુખ ભોગવી લઉં; કલ્યાણના કારણરૂપ એવી ચારિત્રદશાને પછી ધારણ કરીશ. આ કામ–ભોગ છોડવા કઠણ છે, તેનાથી મને જે પાપ બંધાશે તેને હું પછી ધ્યાન–અગ્નિવડે પળવારમાં ભસ્મ કરી નાંખીશ. –એ પ્રકારના મનોરથ ઘડતાં–ઘડતાં તે ભામંડલે સેંકડો વર્ષો વિષયભોગોમાં વીતાવી દીધા.....પરંતુ આયુષ્યનો અંત નજીક આવે છે–એનો વિચાર ન કર્યો. આત્મહિત પછી કરીશ પછી કરીશ–એમ કરતાં, અંતે એકાએક વીજળી પડવાથી તે સાતખંડા મહેલમાં સૂતાસૂતા જ મરણ પામ્યો...પ્રમાદને કારણે આત્મહિત સાધી ન શક્યો.

–આ રીતે દીર્ઘસૂત્રી મનુષ્ય બહારનાં અનેક વિકલ્પ કરે છે પરંતુ પોતાના આત્માના ઉદ્ધારનો ઉપાય નથી કરતો. વિષયતૃષ્ણા પાછળ દોડતો તે એકક્ષણ પણ ચેન પામતો નથી. માથે મૃત્યુ ભમી રહ્યું છે–તેનું તેને ભાન નથી. અરે, ક્ષણભંગુર ઇન્દ્રિયવિષયોમાં લુબ્ધ થયેલો દુર્બુદ્ધિ જીવ આત્મહિત કરતો નથી, ને અનેકવિધ કલ્પનાઓ વડે ખરાબ કર્મોને બાંધે છે. ધન, યુવાની, જીવન–એ બંધુય અસ્થિર છે; તેને અસ્થિર જાણી, ભિન્ન જાણી તેમાં સુખની કલ્પના છોડી, હે જીવ! તું આત્મકલ્યાણ કર. જેથી તારો આત્મા ભવસાગરમાં ન ડૂબે. હથેલીમાં આવેલું આ મનુષ્યરત્ન તું નકામું ગુમાવીશ મા. સમસ્ત લૌકિક કાર્યોને નિરર્થક જાણી, દુઃખરૂપ ઇન્દ્રિયવિષયોને છોડી પરલોક સુધારવા માટે તું પરમ શ્રદ્ધાપૂર્વક જિનશાસનને સેવ ને આત્મહિત કર.

(જુઓ, પદ્મપુરાણ પર્વ ૧૧૧)

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય : સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત : ૨૮૦૦